બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


**બરકાતે ખ્વાજા** (માસિક)

**ઓક્ટોબર-૨૦૨૪**

રબીઉલ્ અવ્વલ - રબીઉલ્ આખર
હિજરી સન : ૧૪૪૬

વર્ષ : ૨૧, અંક : ૧૦, સળંગ અંક : ૨૪૯



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની વિવિધ ક્ષેત્રે સુધારણાની ખિદમતો | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 04 | અવામી ગલતફેહમી અને તેની સુધારણા | 15 |
| 05 | તઝકેરતુલ અવલિયા : હઝરત અબૂ હફસ હદ્દાદ رحمۃ اللہ علیہ | 18 |
| 06 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 22 |
| 07 | રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 25 |
| 08 | પાંચ નબવી નસીહતો | 30 |
| 09 | નૂરાનિયતે મુસ્તફા ﷺ | 35 |
| 10 | ગ્યારહવીં શરીફની શરઈ હૈસિયત | 40 |
| 11 | તઅઝીયત હઝરત સૈયદ દાદાબાપુ ક઼ાદરી | 47 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## મન્કબત દર શાને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ

અઝ : ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

તૂ હૈ વો ગ઼ૌષ કિ હર ગ઼ૌષ હૈ શૈદા તેરા
તૂ હૈ વો ગૈ઼ષ કિ હર ગૈ઼ષ હૈ પ્યાસા તેરા

સૂરજ અગલોં કે ચમકતે થે ચમક કર ડૂબે
ઉફ઼ક઼ે નૂર પે હૈ મેહ્ર હમેશા તેરા

જો વલી ક઼બ્લ થે યા બાદ હૂએ યા હોંગે
સબ અદબ રખતે હૈં દિલમેં મેરે આક઼ા તેરા

સારે અક઼તાબ જહાં કરતે હૈં ક઼અબેકા તવાફ઼
કા'બા કરતા હૈ તવાફ઼ે દરેવાલા તેરા

ઔર પરવાનેં હૈં જો હોતે હૈં કા'બે પે નિષાર
બાગકે સાઝોં મેં બજતા હૈ તરાના તેરા

કિસ ગુલિસ્તાં કો નહીં ફ઼સ્લે બહારીસે નિયાઝ
ક઼ૌન સે સિલસિલા મેં ફ઼ૈઝ ન આયા તેરા

નહીં કિસ ચાંદ કી મંઝિલમેં તેરા જલ્વએ નૂર
નહીં કિસ આઈના કે ઘરમેં ઉજાલા તેરા

રાજ કિસ શહરમેં કરતે નહીં તેરે ખુદ્દામ
બાજ કિસ નહ્રસે લેતા નહીં દરયા તેરા

મઝરએ ચિશ્તો બુખારા વ ઈરાકો અજમેર
કૌનસી કિશ્ત પર બરસા નહીં ઝાલા તેરા

દિલે અઅ્દાકો **''રઝા''** તેઝ નમક કી ધૂન હૈ
ઈક ઝરા ઔર છિડકતા રહે ખામા તેરા



## ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ ની
# વિવિધ ક્ષેત્રે સુધારણાની ખિદમતો




પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! ગ઼ૌષે પાક સરકારે બગદાદ મુહયુદ્દીન શયખ અબ્દુલક઼ાદિર જીલાની رضی اللہ عنہ ના શયદાઈઓ ! આપણે ખુશનસીબ છીએ કે અલ્લાહની, અલ્લાહના મહબૂબ બંદાઓની મહોબ્બતથી આપણા દિલો લબરેઝ છે ! અલ્હ઼મ્દુલિલ્લાહ ! આપણે બુઝુર્ગાને દીનની કરામતો તથા તેમના ખુદાદાદ અખત્યારો પર ઈમાન તથા યક઼ીન રાખનારા છીએ. ગ઼ૌષે પાક رضی اللہ عنہ ની કરામતો સાંભળીને વજ્દાની કૈફિયત આપણામાં પેદા થઈ જાય છે, આપણા દિલની કળીઓ ખીલી ઉઠે છે ! પણ કેવળ આટલી જ વાતથી આપણો ગ઼ૌષ પાક رضی اللہ عنہ સાથેની મહોબ્બતની સચ્ચાઈનો દાવો પુરવાર થશે નહીં ! જો સાચે જ આપણે સરકારે બગદાદ رضی اللہ عنہ થી મહોબ્બત કરીએ છીએ તો આપણે ગ઼ૌષ પાક رضی اللہ عنہ ના ફર્માનો જે આપણને સંબોધીને થયેલાં છે તેનો અભ્યાસ કરીને તેને દિલથી માનીને આપણી જિંદગીને તેના મુજબનો અમલી નમૂનો બનાવવો પડશે. કેવળ "ગ઼ૌષ કા દામન નહીં છોડેંગે !"ના નારાથી કામ બનશે નહીં, બલ્કે આપની હિદાયતો મુજબ આપણી જિંદગીને સમારવી પડશે તો સાચા આશિક઼ે ગ઼ૌષ કહેવાઈશું અને ફયઝાને ગ઼ૌષે આ'ઝમથી પણ માલામાલ થાશું. તો આવો ! ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ આપણી સુધારણા માટે શું ફર્માવે છે તેને જોઈએ અને તેના મુજબ જીવન જીવવા કોશિશ કરીએ.

## મુર્દા દિલ તથા પસ્તીમાં પડેલી ક઼ૌમને ગ઼ૌષપાકે બુલંદી આપી

પાંચમી છટ્ટી સદી હિજરીની તે બર્બાદીઓ જેમણે અરબ, ઈરાક, શામ અને મિસરને અસ્ત વ્યસ્ત કરી દીધાં હતાં. ઈસ્લામી જગતમાં ક઼યામતે સુગરા છવાઈ ગઈ હતી, અમ્નો અમાન રૂખસદ થઈ ચૂક્યો હતો. ચોતરફ અફરા તફરીનો આલમ હતો. સર્વ ઈસ્લામી જગત રાજનૈતિક અસ્ત વ્યસ્તતાનો શિકાર બનેલ હતો. મહાન મહાન વૈચારિક તથા ઈલ્મી સંકટો આવ્યાં અને ભલભલાના પગો ડગમગી ગયા. બગદાદ જેને ક્યારેક ઈસ્લામી જગતમાં મર્કઝિયત (કેન્દ્ર)નું સ્થાન હાંસલ હતું તેની મર્કઝિયત પસ્તી તરફ વળી ચૂકી હતી. રાજનૈતિક વિખવાદ અને સત્તાની ખેંચતાણે ગૈર વ્યવસ્થાની સ્થિતિ ખડી કરી દીધી હતી જેણે ઈસ્લામી સલ્તનતના ટુકડે ટુકડા કરી આપ્યા હતા. આવા ગંભીર માહોલમાં ફસાયેલી ક઼ૌમને પ્રગતિના શિખરે પહોંચાડવા માટે, વિખવાદોના ઘનઘોર વાદળોને વિખેરીને અખ્લાક઼ી તથા મઝહબી પસ્તીમાંથી કાઢીને અઝમત તથા બુલંદી, ઈલ્મ તથા અમલના બુલંદ મીનાર પર પહોંચાડવા, ઈમાન તથા યક઼ીનની વસંત ખીલવવા અને દીને હનીફમાં નવી જિંદગી તથા તરોતાજગી લાવવા રબ તઆલાએ હુઝૂર ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ ને જલ્વાગર કરીને મુર્દા દિલ ઈન્સાનિયત અને પસ્તીમાં સપડાયેલી ક઼ૌમને નવજીવન બખ્શવાનો સામાન પૂરો પાડયો. આપે આપના કિરદાર, આપની કરામતો તથા આપના બોધવચનો, બયાનો થકી ક઼ૌમને ઉચ્ચતા બખ્શી અને દીનને જીવંત કર્યો. આપે આપના બયાનો તથા નસીહતો થકી વિવિધ ક્ષેત્રે ઈન્કિ઼લાબી ઈસ્લાહ ફર્માવી. આવો ! કેટલાક નમૂના જોઈએ :–

www.barkatekhwaja.net

## વિવાદાસ્પદ મસાઈલમાં સખ્તી વર્તનારાઓને ચેતવણી

નાજી (નજાત પામનાર) ફિર્કા એહલે સુન્નત વ જમાઅતના ચારેવ ફિક્હી મસ્લકો હનફી, શાફઈ, માલિકી, હંબલી હક્ક તથા સત્ય અને સીધા માર્ગ પર છે. જે તેમનાથી વિમુખ થયો તે ગુમરાહ બદ્દીન છે. પણ બદ્કિસ્મતીથી બાદના દૌરમાં એ ચારેવ ઈમામોના કેટલાક મુકલ્લિદ ઉલમામાં આપસમાં ખેંચતાણ પેદા થવાનો જે માહોલ પેદા થઈ ગયો હતો, તેઓને માહોલ સામાન્ય બનાવવાની તાકીદ કરતાં ફર્માવ્યું :–

"જે બાબતોમાં ઉલમા તથા ફકીહોનો મતભેદ છે અને ઈજતેહાદની શક્યતા હોય તેનો રદ કે ઈન્કાર પણ જાઈઝ નથી. જેમ કે ઈમામ અબૂ હનીફાના મુકલ્લિદોનું તેહબંદ પહેરવું અને વલી વિના સ્ત્રીથી નિકાહ કરવું, જેમ કે હનફીઓનો મશહૂર મસ્લક છે તો ઈમામ અહમદ તથા ઈમામ શાફઈના મુકલ્લિદોના માટે એની વિરુદ્ધ અવાજ ઉઠાવવો જાઈઝ નથી. ઈમામ અહમદ ફર્માવે છે કે કોઈ ફકીહના માટે જાઈઝ નથી કે તે લોકોને પોતાના મઝહબ પ્રતિ ઉભારે અને આ બાબતમાં એમના પર સખ્તી કરે. હકીકતમાં વિરોધનો અવાજ કેવળ એ જ સ્થિતિમાં ઉઠાવવો દુરુસ્ત છે જયારે (ઉલમાના) ઈજમાઅની વિરુદ્ધ થઈ રહ્યું હોય." (ગુન્યતુત્તાલિબીન, પેજ–૧૨૭) વર્તમાનકાળમાં ફુરૂઅ મસાઈલમાં સખ્તીથી વિવાદ કરનારાઓ માટે પણ આ ફર્માન સહીહ રાહ દર્શાવનારું છે.

## ધોકેબાઝ તથા જાહિલ બનાવટી સૂફીઓની ઈસ્લાહ

એ હકીકત ચમકતા સૂરજની જેમ છે કે શરીઅતે પાકની પયરવી જ બંને જહાનની ભલાઈની જામિન, આખેરતની કામયાબીનો આધાર અને ખુદાના કુર્બ (નિકટતા)ની પ્રાપ્તિનો ઝરીયો છે. જો કોઈ શરીઅતની હદોને ઓળંગે છે તો તેણે વિલાયતની મંઝિલ પામવું તો બહુ જ દૂરની વાત છે બલ્કે ઈમાનના કમાલનો દરજો પણ નથી પામી શક્તો ! ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે : "જો શરીઅતની હદોમાંથી કોઈનામાં ખલેલ આવી જાય તો જાણી લે કે તું ફિત્નામાં પડેલો છે, બેશક ! શૈતાન તારી સાથે ખેલી રહ્યો છે." *(તબકાતે અવલિયા, ૧/૧૩૧)*

પણ કેટલાક કહેવાતા નામ માત્રના સૂફી શરીઅતથી અજાણ (બેપરવા), શરીઅતના હુકમોની હંસી મજાક ઉડાડવામાં, ઈલ્મ તથા દીનના ઉલમાની મજાક ઉડાડવામાં અને રુશ્દો હિદાયતના નામ પર બિદઅત તથા ગુમરાહી અને જેહાલત ફેલાવવામાં સક્રિય હતા. આપે એવા સૂફીઓની સખત ટીકા કરી અને ખુલ્લમ ખુલ્લા એવી બનાવટી સૂફી બનનારી જમાઅતની બુરાઈ વર્ણવી. જેમ કે પોતાની એક પાકીઝા મજલિસમાં એ નામ માત્રના સૂફીઓ પર આ પ્રમાણે પ્રહારો કર્યા છે :–

**"હે મુનાફિકો !** હે આખેરતને દુનિયાના બદલામાં વેચનારાઓ ! હે હક્કને મખ્લૂકના બદલામાં અને બાકીને ફાનીના બદલામાં વેચનારાઓ ! તમારા વેપારના કારોબારમાં નુકસાન છે અને તમારો અસલ માલ પણ નષ્ટ થઈ ગયો. તમારા પર અફસોસ કે તમે અલ્લાહના ગઝબ તથા ગુસ્સાનો પોતાને નિશાનો બનાવનાર છો, કેમ કે જે એવી ચીજથી પોતાનો બનાવ શિંગાર કરે છે જે એનામાં નથી હોતી એના પર અલ્લાહ તઆલા ગુસ્સો ફર્માવે છે ! તું મક્કારી (છેતરપિંડી) ન કર ! પોતાના જાહેરને શરીઅતના નિયમોથી અને પોતાના બાતિનને એમાંથી મખ્લૂકને કાઢી નાખીને સજાવ." *(ઈર્શાદાતે ગૌષે આ'ઝમ, પેજ–૨૪૪)*

હે ગુલામ ! તારો નિફાક ! (મુનાફિકપણુ) એ તારી ફસાહત તથા બલાગત (ઉમદા સ્પીચ) અને ચેહરાને આજિઝ બનાવી લેવાથી, તારા થીંગડાં ગાંઠી લેવાથી અને ખભાઓને સંકોચી લેવાથી અને રડવા રડાવવાથી

www.barkatekhwaja.net

ખુદાની બારગાહથી તારા હાથ કાંઈ ન આવશે. આ સર્વ વાતો તારા શૈતાની નફ્સ અને મખ્લૂક઼ને ખુદાના શરીક સમજવાથી અને તેમનાથી દુનિયા તલબીના સબબથી પેદા થઈ ગઈ છે. જરા વિચાર !

*(ઈર્શાદાતે ગ઼ૌષે આ'ઝમ, પેજ–૨૦૮)*

એક બઝ્મે આલીમાં આપે એવા ઢોંગી સૂફીઓની આ પ્રમાણે ઈસ્લાહ કરી :–

''હે ખાનક઼ાહોમાં અને ખૂણાઓમાં બેસનારાઓ ! આવો ! મારા વઅઝની વાતોમાંથી ભલે એક જ હર્ફનો પણ મજા ચાખી જાવ ! તમો મારી સોહબતમાં એક દિવસ અથવા અઠવાડિયાભર રહો જેથી તમે તમારા લાભની વાતો મારાથી શીખી લો. તમારા પર અફસોસ ! તમારામાંથી મોટાભાગના તો સરાપા હવસ જ હવસ છો ! તમે તમારી ખાનકાહોમાં બેસીને મખ્લૂક઼ની પૂજા કરતા રહો છો ! આ બાબત જેહાલતના છતાં કેવળ એકાંતોમાં બેસવાથી હાંસલ થઈ શકતી નથી, જેહાલત છોડી દો ! *(ઈર્શાદાતે ગ઼ૌષે આ'ઝમ, પેજ–૨૧૦)*

## ઉલમા તથા ઝાહિદોની ઈસ્લાહનો આકર્ષક અંદાઝ

દરેક દૌરમાં એવા ઉલમાએ સૂ (બુરા)નો વજૂદ રહ્યો છે જેઓ અમીરો તથા સુલ્તાનોની ચાપલૂસી તથા ખુશામદથી પોતાની દુનિયાને આબાદ અને આખેરતને બર્બાદ કરતા રહ્યા છે. અખંડ ભારતમાં અબુલ ફઝ્લ તથા ફૈઝી અને નંગે ખાનદાન મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વી, મુહમ્મદ ક઼ાસિમ નાનોત્વી વગેરે (દેવબંદીઓ)ને દ્દષ્ટાંતરૂપે પેશ કરી શકાય છે જેમના કારણે મુસ્લિમ ક઼ૌમ ન જાણે કેટલાય ફિત્નાઓમાં સપડાઈ ગઈ. કેટલાક એવા જ ઉલમા હુઝૂર સૈયદના ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہના યુગમાં હતા. આપે તેમને સંબોધીને બેધડકપણે તેમની આ પ્રમાણે ઈસ્લાહ કરી :–

''હે આલિમો ! હે ઝાહિદો ! તમે ક્યાં સુધી બાદશાહો તથા હાકિમોના માટે નિફાક઼ (મુનાફિક઼પણુ) વર્તતા રહેશો, જેથી તમે તેમનાથી દુનિયાનો માલ તથા ઝર, વાસનાઓ તથા લિજ્જતો હાંસલ કરતા રહો. તમે અને મોટાભાગના સમયના રાજાઓ (સત્તાધારીઓ) અલ્લાહના માલ અને તેના બંદાઓના સંબંધે જાલિમ અને ખાઈન (ખયાનત કરનારા) છો !

હે અલ્લાહ ! મુનાફિક઼ોની શૌકતને તોડી નાખ અને તેમને ઝલીલ કર ! તેમને તૌબાની તૌફીક઼ આપ અને જાલિમોના કિલ્લાને ધ્વસ્ત કરી દે. જમીનને એમનાથી પાક કરી દે અથવા તેમની સુધારણા કર. આમીન.

*(ગુન્યતુત્તાલિબીન, મુક઼દ્દમા, પેજ : ૨૧)*

## સુલ્તાનો (રાજાઓ, સત્તાધારીઓ)ની સુધારણાનો તરીક઼ો

સલ્તનત તથા સત્તાની લાલચ તથા હવસ અગણિત ખરાબીઓ તથા હરામ નાજાઈઝ બાબતોની સાથોસાથ જુલ્મો સિતમ અને જોર જુલ્મ તથા સખ્તી પણ લાવે છે. જે અમીરો તથા સુલ્તાનો સત્તાની હવસનો શિકાર બને છે તેમના માટે જુલ્મ તથા હિંસાની સર્વ હદોને તોડીને પોતાની નાકામ મંઝિલ સુધી પહોંચવું તેમની દ્દષ્ટિએ અયન ઈન્સાફ બની જાય છે. જેમ કે હુઝૂર ગ઼ૌષ પાક رضی اللہ عنہના સમયમાં પણ એવા સુલ્તાનો તથા ખલીફાઓ મૌજૂદ હતા જેમના જુલ્મ તથા બર્બરિયતના હાથે ક઼ૌમ તમાચા ખાય રહી હતી અને તેમના જોર જુલ્મનો નિશાનો બનેલી હતી. પણ આપ કોઈની શાનો શૌકત, પ્રતિષ્ઠા કે પ્રભાવ, રૂઆબ કે દબદબા અને કહેર કે હુકૂમતથી પ્રભાવિત ન થયા અને બેખૌફો ખતર એવા જાલિમ હુકમરાનોને જુલ્મો સિતમથી રોક્યા અને તેમની સુધારણા કરી. એના બારામાં અલ્લામા શતનૂફી رضی اللہ عنہએ વિવિધ બનાવો વર્ણવ્યા છે. અહીં એક બનાવ જે ઘણો જ નસીહતઆમેઝ અને

ગૈરતખેઝ છે જે રજૂ કરવામાં આવે છે. આપ ફર્માવે છે :–

"ગૌષે પાકની ખિદમતમાં બાદશાહ મુસ્તન્જિદ બિલ્લાહ અબુલ મુઝફ્ફર યૂસુફ હાજર થયો. તેણે આપને સલામ કરી અને નસીહત ચાહી. આપની સામે દસ થેલીઓ રાખી દીધી જેને દસ ગુલામોએ ઉઠાવી રાખી હતી. આપે ફર્માવ્યું, મને એમની હાજત નથી અને સ્વીકારવાથી ના પાડી દીધી. તેણે ઘણી આજીજી કરી ત્યારે આપે એક થેલી તો પોતાના જમણા હાથમાં પકડી અને બીજી ડાબા હાથમાં, અને બંનેને હાથો વડે નીચોવી તો તે લોહી બનીને વહી ગઈ ! આપે ફર્માવ્યું કે, હે અબુલ મુઝફ્ફર ! શું તમે ખુદાથી નથી ડરતા કે લોકોનુ લોહી પીઓ છો અને મારી સામે લાવો છો ?! તે બેહોશ થઈ ગયો. *(બેહજતુલ અસ્રાર, ઉર્દૂ પેજ–૧૮૭)*

એકવાર સમયના બાદશાહ મુક્તઝી લિઅમ્રિલ્લાહે કાઝી અબુલ વફા યહ્યા બિન સઈદ ઈબ્ને યહ્યા બિન મુઝફ્ફરને બગદાદનો કાઝી નિયુક્ત કર્યો. એ શખ્સ પોતાની અત્યાચારની વૃત્તિ, જુલ્મો સિતમ કરવાના લીધે "ઈબ્નુલ ઝહમ અલ્ ઝાલિમ"ના લકબથી પોકારવામાં આવતો હતો. લોકોએ હઝરત ગૌષે પાક رضی اللہ عنہને ખલીફાની પ્રજાની દુશ્મનીની ફરિયાદ કરી તો આપે જાહેરમાં મિમ્બર પરથી ખલીફાને જે આપની મજલિસમાં હાજર હતો એ રીતે ફટકાર્યો કે, "તમે મુસલમાનો પર એક એવા શખ્સને હાકિમ બનાવી દીધો છે જે "અઝલમુઝ્ ઝાલિમીન" છે ! કાલે કયામતના દિવસે એ રબ્બુલ આલમીનને જે "અર્હમુરાહિમીન" છે તેને શું જવાબ આપશો ?! આ સાંભળીને ખલીફા કાંપી ઉઠયો અને એના પર ખુદાના ખૌફથી ધ્રુજારી છવાઈ ગઈ. તેણે એ જ વખતે મઝકૂર કાઝીને કઝા (ન્યાયધીશ)ના હોદ્દાથી બરતરફ કરી આપ્યો. *(ગુન્યતુત્તાલિબીન, પેજ–૧૬)*

જાલિમોને કયામતની ભયાનકતાઓ બતાવીને તેમને જુલ્મથી દૂર રહેવા માટે એક આમ ખિતાબમાં ઈર્શાદ ફર્માવ્યો :–

"હે કૌમ ! કયામતના દિવસે દિલ તથા આંખો ઉલટ પલટ થઈ જશે. એ દિવસે પગો ડગમગવા લાગશે. મુસલમાનોમાંથી દરેક પોતાના ઈમાન તથા તકવાના કદમ પર ઉભેલો હશે. અડગપણુ ઈમાનના અંદાઝા પ્રમાણે હશે. એ દિવસે જાલિમ પોતાના હાથોને કરડી કરડી ખાશે કે શા માટે અને કેવી રીતે જુલ્મ કર્યો હતો !"

*(ઈર્શાદાતે ગૌષે આ'ઝમ, પેજ–૧૯૮)*

www.barkatekhwaja.in

## બગદાદવાસીઓને હૃદયાકર્ષક નસીહત

બગદાદે મુઅલ્લા જે કદી ઈલ્મો ફન તથા અઝમત તથા વકારનો બુલંદ મીનારો હતું. છઠ્ઠી સદીમાં તેની અઝમતનો બુલંદ મીનારો પણ જમીનબોસ થઈ ચૂક્યો હતો. તહારત તથા પાકીઝગી અને શરાફત તથા પરહેઝગારીના બદલે ફિસ્કો ફુજૂર, ગુનાહખોરી તથા નાફર્માની, ઐયાશી તથા ફહ્હાશી અને બદ્કારીનો દૌર ગુજરી રહ્યો હતો. સારાંશ કે બગદાદનો પૂરો સામાજિક નિઝામ (વ્યવસ્થા) તબાહીના ભંવરમાં ફસાઈ ચૂક્યો હતો. હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ બગદાદીઓની એશો ઈશ્રતમાં ડૂબેલી જિંદગીને તબાહી તથા બર્બાદીના તોફાનથી કાઢીને મંઝિલે મકસૂદ સુધી પહોંચાડવાની અને દરેક શક્ય તરીકાથી તેમની સુધારણાની જિદ્દો જેહદ ફર્માવી. જેમ કે ખાસ રીતે બગદાદવાસીઓને સંબોધતાં ફર્માવે છે :–

"હે બગદાદના રહેવાસીઓ ! તમારામાં નિફાક વધુ અને ઈખ્લાસ ઓછો થઈ ગયો છે ! અકવાલ (વાણી) અમલો વિના વધી ગયેલ છે, અને અમલ વિના કૌલ (વાણી, કથન) કોઈ કામનો નથી, તમારા અમલોનો મોટો હિસ્સો રૂહ વિનાનુ શરીર છે, કેમ કે રૂહ, ઈખ્લાસ તથા તૌહીદ અને સુન્નતે રસૂલુલ્લાહ (ﷺ) પર કાયમ છે.

ગફલત ન કરો ! તમારી હાલતને બદલો કે જેથી તમને માર્ગ મળે. જાગી જાવ ! હે સૂનારાઓ !"

*(ગુન્યતુત્તાલિબીન, મુકદ્દમા, પેજ–૩૧)*

એ બઝ્મે પાકમાં આપે ઈરાકવાસીઓને આ પ્રમાણે સંબોધન કર્યું : હે ઈરાકવાસીઓ ! તમે ઈલ્મ તથા બુદ્ધિના દાવેદાર છો, તમે બુદ્ધિમાન હોવાનો દાવો તો કરો છો, જો કે તમારા પર એ બાબત છુપી છે કે સાચો કોણ છે અને જૂઠો કોણ ? હક્ક પર કોણ છે અને બાતિલ પર કોણ ?!

તમને હક્ક તથા બાતિલમાં તમીઝ નથી ! તમારા જૂઠલાવવાનું નુકસાન તમારા પર પલટનારુ છે, અને મને એની પરવા નથી. ખુદાને ચાહનાર, તેની જન્નતને ચાહનાર, એની દોઝખથી ડરતો નથી, બલ્કે તે તો કેવળ તેની જાતને ચાહે છે અને તેની દૂરીથી ડરે છે. તો તું શૈતાન, નફ્સ અને વાસનાઓનો કેદી બનેલો છે અને તું કાંઈ નથી ધરાવતો, તારું દિલ કેદી છે અને તને કાંઈ ખબર નથી !" *(ઈર્શાદાતે ગૌષે આ'ઝમ, પેજ–૨૮૧)*

## મિલ્લતના નવજવાનોના નામે આપનો ઈસ્લાહી પૈગામ !

યુવાનીના યુગને દીવાનગીથી સરખાવવામાં આવેલ છે. માણસ એ મંઝિલમાં આવીને લિજ્જતો તથા હવસો, વાસનાઓની તરફ અધિક વળી જાય છે, અને ફિસ્કો ફુજૂર (ગુનાહો)નો દિલદાદા બની જાય છે, સરકાર ગૌષે પાક رضی اللہ عنہ યુવાનોના કિરદાર તથા અમલની દુરુસ્તગીને લક્ષમાં રાખીને ખાસ કરીને તેઓને સંબોધીને આદેશ આપે છે :–

"હે નવ યુવાનો ! તમે તૌબા કરો ! શું તમે અલ્લાહ તઆલાને નથી જોતા કે તે બલાથી તમારી આજમાઈશ કરે છે કે જેથી તમે તૌબા કરી લો ?! પણ તમને સમજ નથી પડતી ! અને એના ગુનાહો પર ઈસ્રાર કરો (હઠાગ્રહ) છો. આ જમાનામાં કોઈ એકાદ એવા ખાસ માણસો સિવાય જેની પણ આજમાઈશ બલાઓથી થઈ રહી છે, તેના માટે આજમાઈશ અઝાબ છે ન કે નેઅમત, ગુનાહોની સજા છે ન કે દરજાઓ તથા કરામતોમાં વધારો." *(હવાલો ઉપર મુજબ, પેજ–૨૬૦)*

"હે કૌમ ! તમે બારગાહે ખુદાવંદીમાં પોતાના નફસોને રજૂ કરવામાં અને તેમની જાંચ પડતાલમાં મોડુ ન કરો. આ બારામાં તમારા નફ્સો પર આખેરતના પહેલાં દુનિયામાં જ જલ્દી કરી લો. ઈર્શાદે નબવી છે : **અલ્લાહ તઆલા પોતાના નેક બંદાઓ પર જેમણે દુનિયામાં પરહેઝગારી કરી છે હિસાબ કરવામાં શરમાશે, હિસાબ લેશે નહીં.**

જેથી તકવો અખત્યાર કર, નહીં તો કાલે તારા ગળામાં બેઈજ્જતીની (ફજેતીની) રસ્સી હશે. તું તારા દુનિયવી અખત્યારોમાં તકવો કર, નહીં તો તારી ખ્વાહિશો દુનિયા તથા આખેરતમાં સંપૂર્ણપણે અફસોસ બની જશે. *(હવાલો ઉપર મુજબ, પેજ–૨૫૨)*

આપની આ દિલ ફેરવનારી હસીન વઅઝો અને હિક્મતભર્યા ખુત્બાઓની એ અસરો થઈ કે બગદાદ જે એશો ઈશ્રતનો ગેહવારો અને રંડી તથા મદહોશીનું બજાર બની ગયું હતું, જ્યાંના નવજવાન માલદારો અને શરીફ લોકો શરાફત તથા સયાદતના આદાબ ભૂલાવી ચૂક્યા હતા, તેઓ ખૂબ જ જલ્દી સીધા માર્ગે આવી ગયા. તેમની માદક મસ્તીઓ મંદ પડી ગઈ, હજારો લોકોએ આપના દસ્તે હક્ક પરસ્ત પર તૌબા કરી લીધી. કેવળ મુસલમાનોએ જ તૌબા નથી કરી બલ્કે સેંકડો યહૂદીઓ, તથા ઈસાઈઓએ ઈસ્લામ કબૂલ કરી લીધો. જેમ કે ઈતિહાસકારોની એના પર એકમતી છે કે બગદાદની આબાદીના મોટા હિસ્સાઓ હઝરત ગૌષે પાક رضی اللہ عنہના હાથ પર તૌબા કરી અને ખૂબ જ અધિક પ્રમાણમાં યહૂદી તથા નસારા તથા જિમ્મીઓ મુસલમાન બન્યા. *(અખ્બારુલ અખ્યાર)*

www.barkatekhwaja.net

## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

وَ هُوَ الَّذِیْۤ اَنْشَاَ جَنّٰتٍ مَّعْرُوْشٰتٍ وَّ غَیْرَ مَعْرُوْشٰتٍ وَّ النَّخْلَ وَ الزَّرْعَ مُخْتَلِفًا اُكُلُهٗ وَ الزَّیْتُوْنَ وَ الرُّمَّانَ مُتَشَابِهًا وَّ غَیْرَ مُتَشَابِهٍؕ كُلُوْا مِنْ ثَمَرِهٖۤ اِذَاۤ اَثْمَرَ وَ اٰتُوْا حَقَّهٗ یَوْمَ حَصَادِهٖ ۖؗ وَ لَا تُسْرِفُوْاؕ اِنَّهٗ لَا یُحِبُّ الْمُسْرِفِیْنَ ﴿۱۴۱﴾ وَ مِنَ الْاَنْعَامِ حَمُوْلَةً وَّ فَرْشًاؕ كُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ وَ لَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّیْطٰنِؕ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِیْنٌ ﴿۱۴۲﴾ ثَمٰنِیَةَ اَزْوَاجٍۚ مِنَ الضَّاْنِ اثْنَیْنِ وَ مِنَ الْمَعْزِ اثْنَیْنِؕ قُلْ ءٰٓالذَّكَرَیْنِ حَرَّمَ اَمِ الْاُنْثَیَیْنِ اَمَّا اشْتَمَلَتْ عَلَیْهِ اَرْحَامُ الْاُنْثَیَیْنِؕ نَبِّــٴُـوْنِیْ بِعِلْمٍ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ﴿۱۴۳﴾ وَ مِنَ الْاِبِلِ اثْنَیْنِ وَ مِنَ الْبَقَرِ اثْنَیْنِؕ قُلْ ءٰٓالذَّكَرَیْنِ حَرَّمَ اَمِ الْاُنْثَیَیْنِ اَمَّا اشْتَمَلَتْ عَلَیْهِ اَرْحَامُ الْاُنْثَیَیْنِؕ اَمْ كُنْتُمْ شُهَدَآءَ اِذْ وَصّٰىكُمُ اللّٰهُ بِهٰذَاۚ فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا لِّیُضِلَّ النَّاسَ بِغَیْرِ عِلْمٍؕ اِنَّ اللّٰهَ لَا یَهْدِی الْقَوْمَ الظّٰلِمِیْنَ ﴿۱۴۴﴾ قُلْ لَّاۤ اَجِدُ فِیْ مَاۤ اُوْحِیَ اِلَیَّ مُحَرَّمًا عَلٰى طَاعِمٍ یَّطْعَمُهٗۤ اِلَّاۤ اَنْ یَّكُوْنَ مَیْتَةً اَوْ دَمًا مَّسْفُوْحًا اَوْ لَحْمَ خِنْزِیْرٍ فَاِنَّهٗ رِجْسٌ اَوْ فِسْقًا اُهِلَّ لِغَیْرِ اللّٰهِ بِهٖۚ فَمَنِ اضْطُرَّ غَیْرَ بَاغٍ وَّ لَا عَادٍ فَاِنَّ رَبَّكَ غَفُوْرٌ رَّحِیْمٌ ﴿۱۴۵﴾ وَ عَلَى الَّذِیْنَ هَادُوْا حَرَّمْنَا كُلَّ ذِیْ ظُفُرٍۚ وَ مِنَ الْبَقَرِ وَ الْغَنَمِ حَرَّمْنَا عَلَیْهِمْ شُحُوْمَهُمَاۤ اِلَّا مَا حَمَلَتْ ظُهُوْرُهُمَاۤ اَوِ الْحَوَایَاۤ اَوْ مَا اخْتَلَطَ بِعَظْمٍؕ ذٰلِكَ جَزَیْنٰهُمْ بِبَغْیِهِمْ ۖؗ وَ اِنَّا لَصٰدِقُوْنَ ﴿۱۴۶﴾ فَاِنْ كَذَّبُوْكَ فَقُلْ رَّبُّكُمْ ذُوْ رَحْمَةٍ وَّاسِعَةٍۚ وَ لَا یُرَدُّ بَاْسُهٗ عَنِ الْقَوْمِ الْمُجْرِمِیْنَ ﴿۱۴۷﴾

### સૂરએ અનઆમની તફસીર

અને તે જ છે જેણે બનાવ્યા બગીચા, અમુક પૃથ્વી પર છવાએલા.[૬૩] અને અમુક નહિ છવાએલા. અને ખેતી જેમાં રંગ રંગનો ખોરાક અને જૈતુન અને દાડમ, કોઈ વાતમાં મળતાં[૬૪] અને કોઈમાં અલગ.[૬૫] ખાઓ તેનાં ફળ જ્યારે ફળે. અને તેનો હક આપો જે દિવસે કપાય.[૬૬] અને અસ્થાને ન ખર્ચો.[૬૭] બેશક ! અસ્થાને ખર્ચનાર તેને પસંદ નથી (૧૪૧) અને ઢોરોમાંથી અમુક ભાર વહન કરનાર અને અમુક જમીન પર પથરાએલ.[૬૮] ખાઓ તેમાંથી જે અલ્લાહે તમને રોજી આપી, અને શયતાનના પગલે ન ચાલો, બેશક ! તે તમારો ખુલ્લો દુશ્મન છે (૧૪૨) આઠ નર અને માદા, એક જોડ ઘેટાની અને એક જોડ બકરીની. તમે ફરમાવો, શું તેણે બન્ને નર હરામ કર્યા અથવા બન્ને માદા ? અથવા તે જેને બન્ને માદાઓ પેટમાં ધરાવે છે ?[૬૯] કોઈ ઈલ્મથી બતાવો જો તમે સાચા હોવ (૧૪૩) અને એક જોડ ઊંટની, ને એક જોડ ગાયની. તમે ફરમાવો, શું તેણે બન્ને નર હરામ કર્યા યા બન્ને માદા ? અથવા તે જેને બંને માદાઓ પેટમાં ધરાવેલ છે?[૭૦] શું તમે હાજર હતા જ્યારે અલ્લાહે તમને એ હુકમ આપ્યો ?[૭૧] તો તેનાથી વધીને જુલ્મી

*કોણ જે અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડે, જેથી લોકોને પોતાની જહાલત વડે ભટકાવે. બેશક ! અલ્લાહ જાલિમોને માર્ગ દેખાડતો નથી (૧૪૪) તમે કહો,[૭૨] હું નથી દેખતો તેમાં જે મારા તરફ વહી થઈ (કે) કોઈ ખાનાર પર કોઈ ખાવાની વસ્તુ હરામ (હોય),[૭૩] પણ એ મરેલું હોય, અથવા નસોનું વહેતુ લોહી,[૭૪] અથવા સુવ્વરનું માંસ, તે નાપાકી છે. અથવા તે નાફરમાનીનું જાનવર જેના ઝુબેહમાં અલ્લાહ સિવાય બીજાનું નામ પોકારાયું. તો જે લાચાર બન્યો[૭૫] ન એ કે પોતે ઈચ્છા કરે અને ન એ કે જરૂર કરતાં વધે, તો બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[૭૬] (૧૪૫) અને યહૂદીઓ પર અમે દરેક નખવાળુ જાનવર હરામ કર્યુ.[૭૭] અને ગાય તેમજ બકરીની ચરબી તેમના પર હરામ કરી, પણ જે તેમની પીઠમાં લાગેલી હોય, અથવા આંતરડાં યા હાડકાં સાથે મળેલી હોય. અમે આમ તેમની ઉદ્ધતાઈનો બદલો આપ્યો.[૭૮] અને બેશક ! અમે અવશ્ય સાચા છીએ (૧૪૬) પછી જો તેઓ તમને જૂઠાડે તો તમે કહો, તમારો રબ મહાન રહમતવાળો છે.[૭૯] અને તેનો અઝાબ ગુનેહગારો પરથી ટાળવામાં નથી આવતો[૮૦] (૧૪૭)*

## :: સમજૂતી ::

**૬૩** : અર્થાત ટેકરાઓ પર ચઢાવેલા જેમ કે દ્રાક્ષ વિગેરેના.

**૬૪** : દાખલા તરીકે રંગમાં અથવા પાંદડાઓમાં.

**૬૫** : જેમ કે સ્વાદ અને અસર કરવામાં.

**૬૬** : અર્થ એ છે કે આ વસ્તુઓ જ્યારે ફળે, તે સમયથી જ ખાવું તો તમારા માટે મુબાહ છે. અને એની ઝકાત એટલે કે દસમો ભાગ એનો સંપૂર્ણ થયા પછી વાજિબ થાય છે, જ્યારે ખેતી કાપવામાં આવે, અથવા ફળો ઉતારવામાં આવે.

**મસ્અલો** : લાકડુ, વાંસ અને ઘાસ સિવાય જમીનની બીજી પેદાશમાં જો એ પેદાશ વરસાદના પાણીથી હોય તેમાં દસમો ભાગ (ઝકાત) વાજિબ થાય છે, અને સિંચાઈના પાણીથી હોય તો એનાથી અડધું.

**૬૭** : આ'લા હઝરતે 'ઈસરાફનો' તરજુમો અસ્થાને ખર્ચ કરવાનો કર્યો છે, જે એક ઉત્તમ તર્જુમો છે. જે બધો માલ ખર્ચી કાઢયો અને પોતાના બાલ બચ્ચાંને કશું ન આપ્યું અને પોતે ફકીર બની બેઠો, તો સદીનુ કહેવું છે એ ખર્ચ અસ્થાને છે. અને સદકો કરવાથી જ હાથ રોકી લીધો તો એ પણ અસ્થાને અને ઈસરાફમાં સામેલ છે. જેવું કે સઈદ ઈબ્ને મુસય્યબ رضی اللہ عنہએ કહ્યું છે. સુફિયાનનું કથન છે કે અલ્લાહની ઈબાદત સિવાય બીજા કામમાં જે માલ ખર્ચાય તે થોડો હોય તો પણ ઈસરાફ છે, ઝહરીનું કહેવું છે કે એનો અર્થ એ છે કે, ગુનાહના કામમાં ખર્ચ ન કરો. મુજાહિદે કહ્યું છે કે અલ્લાહના હકમાં પાછી પાની કરવી ઈસ્રાફ છે અને **અબૂ કુબૈસ પર્વત જેટલું સોનું હોય અને તેને અલ્લાહના માર્ગમાં ખર્ચી કાઢો તો ઈસરાફ નથી, અને એક દમડી પણ ગુનાહના કામમાં ખર્ચો તો એ ઈસરાફ (ફુઝૂલખર્ચી) છે.**

**૬૮** : ઢોર બે પ્રકારના હોય છે, અમુક મોટાં જે વજન મૂકવાના કામમાં આવે છે, અને અમુક નાનાં જેમ કે બકરી વિગેરે જે એ લાયક નથી. એમાંથી જે અલ્લાહે હલાલ કર્યાં તે ખાઓ, અને અજ્ઞાનયુગવાળાઓની જેમ અલ્લાહની હલાલ કરેલી વસ્તુઓને હરામ ન ઠરાવો.

**૬૯** : અર્થાત અલ્લાહે ન ઘેટા બકરાનાં નર હરામ કર્યા છે ન એમની માદાઓ હરામ કરી, ન એમની ઔલાદ હરામ કરી, અને તમારું એ કામ કે કદી નર હરામ ઠરાવો કદી માદા કદી તેમનાં બચ્ચાં એ બધું તમારું ઉપજાવી કાઢેલું છે અને મનેચ્છાનુ અનુસરણ. કોઈ હલાલ વસ્તુ કોઈના હરામ કહેવાથી હરામ થતી નથી.

૭૦ : આ આયતમાં અજ્ઞાનયુગના લોકોને ચેતવણી અપાઈ છે, જેઓ પોતાની તરફથી હલાલ વસ્તુઓને હરામ ઠરાવી લેતા હતા, જેમનું વર્ણન ઉપરની આયતોમાં થઈ ચૂક્યું છે. જ્યારે ઈસ્લામમાં એહકામનું બયાન થયું ત્યારે તેમણે નબી ﷺ સાથે ઝગડો કર્યો. તેમનો પ્રવકતા માલિક બિન ઔફ જશમી હુઝૂર ﷺની સેવામાં હાજર થઈને કહેવા લાગ્યો, "હે મુહમ્મદ ! (ﷺ) અમે સાંભળ્યું છે કે તમે તે વસ્તુઓને હરામ કરો છો જેને અમારા બાપદાદાઓ કરતા આવ્યા છે ?" હુઝૂરે ફર્માવ્યું, "તમે કોઈપણ આધાર વગર જાનવરોની અમુક જાતો હરામ કરી લીધી, અને અલ્લાહ તઆલાએ આઠ નર માદા પોતાના બંદાઓના ખાવા તેમજ એમના ફાયદા માટે બનાવી, તમે ક્યાંથી તેમને હરામ કર્યા ? તેમના હરામ થવાનું નર તરફથી આવ્યું કે માદા તરફથી ?" માલિક બિન ઔફ એ સાંભળીને ચુપ અને દંગ થઈ ગયો અને કશું બોલી શક્યો નહીં. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "બોલતો કેમ નથી ?" તે કહેવા લાગ્યો "તમે ફર્માવો, હું સાંભળીશ."

સુબ્હાનલ્લાહ ! સૈયદે આલમ ﷺની વાકછટા અને વાતના પ્રભાવે જાહિલિય્યતના ખતીબને ચૂપ અને દંગ કરી નાખ્યો અને તે બોલી પણ શું શકતો હતો ? જો કહેત કે નર તરફથી હરામ થવાનું આવ્યું છે તો જરૂરી બનતે કે બધા જ નર હરામ થાય. અને કહેત કે માદા તરફથી આવ્યું છે, તો જરૂરી બનત કે દરેક માદા હરામ થાત. અને જો તે કહેત કે, જે પેટમાં છે તે હરામ છે. તો પછી બધા જ હરામ થઈ જાત, કારણ કે પેટમાં ક્યાં તો નર હશે ક્યાં તો માદા. તેઓ જે નિશ્ચિત કરી કાઢતા હતા કે અમુકને હલાલ અને અમુકને હરામ ઠરાવતા હતા, આ દલીલે તેમના હરામ હોવાના દાવાને ખોટો ઠરાવ્યો. અને એ સિવાય તેમને એ પૂછ્યું કે, "અલ્લાહે નર હરામ કર્યા છે ? અથવા માદા ? અથવા પેટમાંનાં બચ્ચાં ?" એ વસ્તુ નબુવ્વતને નહીં માનનાર વિરોધીને નબુવ્વતના સ્વીકાર પર લાચાર કરવા માટે હતું. કારણ કે જ્યાં સુધી નબુવ્વતનું માધ્યમ ન હોય ત્યાં સુધી અલ્લાહ તઆલાની મરજી અને તેની કોઈ વસ્તુ હરામ કરવી કેવી રીતે જાણી શકાય છે ? જેમ કે આગળના વાક્યએ એને સ્પષ્ટ છે.

૭૧ : જ્યારે એ વસ્તુ નથી અને નબુવ્વતનો સ્વીકાર નથી કરતા તો પછી એ હરામના હુકમને અલ્લાહ તરફ સંબંધિત કરવો જૂઠ અને ઉઘાડુ ઘડી કાઢેલું અસત્ય છે.

૭૨ : એ અજ્ઞાન મુશ્રિકોને જે હલાલ વસ્તુઓને પોતાની મનેચ્છાથી હરામ કરી લે છે.

૭૩ : આમાં ચેતવણી છે કે હરામ શરીઅતના આદેશથી થાય છે, નહીં કે પોતાની મરજીથી.

**મસ્અલો** : તો જે વસ્તુનું હરામ હોવું શરીઅતમાં વર્ણવાએલુ ન હો તેને નાજાઈઝ અને હરામ કહેવું ખોટુ છે. હરામ હોવાની સાબિતી ક્યાં તો કુર્આનની વહી દ્વારા અથવા હદીષની વહી દ્વારા એ જ વિશ્વસનીય છે. **૭૪** : તો જે લોહી વહેતું ન હોય જેમ કે કલેજુ અને તિલ્લી, તો તે હરામ નથી. **૭૫** : અને આવશ્યકતાએ તેને એ વસ્તુઓમાંથી કોઈ વસ્તુ ખાવા લાચાર બનાવ્યો, એવી પરિસ્થિતિમાં વ્યાકૂળ થઈને તેણે થોડુ ખાધુ.

**૭૬** : તેની પકડ નહીં કરે. **૭૭** : જે આંગળાં ધરાવતુ હોય, ઢોર હોય કે પક્ષી. એમાં ઊંટ અને શાહમૃગનો સમાવેશ થાય છે. (મદારિક) અમુક તફસીરકારોનું કથન છે કે અહીંયાં શાહમૃગ અને બતક અને ઊંટ ખાસ કરીને છે. **૭૮** : યહૂદીઓ પોતાની ઉધ્ધતાઈના કારણે એ વસ્તુઓથી વંચિત કરી દેવામાં આવ્યા, જેથી એ વસ્તુઓ તેમના પર હરામ રહી. અને આપણી શરીઅતમાં ગાય બકરીની ચરબી અને ઊંટ તેમજ બતક તથા શાહમૃગ હલાલ છે. એના પર જ સહાબા અને તાબેઈનની એકમતી છે. *(તફસીરે અહમદી)* **૭૯** : જૂઠાડનારાઓને મોહલત આપે છે અને શિક્ષા કરવામાં જલ્દી નથી કરતો જેથી તેમને ઈમાન લાવવાની તક સાંપડે. **૮૦** : પોતાના સમય પર આવી જ જાય છે.

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પોતાની નમાઝમાં અત્તહિય્યાત બાદ કહેતા હતા કે સારી વાત અલ્લાહની વાત છે અને સારો તરીક઼ો મુહમ્મદ صلی اللہ علیہ وسلم નો છે[૧]." (નિસાઈ)*

**૧.** એટલે કે કલામ તો અલ્લાહનું સારું છે અને તરીક઼ો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો આ'લા છે. આ પાકીઝા શબ્દો ખુત્બામાં પણ ફર્માવતા હતા અને અત્તહિય્યાત બાદ નમાઝમાં પણ ફર્માવતા હતા. પણ નમાઝમાં એમનો મક઼સદ હમ્દ તથા નઅત છે, જે ઝિક્રુલ્લાહ છે, ન કે બીજો મક઼સદ. એટલે કેમ કે અલ્લાહ તઆલા વહદહુ લા શરીક છે જેથી એનું કલામ પણ બેમિષાલ છે, અને કેમ કે તે હુઝૂર صلی اللہ علیہ وسلم બેમિષ્લ (અજોડ) છે જેથી એમનો તરીક઼ો પણ બેનઝીર છે. જેથી, આ હદીષ ફક઼ીહોના આ ફર્માનની વિરુદ્ધ નથી કે નમાઝમાં ઝિક્રુલ્લાહ સિવાયનું કોઈ ઝિક્ર નમાઝને તોડી નાખે છે, ત્યાં સુધી કે જો કુર્આની આયત ઝિક્રની નિય્યત વિના પઢે તો નમાઝ ફાસિદ થઈ જાય છે. કોઈએ મૌતની ખબર આપી, જવાબમાં કહ્યું : اِنَّا لِلّٰہِ الخ તો નમાઝ ગઈ.

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم નમાઝમાં પોતાના ચહેરાની સામે સલામ ફેરવતા પછી થોડુક જમણી કરવટ (પાસા)ની તરફ વળી જતા[૧]." (તિર્મિઝી)*

**૧.** એટલે કે પ્રથમ સલામ ખૂબ જ બુલંદ અવાજથી કહેતા, એ રીતે કે સલામ શબ્દ કિ઼બ્લા સામે ચહેરો હોય ત્યારે કહેતા પછી જમણી બાજુ એટલા ફરતા કે ગાલ મુબારકની સફેદી મુક઼તદી જોઈ લેતા. ડાબી બાજુ સલામ ધીરેથી કહેતા. અમુક ઈમામોએ આ હદીષની બિના પર ફર્માવ્યું કે નમાઝમાં કેવળ એક જ સલામ કહેવામાં આવશે. પરંતુ ફક઼ીરની આ તવજીહ (ખુલાસા)થી મસ્અલો સ્પષ્ટ થઈ ગયો. અને આ હદીષ એ હદીષોની વિરુદ્ધ નથી જેમાં બે સલામોનું વર્ણન છે.

*"હઝરત સમુરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમને નબી صلی اللہ علیہ وسلم એ હુકમ આપ્યો કે આપણે ઈમામની સલામનો જવાબ આપીએ[૧] અને આપસમાં મહોબ્બત કરીએ[૨] અને અમુક અમુકને સલામ કરે[૩]." (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે નમાઝના સલામમાં ઈમામ ફરિશ્તાઓ તથા મુક઼તદીઓને સલામ કરવાની નિય્યત કરે અને મુક઼તદી પોતાના સલામમાં ઈમામના જવાબની.

**૨.** એ રીતે કે નમાઝના સલામમાં એકબીજાને સલામ કરવાની નિય્યત કરે તો આપસમાં મહોબ્બત પેદા થાય, કેમ કે બાજમાઅત નમાઝો મુસલમાનોની મહોબ્બતનો બેહતરીન ઝરીયો છે.

**૩.** એ રીતે કે નમાઝના સલામમાં એકબીજાને સલામ કરવાની નિય્યત કરે. ઈમામ પહેલા સલામમાં જમણી બાજુના મુક઼તદીઓની અને બીજા સલામથી ડાબી બાજુવાળાઓને સલામની નિય્યત કરે. મુક઼તદી જમણી બાજુવાળા પ્રથમ

www.barkatekhwaja.net

સલામમાં પોતાની જમણી બાજુવાળાઓની નિય્યત કરે અને બીજા સલામમાં ડાબી બાજુવાળાઓ અને ઈમામની. અને ડાબી બાજુવાળા એનાથી ઉલ્ટુ કરે. યાદ રાખશો કે ઈસ્લામમાં સલામ કયાં તો ઈજાઝત લેવા માટે થાય છે અથવા મુલાકાત કે રુખસદના વખતે. આ સલામ મુલાકાતનો સલામ છે કે સર્વ નમાઝી હુકમની રીતે એકબીજા પર ગાલિબ થઈ ગયા હતા. આ આલમથી નીકળીને બીજા આલમની સૈર કરી રહ્યા હતા. એટલા માટે અહીંના હુકમો ખાવા, પીવા, ચાલવું, ફરવું, વાતચીત, સલામ સર્વ ખત્મ થઈ ચૂક્યાં હતાં. નમાઝથી ફરાગત પામીને ત્યાંથી પરત થઈને આવી રહ્યા છીએ, એકબીજાથી મળી રહ્યા છીએ, એટલા માટે સલામ કરીએ છીએ. જેથી જો દર નમાઝે કે ફજરની નમાઝ બાદ નમાઝી આપસમાં મુસાફા કરે તો જાઈઝ છે, કેમ કે આ મુલાકાતનો સમય છે. એની સંપૂર્ણ તેહકીક઼ અમારી કિતાબ જાઅલ હક્ક઼, ભાગ–૧માં જુઓ.

## બાબુઝ્ઝિક્ર બઅદસ્સલાત[1] باب الذكر بعد الصلوة

## (નમાઝ પછીના ઝિક્ર વિશે બયાન)

**૧.** આ ઝિક્રથી મુરાદ અલ્લાહની હમ્દ, દુરૂદ શરીફ તથા સર્વ દુઆઓ છે. સર્વ ઉલમાની એના પર એકમતિ છે કે નમાઝ બાદ ખૂબ ઊંચા અવાજે ઝિક્રુલ્લાહ કરવું સુન્નત છે. જેમ કે આગામી હદીષોમાં આવી રહ્યું છે. એમાં મતભેદ છે કે જે ફર્ઝોના પછી સુન્નતો છે, એના બાદ ઝિક્ર વગેરે કરે કે ન કરે, તો સહીહ એ છે કે કરે પણ ટૂંકાણમાં.

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺની નમાઝ ખત્મ થવાનું તકબીરથી ઓળખતો હતો[1]."* (મુસ્લિમ, બુખારી)

**૧.** એટલે કે હું નબુવ્વતના જમાનામાં ઘણી જ ઓછી ઉમરનો હતો એટલા માટે કદી કદી જમાઅતમાં હાજર ન થતો, પણ હુઝૂર ﷺ તથા તમામ સહાબીઓ નમાઝ બાદ એટલા ઊંચા અવાજે તકબીરો કહેતા હતા કે ઘરોમાં અવાજ પહોંચી જતો, અને અમે સમજી જતા કે નમાઝ ખત્મ થઈ ગઈ. અમુક મશાઈખ દરેક **નમાઝ બાદ મોટા અવાજે ત્રણવાર કલ્મએ તયબહ પઢે** છે. પંજાબમાં ફજર તથા ઈશા બાદ ઊંચા અવાજે દુરૂદ શરીફ પઢવામાં આવે છે. એ સૌનો માખઝ આ જ હદીષ છે. બલ્કે મુસ્લિમ શરીફમાં છે કે **નમાઝ બાદ જોરથી ઝિક્રનો હુઝૂર ﷺ તથા સહાબાએ કિરામના જમાનામાં આમ રિવાજ હતો.** એની પૂરી ચર્ચા અમારી કિતાબ જાઅલ હક્ક઼, ભાગ–૧માં જુઓ. આ હદીષ આ હદીષની વિરુદ્ધ નથી : وَاذْكُرْ رَبَّكَ فِي نَفْسِكَ تَضَرُّعًا وَّ خِيفَةً એટલા માટે કે આયતમાં ધીમા અવાજવાળી નમાઝોની તિલાવત મુરાદ છે. **અમુક લોકો કહે છે કે આ જોરથી ઝિક્ર કરવાથી એ નમાઝીઓને તકલીફ થાય છે જેઓ પોતાની છૂટેલી રકાતો પૂરી કરી રહ્યા હોય છે. પણ તેમનો આ ક઼યાસ હદીષના મુક઼ાબલામાં છે.** તેમજ એ લોકો તશરીકની તકબીરો અને હાજીની તલબિયા અને હરમ શરીફની નમાઝોમાં શું કરશે ? એ સૌમાં ઘણો શોર થાય છે.

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે સલામ ફેરવતા તો ન બેસતા પણ કેવળ એટલા પ્રમાણમાં કે કહેતા કે ઈલાહી ! તું સલામ છે અને તારાથી સલામતી છે. તું બરકતવાળો છે. હે જલાલ તથા બુઝુર્ગીવાળા[1]."* (મુસ્લિમ)

**૧.** એટલે કે નમાઝો પછી સુન્નતો હોય છે તેમાં ફર્ઝ તથા સુન્નતોની વચ્ચે વધારે ન બેસે, કેવળ એટલા પ્રમાણમાં

બેસે. આ માત્રાથી તક઼રીબી (લગભગ) માત્રા મુરાદ છે ન કે તેહક઼ીક઼ી. એટલે કે લગભગ એટલુ બેસે. જેથી આ હદીષ ન તો એ રિવાયતની વિરુદ્ધ છે કે હુઝૂર ﷺ ફજર બાદથી તુલૂએ આફતાબ સુધી મુસલ્લા પર બેસેલા રહેતા. અને ન એ હદીષોની વિરુદ્ધ છે જેમાં છે કે આપ સલામ ફેરવીને તકબીરો કહેતા અથવા ઈસ્તિગફાર પઢતા અથવા અન્ય દુઆઓ માગતા.

*"હઝરત ષૌબાન رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે પોતાની **નમાઝથી ફારિગ થતા તો ત્રણવાર ઈસ્તિગફાર પઢતા** અને કહેતા, ઈલાહી ! તું સલામ છે, તારાથી સલામતી છે. તું બરકતવાળો મુરાદ છે. હે જલાલત તથા બુઝુર્ગીવાળા[૧]." (મુસ્લિમ)*

**૧.** પ્રથમ સલામથી સલામતી આપવાવાળો મુરાદ છે. અને બીજાથી સલામતી. ઈસ્તિગફાર દુઆના આદાબમાંથી છે, એટલા માટે દુઆથી પહેલાં ઈસ્તિગફાર કરતા. આ હદીષ અગાઉ ગુજરેલી હઝરત આઈશા رضی اللہ عنہا ની હદીષોની વિરુદ્ધ નથી કે ત્યાં પણ લગભગ માત્રા મુરાદ હતી અને અહીં પણ એ જ છે. એનાથી જાણવા મળ્યું કે જે ફર્ઝો પછી સુન્નતો હોય તેમાં દુઆ ટૂંકાણમાં માગે. યાદ રાખશો કે *ઝુલજલાલ*થી મુરાદ ફાસિક઼ોથી બદલો લેનાર અને *ઈકરામ*થી મુરાદ નેકોકારોને ઈનામ આપનાર.

*"હઝરત મુગીરા ઈબ્ને શુઉબા رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ દરેક ફર્ઝ પછી ફર્માવતા હતા[૧] ખુદાના સિવાય કોઈ મઅબૂદ નથી તેનો કોઈ ભાગીદાર નથી. એનો જ મુલ્ક છે અને એના જ માટે હમ્દ. તે દરેક ચીજ પર ક઼ાદિર (શક્તિમાન) છે. ઈલાહી ! જે તું આપે તેને કોઈ રોકી નથી શકતુ અને જેને તું ન આપે, એને કોઈ આપી નથી શકતું. અને તારા મુક઼ાબલામાં માલદારને માલ નફો નથી આપતો[૨]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** ચાહે ફર્ઝોના પછી અથવા સુન્નતો વગેરેથી ફારિગ થઈને. *(મિર્કાત)* એનાથી જાણવા મળ્યું કે **સુન્નતો પણ મસ્જિદમાં પઢવી અને ફર્ઝોના ઉપરાંત સુન્નતોના બાદ પણ દુઆ માગવી સુન્નત છે.**

**૨.** એની શરહ પહેલાં વર્ણન થઈ ચૂકી છે આ અને એના જેવી અન્ય મોટી દુઆઓ અસર તથા ફજરમાં તો ફર્ઝોથી જોડાયને હતી અને ઝોહર વગેરેમાં સુન્નતો તથા નફ્લનો પછી. જેથી આ હદીષ એ અગાઉ વર્ણન થયેલી હદીષની વિરુદ્ધ નથી જેમાં હતું કે હુઝૂર ﷺ કેવળ اَللّٰھُمَّ اَنْتَ السَّلَامُ કહેતા.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે પોતાની નમાઝથી સલામ ફેરવતા[૧]. તો બુલંદ અવાજથી કહેતા કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તેનો કોઈ શરીક નથી. એનો મુલ્ક છે એના માટે હમ્દ અને તે દરેક ચીજ પર ક઼ાદિર છે. અલ્લાહના વિના ન તાક઼ત છે ન કુદરત. એના સિવાય કોઈ મઅબૂદ નથી. અમે એના સિવાય કોઈની ઈબાદત નથી કરતા. એની નેઅમત છે એનો ફઝ્લ[૨]. એની જ સર્વ તારીફ છે, અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, અમે એના માટે ખાલિસ દીન ધરાવીએ છીએ, ભલે કાફિરો નાપસંદ કરે[૩]." (મુસ્લિમ)*

**૧.** એટલે ફર્ઝ નમાઝથી જમાઅતમાં. કેમ કે ઈશ્રાક઼ તથા તહજ્જુદ વગેરે પછી ઊંચુ ઝિક્ર સુન્નત નથી. "આ'લા"થી જાણવા મળ્યું કે એ ઝિક્ર ખૂબ જ ઊંચા અવાજે થતુ હતું જે મહોલ્લાના ઘરોમાં સાંભળવામાં આવતું હતું.

**૨.** નેઅમતથી દુનિયવી નેઅમતો મુરાદ છે. અને ફઝ્લથી મુરાદ આખેરતની નેઅમતો. અથવા નેઅમતથી મુરાદ ઈબાદતોની તૌફીક છે અને ફઝ્લથી મુરાદ ક઼બૂલિયત. એટલે સર્વ મખ્લૂક઼ વાસ્તા વિના કે વાસ્તાથી જે મળ્યું તે રબથી મળ્યું. અને જેને તેણે આપ્યું તે પોતાના ફઝ્લથી આપ્યું. કોઈનો એના પર ઝાતી હક઼ નથી.

**૩.** મુખ્લીસીનમાં મુનાફિક઼ો તથા રિયાકારોની રદ છે, જો કે તેઓ આબિદ છે પણ ઈખ્લાસથી વંચિત છે. *–(ક્રમશઃ)*

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

(નજમી દારુલ ઈફતા-આમોદ)

હપ્તો : ૩૨

**૦૮. ગુઝરે હૂએ ઝમાને કે કિસી કામ કે બારેમેં જૂટી ક઼સમ ખાઈ તો ક્યા ઉસ પર ભી કફ્ફારા લાઝિમ હોગા ?**

બાઝ લોગોં મેં ઈસ તરહકી ગલતફેહમી પાઈ જાતી હૈ કે અગર કિસીને ગુઝરે હૂએ ઝમાને કે કિસી કામ કે બારે મેં જૂટી ક઼સમ ખાઈ તો ઉસ પર કફ્ફારા લાઝિમ હોગા. હાલાં કે શરઈ એઅ્તબાર સે કફ્ફારા ઉસી સૂરત મેં લાઝિમ હોતા હૈ જબ કે આઈંદા ઝમાને કે કિસી કામ કે બારે મેં ક઼સમ ખાએ ફિર ઉસે તોળ દે, વરના ગુઝરે હૂએ ઝમાને યા મૌજૂદા ઝમાને કે કિસી કામ કે બારે મેં જૂટી ક઼સમ ખાને સે શરઅન્ કફ્ફારા લાઝિમ નહીં હોતા. હાં ! યે અલગ બાત હૈ કે વોહ સખ્ત ગુનેહગાર હોગા ઔર ઉસ પર તૌબા લાઝિમ હોગી.

''બહારે શરીઅત''મેં હૈ :–

''ક઼સમ કી તીન ક઼િસ્મ હૈ : (૧) ગમૂસ (૨) લગ્વ (૩) મુન્અક઼િદા. અગર કિસી ઐસી ચીઝ કે મુતઅલ્લિક ક઼સમ ખાઈ જો હો ચૂકી હૈ યા અબ હૈ યા નહીં હૂઈ હૈ યા અબ નહીં હૈ મગર વોહ ક઼સમ જૂટી હૈ, મષલન ક઼સમ ખાઈ ફુલાં શખ્સ આયા, ઔર વોહ અબ તક નહીં આયા. યા ક઼સમ ખાઈ કે નહીં આયા, ઔર વોહ આ ગયા હૈ. યા ક઼સમ ખાઈ કે ફુલાં શખ્સ યે કામ કર હા હૈ, ઔર હક઼ીક઼તન વોહ ઉસ વક઼્ત નહીં કર રહા હૈ. યા ક઼સમ ખાઈ કે યે પથ્થર હૈ, ઔર વાક઼ેઅ મેં વહ પથ્થર નહીં. ગર્ઝ કે યે ઈસ તરહ જૂટી ક઼સમ કી દો સૂરતેં હૈ : જાન બૂઝ કર જૂટી ક઼સમ ખાઈ, યાની મષલન જિસકે આને કી નિસ્બત જૂટી ક઼સમ ખાઈ થી યે ખૂદ ભી જાનતા હૈ કે નહીં આયા હૈ, તો ઐસી ક઼સમ કો ''ગમૂસ'' કેહતે હૈં. ઔર અગર અપને ખયાલ સે તો ઉસને સચ્ચી ક઼સમ ખાઈ થી મગર હક઼ીક઼ત મેં વોહ જૂટી હૈ, મષલન જાનતા થા કે નહીં આયા ઔર ક઼સમ ખાઈ કે નહીં આયા ઔર હક઼ીક઼ત મેં વોહ આ ગયા હૈ, તો ઐસી ક઼સમ કો ''લગ્વ'' કેહતે હૈ. ઔર અગર આઈંદા કે લિયે ક઼સમ ખાઈ મષલન ખુદા કી ક઼સમ મેં યે કામ કરુંગા યા ન કરુંગા તો ઈસ કો ''મુન્અક઼િદા'' કહતે હૈં.

''ગમૂસ''મેં સખ્ત ગુનેહગાર હુવા, ઈસ્તિગફાર વ તૌબા ફર્ઝ હૈ, મગર કફ્ફારા લાઝિમ નહીં. ઔર ''લગ્વ''મેં ગુનાહ ભી નહીં. ઔર ''મુન્અક઼િદા''મેં અગર ક઼સમ તોળેગા તો કફ્ફારા દેના પળેગા ઔર બા'ઝ સૂરતોં મેં ગુનેહગાર ભી હોગા. *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફહા : ૨૯૮, ૨૯૯)*

''હદીષે પાક''મેં હૈ :–

''યમીને ગમૂસ માલ કો ખત્મ કર દેતી હૈ ઔર આબાદી કો વીરાના કર દેતી હૈ.'' *(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ : ૧૬, સફહા : ૨૯૭, હદીષ નં. ૪૬૩૭૮)*

**૦૯. એક શખ્સ દૂસરે કો ક઼સમ દિલાએ, જૈસે કહે : ''તુજે અલ્લાહ કી ક઼સમ ! તૂ ઐસા કરેગા'' તો ક્યા ઈસ સે ક઼સમ મુન્અક઼િદ હો જાએ ?**

અગર એક શખ્સ દૂસરે કો ક઼સમ દિલાએ, જૈસે કહે : ''તુજે અલ્લાહ કી ક઼સમ ! તૂ યે કામ કરેગા યા યે કામ નહીં કરેગા'' તો ઈસકે બારે મેં બહોત સે લોગોં કા માનના હૈ કે ઈસસે સામનેવાલે કી ક઼સમ મુન્અક઼િદ હો જોઅગી, અગર ચે ઉસને જવાબ મેં કુછ ભી ન કહા હો. શરીઅત કે એઅ્તબાર સે મુત્લક઼ન ઐસા નહીં હૈ કે ક઼સમ દિલાનેવાલે અલ્ફાઝ બોલ દેને સે

અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

દૂસરે શખ્સ પર ક઼સમ લાઝિમ હો જાએ, જબ કે ઉસને જવાબ મેં કુછ ભી ન કહા હો. હાં ! અગર વોહ દૂસરા શખ્સ ભી ક઼સમ કે અલ્ફાઝ બોલ દે યા ઉસે ક઼બૂલ કરતે હૂએ "હાં" યા ઉસકે મિષ્લ કોઈ ઔર લફ્ઝ કહ દે, તો અબ ઉસકે હક઼્ક઼મેં ક઼સમ હો જાએગી.

વાઝેહ રહે કે અગર યે અલ્ફાઝ બોલને સે કે "તુજે અલ્લાહ કી ક઼સમ ! તૂ યે કામ કરેગા યા યે કામ નહીં કરેગા" ક઼સમ દિલાનેવાલે કી નિય્યત ખૂદ ક઼સમ ખાના હો તો ઉસકી ક઼સમ મુન્અક઼િદ હો જાએગી, ચાહે સામનેવાલા શખ્સ જવાબ મેં કુછ કહે યા ન કહે, જૈસા કે "બહારે શરીઅત"મેં હૈ :–

"એકને દૂસરે સે કહા, ખુદા કી ક઼સમ ! તુમ યે કામ કરોગે અગર ઉસસે ખુદ ક઼સમ ખાના મુરાદ હૈ તો ક઼સમ હો ગઈ ઔર અગર ક઼સમ ખિલાના મક઼સૂદ હૈ યા ન ખૂદ ખાના મક઼સૂદ હૈ ન ખિલાના તો ક઼સમ નહીં, યાની અગર દૂસરેને ઉસ કામ કો ન કિયા તો કિસી પર કફ્ફારા નહીં.

એકને દૂસરે સે કહા : ખુદા કી ક઼સમ ! તુમ્હે યે કામ કરના હોગા, ખુદા કી ક઼સમ તુમ્હેં યે કામ કરના હોગા, દૂસરને કહા : હાં ! અગર પેહલે કા મક઼સૂદ ક઼સમ ખાના હૈ ઔર દૂસરે કા ભી હાં કેહને સે ક઼સમ ખાના મક઼સૂદ હૈ, તો દોનોં કી ક઼સમ હો ગઈ. ઔર અગર પેહેલે કા મક઼સૂદ ક઼સમ ખિલાના હૈ ઔર દૂસરે કા ક઼સમ ખાના તો દૂસરે કી ક઼સમ હો ગઈ. ઔર અગર પેહલે કા મક઼સૂદ ક઼સમ ખિલાના હૈ ઔર દૂસરે કા મક઼સૂદ હાં કેહને સે ક઼સમ ખાના નહીં, બલ્કે વઅ્દા કરના હૈ તો કિસી કી ક઼સમ ન હૂઈ." *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફહા : ૩૦૩, ૩૦૪)*

### ૧૦. દિલ મેં મન્નત કે અલ્ફાઝ સોચને સે ક્યા મન્નત હો જાતી હૈ ?

અકષર અવામ મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે દિલ મેં મન્નત કે અલ્ફાઝ સોચને સે મન્નત લાઝિમ હો જાતી હૈ, ચાહે ઝબાન મેં કુછ ભી ન કહા હો, હાલાં કે શરઅન ઐસા નહીં હૈ. શરઈ તૌર પર મન્નત લાઝિમ હોને કે મખ્સૂસ અલ્ફાઝ હૈં, જબ કોઈ શખ્સ ઉન અલ્ફાઝ કો ઝબાન સે અદા કરે ઔર દીગર શરાઈત ભી પાસે જાએં તો મન્નત લાઝિમ હોગી, ફક્ત દિલ મેં ઈરાદા કર લેને સે મન્નત લાઝિમ નહીં હોતી. ચુનાંચે "બદાઈઉસ્સસનાઈઅ્" મેં હૈ :

"رکن النذر هو الصيغة الدالة عليه وهو قوله : " لله عز شأنه علي كذا، أو علي كذا، أو هذا هدي، أو صدقة، أو مالي صدقة، أو ما أملك صدقة، ونحو ذلك ـ"(بدائع الصنائع،ج:٦،ص:٣٢١، كتاب النذر، دار الحديث، القاهرة)

યા'ની : મન્નત કા રૂકન ઔર બુન્યાદ વોહ સૈગા હૈ જો ઉસ પર દલાલત કરે, જૈસા કે કોઈ શખ્સ યે કહે કે અલ્લાહ ﷻ કે લિયે મુજ પર યે ચીઝ લાઝિમ હૈ યા મુજ પર ફુલાં ચીઝ લાઝિમ હૈ યા યે ચીઝ હદિયા યા સદક઼ા હૈ, યા મેરે લિયે સદક઼ા નિકાલના લાઝિમ હૈ, યા જો મેરી મિલ્ક મેં હૈ વોહ સદક઼ા હૈ, ઈસી કે મિષ્લ દીગર અલ્ફાઝ સે મન્નત લાઝિમ હોતી હૈ.

સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہસે સવાલ હુવા :–

"એક શખ્સને વક઼્તે શરૂ કરને રોઝગાર કે, યે ખયાલ કર લિયા કે મુજ કો જો નફા હોગા ઉસ મેં સોહલવાં હિસ્સા વાસ્તે અલ્લાહ કે નિકાલુંગા." (ઈસકે બારે મેં કયા હુકમ હૈ)

તો આપને જવાબ મેં ઈર્શાદ ફર્માયા :–

"સિર્ફ ખયાલ કર લેને સે વુજૂબ તો નહીં હોતા જબ તક ઝબાન સે નઝર (મન્નત) ન કરે, હાં ! જો નિય્યત અલ્લાહ عزوجل કે લિયે કી ઉસકા પૂરા કરના હી ચાહિયે." *(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૧૩, સફહા : ૫૯૪, રઝા ફાઉન્ડેશન, લાહોર)*

### ૧૧. મન્નત મેં ફક઼ીર ઔર જગહ કો મુતઅય્યન કર દિયા, જૈસે કહા કે : "અગર મેરા યે કામ હો ગયા તો

www.barkatekhwaja.net

**અજમેર કે ફક઼ીરોં કો ખિલાઉંગા" તો ક્યા ઉસી જગહ મન્નત પૂરી કરના ઝરૂરી હૈ ?**

અગર કિસીને મન્નત મેં ફક઼ીર ઔર જગહ કો મુતઅય્યન કર દિયા, જૈસે કહા કે : "અગર મેરા યે કામ હો ગયા તો અજમેર કે ફક઼ીરો કો ખિલાઉંગા" તો ઈસ કે બારે કેં કુછ લોગોં કા યે ખયાલ હૈ કે મન્નત પૂરી કરને કે લિયે અજમેર હી કે ફક઼ીરોં કો ખિલાના ઝરૂરી હોગા, વરના મન્નત પૂરી નહીં હોગી, યે ખયાલ શરઈ લિહાઝ સે ગલત હૈ. **શરીઅત કે એઅ્તબાર સે રૂખ્સતો ઈજાઝત હૈ કે અજમેર કે અલાવા દૂસરી જગહ કે ફક઼ીરોં કો ખિલા દે, તબ ભી મન્નત પૂરી હો જાએગી,** જૈસા કે "બહારે શરીઅત"મેં હૈ :–

"યે મન્નત માની કે જુમ્આ કે દિન ઈતને રૂપે ફુલાં ફક઼ીર કો ખૈરાત દુંગા ઔર જુમેરાત હી કો ખૈરાત કર દિયે યા ઉસકે સિવા કિસી દૂસરે ફક઼ીર કો દે દિયા મન્નત પૂરી હો ગઈ. યા'ની ખાસ ઉસી ફક઼ીર કો દેના ઝરૂર નહીં, ન જુમ્આ કે દિન દેના ઝરૂરી. **યૂંહી અગર મક્કા મુઅઝ્ઝમા યા મદીના તૈયબા કે ફુક઼રા પર ખૈરાત કરને કી મન્નત માની તો વહીં કે ફુક઼રા કો દેના ઝરૂર નહીં બલ્કે યહાં ખૈરાત કર દેને સે ભી મન્નત પૂરી હો જાએગી.** યૂંહીં અગર મન્નત મેં કહા કે યે રૂપે ફક઼ીરોં પર ખૈરાત કરુંગા તો ખાસ ઉન્હીં રૂપોં કા ખૈરાત કરના ઝરૂર નહીં, ઉતને હી દૂસરે રૂપે દે દિયે મન્નત પૂરી હો ગઈ." *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફહા : ૩૧૬)*

**૧૨. કિસી ખાસ દિન રોઝા રખને કી મન્નત માની તો કયા ઉસ મખ્સૂસ દિન હી રોઝા રખના પળેગા યા ઉસસે પેહલે ભી રખ સક્તા હૈ ?**

કિસી ખાસ દિન રોઝા રખને કી મન્નત માની તો ઉમૂમન યહી સમજા જાતા હૈ કે ઉસી મખ્સૂસ દિન રોઝા રખના પળેગા, ઉસસે પેહલે રખને કી ઈજાઝત નહીં, હાલાં કે શરઅન ઉસ મખ્સૂસ દિન સે પેહલે ભી રોઝા રખને કી ઈજાઝત હૈ ઔર ઈસ સે ભી મન્નત પૂરી હો જાએગી, ચુંનાચે "બહારે શરીઅત"મેં હૈ :–

"જુમ્આ કે દિન નમાઝ પળ્હને કી મન્નત માની ઔર જુમેરાત કો પળ્હ લી મન્નત પૂરી હો ગઈ યા'ની જિસ મન્નત મેં શર્ત ન હો ઉસમેં વક઼ત કી તઅ્યીન કા એઅ્તેબાર નહીં, યા'ની જો વક઼ત મુક઼ર્રર કિયા હૈ ઉસ સે પેહલે ભી અદા કર સકતા હૈ. ઔર જિસ મેં શર્ત હૈ ઉસ મેં ઝરૂર હૈ કે શર્ત પાઈ જાએ, બગેર શર્ત પાએ જાને કે અદા કિયા તો મન્નત પૂરી ન હૂઈ, શર્ત પાઈ જાને પર ફિર કરના પળેગા. મષલન કહા : અગર બીમાર અચ્છા હો જાએ તો દસ રૂપે ખૈરાત કરુંગા ઔર અચ્છા હોને સે પેહલે હી ખૈરાત કર દિયે તો મન્નત પૂરી ન હૂઈ, અચ્છે હોને કે બા'દ ફિર કરના પળેગા." *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફહા : ૩૧૬)*

**૧૩. ફક઼ીરોં કો હઝાર રૂપે કા ખાના ખિલાને કી મન્નત માની તો ક્યા ખિલાના હી ઝરૂરી હૈ યા પૈસે ભી દે સકતા હૈ ?**

યે એક ગલતફેહમી અવામ મેં પાઈ જાતી હૈ કે અગર ફક઼ીરોં કો ખાના ખિલાને કી મન્નત માની તો ખાના ખિલાના હી ઝરૂરી હોગા, ઉસકે બદલે મેં ઉતને પૈસે યા ઉતની ક઼ીમત કા કોઈ દૂસરા સામાન નહીં દે સકતે, યે સોચ શરીઅત કે એઅ્તબાર સે ગલત હૈ. શરઅન ખાના ખિલાને કે સાથ ઈસ બાત કી રોટી ઈજાઝત હૈ કે ઉતને પૈસે યા ઉતની ક઼ીમત કા કોઈ સામાન દે દે, જૈસા કે "બહારે શરીઅત"મેં હૈ :–

"અગર મેરા યે કામ હો જાએ તો દસ રૂપે કી રોટી ખૈરાત કરુંગા તો રોટિયોં કા ખૈરાત કરના લાઝિમ નહીં. યા'ની કોઈ દૂસરી ચીઝ ગલ્લા વગૈરા દસ રૂપે કા ખૈરાત કર સકતા હૈ ઔર યે ભી હો સક્તા હૈ કે દસ રૂપે નક઼દ કર દે દે."

*(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફહા : ૩૧૬)*

www.barkatekhwaja.net

# તઝકેરતુલ અવલિયા
## હઝરત અબૂ હફ્સ હદ્દાદ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપની ગણના અક્તાબે આલમ (દુનિયાના કુતુબો)માં થાય છે, અને આપને કોઈ વાસ્તા વિના કશ્ફ તથા મર્તબા હાંસલ થયા. તદ્ ઉપરાંત હઝરત ઉષ્માન હયરી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગ આપના ઈરાદતમંદો (મુરીદો)માં દાખલ થયા અને શાહ શુજાઅ કિર્માનીએ આપની સાથે બગદાદ જઈને ઘણા જ મહાન મર્તબાવાળા બુઝુર્ગોથી નિયાઝ رحمۃ اللہ علیہનો શરફ હાંસલ કર્યો.

**હાલાત** : યુવાનીકાળમાં આપને એક કનીઝ સાથે ઈશ્ક થઈ ગયો અને તેણીને હાંસલ કરવા માટે નીશાપુર જઈને આપે એક જાદૂગરથી મુલાકાત કરી, પણ તેણે એ શર્ત રાખી કે ચાલીસ દિવસ ઈબાદતને ત્યજીને મારી પાસે આવવું. જેથી તેની સૂચના પ્રમાણે અમલ કર્યા બાદ જ્યારે તેની પાસે પહોંચ્યા તો તેણે જાત જાતના જાદૂ કરવાનું શરૂ કર્યું પણ એક પણ સફળ ન થઈ શક્યો, અને જ્યારે તેણે કહ્યું કે આ ચાલીસ દિવસોમાં તમે જરૂર કોઈ નેક અમલ કર્યો છે ! તો આપે કહ્યું કે મેં કોઈ એવો અમલ નથી કર્યો, અલ્લત્ત ! એટલુ જરૂર થયું કે રસ્તામાં પડેલા પથ્થર વગેરે ઉઠાવીને એ નિય્યતે ફેંકી દેતો હતો કે કોઈને ઠોકર ન લાગે. આ સાંભળીને જાદૂગરે કહ્યું કે કેટલા પ્રમાણમાં અફસોસનાક છે આ વાત કે આપ એવા ખુદાની ઈબાદતથી વિમુખ છો જેણે મામૂલી સરખી નેકીને એ કબૂલિયત અતા કરી કે મારા સર્વ જાદૂ નિષ્ફળ થઈને રહી ગયા ! આપે એ જ વખતે તૌબા કરીને ખુદાની ઈબાદત શરૂ કરી આપી. અને આપને હદ્દાદ એટલા માટે કહેવામાં આવે છે કે આપ લુહાર હતા.

આપ એક દીનાર દરરોજ કમાયને રાતે ફકીરોમાં વહેંચી આપતા, અને વિધવા સ્ત્રીઓનાં ઘરોમાં છુપી રીતે ફેંકી દેતા હતા કે જેથી કોઈને ખબર ન પડી શકે, અને ખુદ ઈશાના સમયે ભીખ માગીને અથવા પડેલુ સાગપાત લાવીને રાંધી લીધા કરતા હતા, અને વરસો સુધી એ પ્રમાણે જિંદગી ગુજારતા રહ્યા. એકવાર કોઈ નાબીના આપની દુકાનની સામેથી આ આયત તિલાવત કરતો પસાર થયો : وَبَدَا لَهُمْ مِّنَ اللّٰهِ مَا لَمْ يَكُوْنُوْا يَحْتَسِبُوْنَ ''અને તેમને અલ્લાહ તરફથી તે વાત જાહેર થઈ ગઈ જે એમના ખયાલમાં ન હતી.'' (સૂ. ઝુમર, ૩૯/૪૭) આ આયત સાંભળીને એવી બેખુદી છવાઈ કે ભઠ્ઠીમાંથી ગરમ લોખંડ કાઢીને હાથ પર રાખી લીધુ અને શાગિર્દોને હુકમ આપ્યો કે આને હથોડા વડે ટીપી આપો. આ સાંભળીને શાગિર્દો આશ્ચર્યમાં પડી ગયા અને જ્યારે આપને કાંઈક હોશ આવ્યો તો દુકાનનો બધો માલ લૂટાવીને ગોશાનશીન થઈ ગયા અને ફર્માવ્યું કે મેં મારો ભેદ છુપાવવા ચાહ્યું પણ ખુદાની મરજી માલૂમ નથી પડતી.

નકલ થયેલ છે કે આપના મહોલ્લામાં કોઈ હદીષ વર્ણવ્યા કરતા હતા. અને જ્યારે મહોલ્લાવાસીઓએ આપને હદીષ સાંભળવા ચાલવાનું કહ્યું તો ફર્માવ્યું કે ત્રીસ વરસ પહેલાં એક હદીષ સાંભળી હતી અને આજ સુધી એના પર સંપૂર્ણપણે અમલ કરી ન શક્યો, તો પછી અધિક હદીષ સાંભળીને શું કરીશ ?! અને જ્યારે લોકોએ તે હદીષ પૂછી તો આપે સંભળાવી આપી કે, **''બેહતરીન મર્દે મુસલમાન તે જ છે જે એવી**

❑ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❑ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

**ચીજોને છોડી આપે જેમાં કોઈ ઈસ્લામી ફાયદો સમાયેલો ન હોય."**

એકવાર કેટલાક સાથીઓની સાથે જંગલમાં જઈને ઝિક્રે ઈલાહીમાં વ્યસ્ત થઈ ગયા તો ત્યાં એક હરણ આવીને આપના ખોળામાં આળોટવા લાગ્યું એ જોઈને આપ રડવા લાગ્યા, અને તે હરણ નાસી છૂટયું. પછી જ્યારે સાથીઓએ હરણના ખોળામાં આળોટવાનો સબબ પૂછયો તો ફર્માવ્યું કે મને એ ખયાલ આવી ગયો હતો કે જો અત્યારે ક્યાંકથી બકરી મળી જાત તો હું સાથીઓની દાવત કરતો. જેથી બકરીના બદલે આ હરણ મારા ખોળામાં આવી ગયું. પછી લોકોએ રડવાનો સબબ પૂછયો તો ફર્માવ્યું કે હરણનું આગમન મને ખુદાની બારગાહથી દૂર કરવા માટે હતું, કેમ કે જો ખુદા તઆલા ફિરઔનની ભલાઈ ચાહત તો ખુદ તેની ખ્વાહિશ પર નીલ નદી વહેતી ન કરત.

ગુસ્સાની હાલતમાં પણ આપ સુશીલ વ્યવહારથી વર્તતા અને જ્યારે ગુસ્સો ખત્મ થઈ જતો તો બીજી વાતો કરતા હતા. હઝરત ઉષ્માન હયરી رحمۃ اللہ علیہથી રિવાયત છે કે એકવાર જ્યારે આપની ખિદમતમાં પહોંચ્યા તો આપની સામે મુનક્કા (મોટી સૂકી દ્રાક્ષ) રાખેલ હતા જેથી મેં પણ તેમાંથી એક ઉઠાવીને રાખી લીધો, પણ આપે મારો ગાલ દબાવતાં પૂછયું કે તમે ઈજાઝત વિના મુનક્કા કેમ ખાધો ? મેં અર્ઝ કરી કે મને આપની દરિયાદિલીની ખબર છે કે જે કાંઈ પણ હોય છે તે આપ ફકીરોમાં વહેંચી કાઢો છો એટલા માટે મેં મુનક્કા ખાય લીધો. આપે ફર્માવ્યું કે જ્યારે મને ખુદ મારા દિલનો હાલ માલૂમ નથી તો પછી તને કેવી રીતે માલૂમ થઈ શકે છે ?!

હઝરત ઉષ્માન હયરી رحمۃ اللہ علیہ કહ્યા કરતા હતા કે એકવાર મેં અર્ઝ કરી કે હું વઅઝ કહેવાનો ઈરાદો ધરાવું છું કેમ કે મને મખ્લૂકથી એટલા પ્રમાણમાં મહોબ્બત છે કે હું એમના બદલામાં જહન્નમમાં જવાનુ પસંદ કરું છું. આપે ફર્માવ્યું કે પ્રથમ તમારા નફ્સને નસીહત કરી લો પછી મખ્લૂકને નસીહત કરજો. અને જ્યારે તમારા વઅઝમાં મોટો ઈજતેમા થવા લાગે તો ઘમંડ કદાપિ ન કરશો, કેમ કે મખ્લૂક જાહેરને અને અલ્લાહ તઆલા બાતિન (અંતર)ને જુએ છે. જેથી જે સમયે મેં જાહેર મેમ્બર પર વઅઝ કહેવાનું શરૂ કર્યું તો આપ પણ છુપાયને એક ખૂણામાં બેસી ગયા. અને વઅઝ ખત્મ થતાં જ્યારે એક શખ્સે લિબાસનો સવાલ કર્યો તો મેં મારો લિબાસ ઉતારીને આપી દીધો. એ વખતે આપે સામે આવીને ફર્માવ્યું કે, હે જૂઠા ! મિમ્બર પરથી ઉતરી જા ! કેમ કે તું તો મખ્લૂકની મહોબ્બતનો દાવેદાર છે, અને સાઈલના સવાલ પર સૌ પ્રથમ તેં તારો લિબાસ ઉતારીને આપી દીધો ! જ્યારે કે મહોબ્બતનો તકાઝો એ હતો કે અન્યોને આગળ આવવાનો મોકો આપતો કે જેથી તેઓ તારા કરતાં વધુ સવાબ હાંસલ કરી શકતા.

આપ બજાર વચ્ચે એક યહૂદીને જોતાં જ બેહોશ થઈ ગયા અને હોશ આવ્યા બાદ જ્યારે લોકોએ કારણ પૂછયું તો ફર્માવ્યું કે મેં એક શખ્સને અદ્લના લિબાસમાં અને ખુદને ફઝ્લના લિબાસમાં જોઈને મને એ ખતરો પેદા થયો કે ક્યાંક તેનો લિબાસ મને અને મારો લિબાસ તેને અતા કરી દેવામાં ન આવે ! જ્યારે હજના સફર દરમિયાન બગદાદ પહોંચ્યા તો એવી ફસાહત (ઉમદા સ્પીચ) સાથે અરબી ભાષામાં વાતચીત કરી કે એ ભાષાવાળા પણ દંગ રહી ગયા, જ્યારે કે આપ ઈરાનના રહેવાસી હતા અને અરબી ભાષાથી તદ્દન નાવાકેફ હતા. એકવાર હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہને આપે ફુતૂતનો ભાવાર્થ પૂછયો તો ફર્માવ્યું કે સારા કામને ન તો કોઈના પર જાહેર કરો અને ન પોતાની તરફ તેને સંબંધિત કરો. આપે ફર્માવ્યું કે મારી નજીક ફુતૂતનો એક ભાવાર્થ તો એ છે કે

ખુદ ઈન્સાફ કરીને બીજાથી ઈન્સાફના તાલિબ ન રહો. આ સાંભળીને હઝરત જુનેદ رحمۃ اللہ علیہએ મજલિસવાળાઓને ફર્માવ્યું કે આજથી આના પર અમલ કરો. આપે ફર્માવ્યું કે તમે પોતે પણ એના પર અમલ કરો. હઝરત જુનેદે ફર્માવ્યું કે, ખરેખર બહાદુરી આનુ નામ છે !

કોઈ પ્રભાવ (રોઅબ)ના કારણે વાત કરી શકતુ ન હતું અને એ વખત સુધી અદબભેર હાથ બાંધીને ઉભા રહેતા જ્યાં સુધી આપ બેસવાની ઈજાઝત ન આપતા. એકવાર હઝરત જુનેદ رحمۃ اللہ علیہએ કહ્યું કે આપ તો મુરીદોને શાહી આદાબથી ઓળખ કરાવો છો. આપે જવાબ આપ્યો કે જેથી સરનામુ જોઈને જ પત્રનો વિષય માલૂમ થઈ જાય. પછી આપે હઝરત જુનેદ رحمۃ اللہ علیہને કહ્યું કે ઝેરબા (એક પ્રકારનુ ખાણુ) તથા હલ્વો તૈયાર કરાવો. જેથી જ્યારે બંને ચીજો તૈયાર થઈ ગઈ તો હુકમ આપ્યો કે એક મજૂબરને માથા પર રાખીને સૂચના આપો કે જ્યાં સુધી થાકી ન જાય ત્યાં સુધી ચાલતો રહે, અને જ્યારે આગળ ચાલવાની હિંમત ન રહે તો નજીકના મકાનના દરવાજા પર અવાજ આપીને આ બંને ચીજો ત્યાં આપી આવે. જેથી આપની સૂચના પર અમલ કરતાં એક મુરીદને મજૂરની સાથે કરી આપ્યો અને જ્યારે મજૂર તદ્દન થાકી ગયો તો એક દરવાજો ખટખટાવ્યો. અંદરથી અવાજ આવ્યો કે જો ઝેરબા અને હલ્વો બંને ચીજો હોય તો હું બહાર આવું ! અને પછી અંદરથી એક વૃધ્ધ જેવા માણસ બહાર આવ્યા અને બંને ચીજો લઈ લીધી. અને જે મુરીદ મજૂરની સાથે હતા તેમણે આશ્ચર્યમાં ડૂબીને તે બુઝુર્ગથી બનાવની સ્થિતિ પૂછી. તો તેમણે કહ્યું કે કેટલાય દિવસોથી મારાં બાળકો આ બંને ખાણાની ફર્માઈશ કરી રહ્યાં હતાં પરંતું મેં અલ્લાહ તઆલાથી એટલા માટે તલબ ન કર્યું કે એ ખુદ જ મોકલી આપશે.

આપનો એક મુરીદ ખૂબ જ મોઅદ્દબ અને શિસ્તમય હતો. અને જ્યારે હઝરત જુનેદે પૂછયું કે આ કેટલા સમયથી આપની પાસે છે ? તો ફર્માવ્યું કે દસ વરસથી, અને મારી પાસે રહીને તેણે પોતાના ખુદના સિત્તેર હજાર દીનાર કરજ લઈને ખર્ચ કર્યા છે જેની હજી સુધી અદાયગી નથી થઈ શકી. પરંતું એનામાં એટલી હિંમત નથી કે મારી રાય માલૂમ કરી શકે.

બગદાદથી સફર કરવા દરમિયાન જ્યારે આપને એક જંગલમાં ક્યાંય પાણી ન મળી શક્યું તો આપ એક શહેરના કિનારે ખામોશ બેસી ગયા. એ દરમ્યાન અબૂ તુરાબ બખ્શીએ ત્યાં પહોંચીને પરેશાનીનો સબબ પૂછયો તો ફર્માવ્યું કે આજે સોળ દિવસો પછી પાણી મયસ્સર થયું છે અને આ ઈલ્મ તથા યકીનમાં મુનાઝરો થઈ રહ્યો છે. જો ઈલ્મને ગલ્બો હાંસલ થઈ ગયો તો પાણી પી લઈશ, અને જો યક઼ીન ગાલિબ આવી ગયું તો પાણી પીધા વિના આગળ રવાના થઈ જઈશ. તેમણે જવાબ આપ્યો કે આ મર્તબો તો આપ જેવા લોકોનો જ હોય શકે છે.

મક્કા મોઅઝ્ઝમામાં ફક઼ીરોની બદહાલી જોઈને આપને તેમની મદદ માટે ખયાલ આવ્યો પરંતુ પાસે એક કોડી ન હતી. જેથી આપે એક પથ્થર ઉઠાવીને અલ્લાહ તઆલાને અર્ઝ કર્યું કે જો આજે તેં મને કાંઈ ઈનાયત ન કર્યું તો કા'બાની સર્વ કંદીલો આ પથ્થર વડે તોડી નાખીશ. એ જ વખતે કોઈએ રૂપિયાથી ભરેલી થેલી પેશ કરી અને સર્વ રકમ આપે ફક઼ીરોમાં વહેંચી કાઢી. અને હજ્જથી પરવાર્યા બાદ જ્યારે બગદાદ પહોંચ્યા તો જુનેદ બગદાદી رحمۃ اللہ علیہએ સવાલ કર્યો કે મારા માટે શું તોહફો લાવ્યા છો ? ફર્માવ્યું કે એ તોહફો લાવ્યો છું કે જો કોઈ શખ્સ તમારો કુસૂરવાર હોય તો એને પોતાનો જ કસૂર ખયાલ કરો, અને જો નફ્સ એના પર સંતુષ્ઠ ન થાય તો તેને ચેતવી દો કે જો તું તારા ભાઈનો કુસૂર માફ ન કરે તો હું તને

www.barkatekhwaja.net

છોડી આપીશ અને નફ્સ સિવાય તેના કુસૂરને માફ કરાવો. તેમણે ફર્માવ્યું કે આ મર્તબા તો ખુદાએ આપને જ અતા કર્યા છે.

હઝરત શિબ્લીને ત્યાં આપ ચાર મહીના મહેમાન રહ્યા અને દરરોજ વિવિધ તરીકાઓથી આપની ઝિયાફતની વ્યવસ્થા કરવામાં આવતી હતી. પરંતું વિદાય થતી વખતે આપે તેમને કહ્યું કે જ્યારે કદીક આપ નીશાપુર આવશો તો તે વખતે હું તમને મિજબાનીના આદાબથી માહિતગાર કરી દઈશ, કેમ કે મહેમાન માટે તકલ્લુફ (Formality) બેહતર નથી, બલ્કે એવો વર્તાવ કરવો જોઈએ કે મહેમાન આવવાથી ગમ અને જવાથી ખુશી ન થાય. જેથી જ્યારે હઝરત શિબ્લી رحمۃ اللہ علیہ નિશાપુર પહોંચ્યા તો ૩૯ હઝરાત આપની સાથે હતા. એ દિવસે હઝરત અબૂ હફ્સ હદ્દાદે પોતાને ત્યાં ચાલીસ એકતાલીસ શમ્અ જલાવી. અને જ્યારે હઝરત શિબ્લીએ કહ્યું કે આ નિરર્થક તકલ્લુફ શા માટે કરી રહ્યા છો ? આપે કહ્યું, જો તમારી દષ્ટિએ આ તકલ્લુફાતમાં સામેલ છે તો સર્વ દીવાઓને બુઝાવી દો ! જેથી ખૂબ જ કોશિશ છતાં એક સિવાય કોઈ દીવો બુઝાઈ ન શક્યો. ત્યારે આપે ફર્માવ્યું કે, કેમ કે મહેમાન ખુદાનો મોકલેલો હોય છે એટલા માટે મેં ખુદાની રઝાના માટે દરેક મહેમાનના નામ પર એક શમ્અ (દીવો) સળગાવી અને એક શમ્અ મારા નામ પર સળગાવી. જેથી મારા નામની શમ્અ તો એટલા માટે બુઝાઈ ગઈ કે તે ખુદાની રઝા માટે ન હતી, બાકી ચાલીસ શમ્અ જે એના નામ પર રોશન કરવામાં આવી હતી તે ન ઓલવાય શકી, અને બગદાદમાં જે કાંઈ તકલ્લુફાત (Formalities) તમે કર્યા તે કેવળ મારા માટે હતા એટલા માટે તેને તકલ્લુફનું નામ આપવામાં આવશે, અને મેં જે કાંઈ કર્યું તે કેવળ રઝાએ ઈલાહીના માટે કર્યું એટલા માટે એને તકલ્લુફ નથી કહેવામાં આવતું.

**આપના ઈર્શાદો** : હઝરત અબૂ અલી ષક્ફીથી રિવાયત છે કે આપનો એ કૌલ હતો કે, સુન્નતની પયરવી અને ખુદને બુરો ખયાલ ન કરનાર મર્દ નથી હોતો. કોઈએ સવાલ કર્યો કે, વલીનું ખામોશ રહેવું બેહતર છે કે વાતચીત કરવું ? ફર્માવ્યું કે વાતચીત કરવું તબાહીનો સબબ છે અને ખામોશી માટે નૂહની ઉમર જરૂરી છે. ફર્માવ્યું કે દુરવેશ તે છે જે પુષ્કળ ઈબાદત કરવા છતાં પણ આજીજી પ્રદર્શિત કરતો રહે. ફર્માવ્યું કે, બેહતરીન તે લોકો જેઓ લોકો પર નવાઝિશ કરતા રહે અને ખુદ ખુદાના કરમના તલબગાર રહે અને સુન્નતની પયરવી પછી હલાલ રોજીની તલાશ કરે. ફર્માવ્યું કે, તે એક ક્ષણ ઘણી જ બેહતર છે જે ખુદા સુધી પહોંચાડી આપે. ફર્માવ્યું કે તે શખ્સ આંધળો છે જે બનાવેલી ચીજને જોઈને બનાવનારને ઓળખે છે અને બનાવનારથી બનેલી ચીજને નથી ઓળખતો. ફર્માવ્યું કે ખુદાનુ દર પકડનારાઓ પર સર્વ દર (દરવાજા) ખુલી જાય છે અને સરદારે અંબિયા હુઝૂર ﷺના અનુસરણથી સર્વ સરદારો આજ્ઞાંકિત થઈ જાય છે.

**આદત** : હઝરત મુહમશ વર્ણવે છે કે મેં ૨૨ વરસ આપની સાથે રહીને એ અંદાઝો કર્યો કે આપ કદી ગફલત સાથે ખુદાને યાદ કરતા ન હતા બલ્કે ખૂબ જ એહતેરામ તથા અઝમત સાથે યાદ કરે છે અને ખૌફે ઈલાહીથી એવા બદલાય જતા હતા જેમ કે સકરાતની હાલત છવાઈ ગઈ હોય. કોઈએ આપને સવાલ કર્યો કે આપ ખુદા તરફ કેમ ધ્યાનિત થાવ છો ? ફર્માવ્યું, જેવી રીતે મોહતાજ દોલતમંદ તરફ રુજૂઅ કરે છે. અબ્દુલ્લાહ સલ્લમીએ લોકોને આ હિદાયત કરી હતી કે મારુ માથુ અબૂ હફ્સ હદ્દાદના કદમોમાં રાખી દેજો.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**

**ગ્રાહક બનો અને બનાવો !**

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૨૦

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**મસ્અલા–૧૬** : બાદશાહને સલામ કરવાના કારણે સજદો કરવો અથવા તેની સામે જમીનને બોસો આપવો કુફ્ર નથી પરંતું તે ગુનેહગાર થયો અને ઈબાદતના તરીકા પર સજદો કર્યો તો કુફ્ર છે. આલિમની પાસે આવવાવાળો પણ જો જમીનને બોસો આપે એ પણ નાજાઈઝ તથા ગુનોહ છે. કરવાવાળો અને તેના પર રાજી થનાર બંનેવ ગુનેહગાર છે. *(આલમગીરી)*

**મસ્અલા–૧૭** : મુલાકાતના સમયે ઝુકવું મના છે. *(આલમગીરી)* એટલે કે એટલુ ઝુકવું કે રુકૂઅની હદ સુધી પહોંચી જાય.

**મસ્અલા–૧૮** : આવનારની તાઝીમ માટે ઉભુ થવું જાઈઝ બલ્કે મુસ્તહબ છે. જ્યારે કે એવા શખ્સ માટે ઉભુ થવું કે જે તાઝીમના પાત્ર હોય. દા.ત. આલિમે દીનની તાઝીમ માટે ઉભા થવું. કોઈ શખ્સ મસ્જિદમાં બેઠો છે અથવા કુર્આન મજીદ પઢી રહ્યો છે અને એવો શખ્સ આવી ગયો કે જેની તાઝીમ કરવી જોઈએ તો આ હાલતમાં પણ તાઝીમ કરવા ઉભો થઈ શકે છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૧૯** : જે શખ્સ એવું પસંદ કરે છે કે લોકો મારા માટે ઉભા થાય, તેની આ વાત નાપસંદ અને ખરાબ છે (રદ્દુલ મુહતાર) હદીષોમાં આવા જ ઉભા થવાની મનાઈ આવી છે. અથવા તે ઉભા થવાને ખરાબ હોવાનું બતાવવામાં આવ્યું છે જે અરબ સિવાયના દેશોમાં રિવાજ છે કે બાદશાહો બેઠા હોય છે અને તેની આજુબાજુ તાઝીમના કારણે લોકો ઉભા રહેતા હોય છે. આવવાવાળા માટે ઉભા થવું આ મના ક઼યામમાં દાખલ નથી. મીલાદ શરીફ માટે ઉભા થવાની મનાઈ માટે એ હદીષોથી દલીલ લાવવી જહાલત છે.

**મસ્અલા–૨૦** : જ્યારે એવો અંદેશો હોય કે જો તેની તાઝીમ માટે ઉભા નહીં થાય તો તેના દિલમાં બુગ્ઝ કે દુશ્મની પેદા થઈ જશે, ખાસ કરીને એવી જગ્યાએ જ્યાં ઉભા રહેવાનો રિવાજ હોય છે, તો ઉભું થવું જોઈએ. કેમ કે મુસલમાનને બુગ્ઝ વ દુશ્મનીથી બચાવવામાં આવે. *(રદ્દુલ મુહતાર)*

## છીક અને જમાહી (બગાસુ)નું બયાન

**હદીષ–૧** : સહીહ બુખારીમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું,

અલ્લાહ તઆલાને છીંક પસંદ છે પરંતું જમાહી (બગાસુ) નાપસંદ છે. જ્યારે કે કોઈ શખ્સ છીંકે અને اَلْحَمْدُ لِلّٰہ કહે તો જે મુસલમાન તેને સાંભળે તેના પર હક છે કે یَرْحَمُکَ اللّٰہ કહે. અને બગાસુ શૈતાન તરફથી છે, જ્યારે કોઈને બગાસુ આવે તો જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી તેને દૂર કરે, કારણ કે જ્યારે બગાસુ લે છે ત્યારે શૈતાન હસે છે એટલે કે ખુશ થાય છે કારણ કે આ સુસ્તી અને ગફલતની દલીલ છે. અને આવી વસ્તુને શૈતાન પસંદ કરે છે. અને સહીહ મુસ્લિમની રિવાયતમાં છે કે જ્યારે તે "હા" કહે છે તો શૈતાન હસે છે. *(સહીહ બુખારી)*

**હદીષ-ર** : સહીહ બુખારીમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે કોઈને છીંક આવે તો اَلْحَمْدُ لِلّٰہ કહે અને તેનો ભાઈ અથવા સાથવાળા یَرْحَمُکَ اللّٰہ કહે. જ્યારે આ یَرْحَمُکَ اللّٰہ કહી દે તો છીંકનાર તેના જવાબમાં یَھْدِیْکُمُ اللّٰہُ وَیُصْلِحُ بَالَکُمْ۔ કહે. તિર્મિઝી અને દારમીની રિવાયતમાં અબૂ ઐયૂબ رضی اللہ عنہથી છે કે જ્યારે છીંક આવે તો કહે اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی کُلِّ حَال

**હદીષ-૩** : તબરાનીએ અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે કોઈને છીંક આવે તો اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعَالَمِیْنَ કહે.

**હદીષ-૪** : તબરાનીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે કોઈને છીંક આવે અને اَلْحَمْدُ لِلّٰہ કહે તો ફરિશ્તાઓ કહે છે رَبِّ الْعَالَمِیْنَ અને તે رَبِّ الْعَالَمِیْنَ કહે છે તો ફરિશ્તાઓ **રહિમકલ્લાહ** કહે છે.

**હદીષ-પ** : તિર્મિઝીએ નાફેઅથી રિવાયત કરી કે એક શખ્સને ઈબ્ને ઉમર رضی اللہ عنہની પાસે છીંક આવી તેણે કહ્યું اَلْحَمْدُ لِلّٰہِ وَالسَّلَامُ عَلٰی رَسُوْلِ اللّٰہ ઈબ્ને ઉમરે ફર્માવ્યું, આ તો હું પણ કહું છું કે اَلْحَمْدُ لِلّٰہِ وَالسَّلَامُ عَلٰی رَسُوْلِ اللّٰہ પરંતુ તેની આ કહેવાની જગ્યા નથી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ અમને આ તાલીમ નથી આપી, અમને તાલીમ આપી છે કે આ મોકા પર اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی کُلِّ حَال કહે.

**હદીષ-૬** : તિર્મિઝી વ અબૂ દાઊદે બિલાલ બિન યસાફથી રિવાયત કરી. કહે છે, અમે સાલિમ બિન ઉબૈદની પાસે હતા. એક શખ્સને છીંક આવી તો તેણે કહ્યું **અસ્સલામુ અલયકુમ.** સાલિમ બિન ઉબૈદે કહ્યું **વ અલયક વ અલા ઉમ્મિક.** તેનો એને રંજ થયો (કે મને આવો જવાબ કેમ આપ્યો ?!) અબૂ દાઊદની રિવાયતમાં છે કે તેણે કહ્યું, મારી માને આપે યાદ ન કરી હોત, ન સારી રીતે ન ખરાબ રીતે તો સારું થાત. સાલિમે કહ્યું. મેં કહ્યું, જે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું હતું. નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની પાસે એક શખ્સને છીંક આવી તેણે કહ્યું **અસ્સલામુ અલયકુમ.** હુઝૂરે ફર્માવ્યું, **વ અલયક વઅલાઉમ્મિક** જ્યારે કોઈને છીંક આવે તો કહે **અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન** અને જવાબ આપવાવાળો કહે یَرْحَمُکَ اللّٰہ અને તે કહે **યગફિરુલ્લાહ લી વલકુમ.**

**હદીષ-૭** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અનસ رضی اللہ عنہથી રિવાયત છે કહે છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની પાસે બે શખ્સોને છીંક આવી. આપે એકને જવાબ આપ્યો , બીજાને ન આપ્યો. તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેને જવાબ આપ્યો અને મને ન આપ્યો ! ઈર્શાદ ફર્માવ્યું, એણે اَلْحَمْدُ لِلّٰہ કહ્યું અને તેં એવું ન કહ્યું.

**હદીષ-૮** : સહીહ મુસ્લિમમાં અબૂ મૂસા رضی اللہ عنہથી મરવી છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને

ફર્માવતાં સાંભળ્યું કે જયારે કોઈ છીંકે અને **અલ્હ઼મ્દુલિલ્લાહ** કહે તો એને જવાબ આપો અને **અલ્હ઼મ્દુલિલ્લાહ** ન કહે તો જવાબ ન આપો.

**હદીષ-૯** : સહીહ મુસ્લિમમાં સલમા બિન અકૂઅ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺની પાસે એક શખ્સને છીંક આવી તો હુઝૂરે તેના જવાબમાં **યરહ઼મુકલ્લાહ** કહ્યું. પછી બીજી વખત છીંક આવી તો હુઝૂરે ફર્માવ્યું, તેને શરદી થઈ ગઈ છે. અને તિર્મિઝીની રિવાયતમાં છે કે ત્રીજી વખત છીંક આવી હુઝૂરે તે જ ફર્માવ્યું એટલે કે જયારે વારંવાર છીંક આવે તો જવાબની જરૂરત નથી.

**હદીષ-૧૦** : તિર્મિઝી વ અબૂ દાઊદે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺને છીંક આવતી તો મોઢાને હાથ અથવા કપડાંથી ઢાંકી લેતા અને અવાજ ધીમો કરતા.

**હદીષ-૧૧** : સહીહ મુસ્લિમમાં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે જયારે કોઈને બગાસુ આવે તો મોઢા પર હાથ મૂકી દે કારણ કે શૈતાન મોઢામાં ઘુસી જાય છે.

**હદીષ-૧૨** : તબરાની અવસતમાં અનસ رضی اللہ عنہથી રાવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સાચી વાત એ છે કે આ સમયે છીંક આવી જાય. અને હકીમની રિવાયતમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી છે કે જયારે કોઈ વાત કરવામાં આવે અને છીંક આવી જાય તો તે સાચી છે. અને અબૂ નુએમની રિવાયત તેમનાથી જ છે કે દુઆના સમયે છીંક આવી જવી સાચી ગવાહી છે.

**હદીષ-૧૩** : બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં ઉબાદહ બિન સામિત વ શદ્દાદ બિન અવસ તથા વાષિલા رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફમાવ્યું, જયારે કોઈને ડકાર (ઓડકારો) અથવા છીંક આવે તો અવાજ બુલંદ ન કરે કે શૈતાનને આ વાત પસંદ છે કે આમાં અવાજ બુલંદ કરવામાં આવે.

**મસ્અલા-૧** : છીંકનો જવાબ આપવો વાજિબ છે જયારે કે છીંકવાળો **અલ્હ઼મ્દુલિલ્લાહ** કહે. અને તેનો જવાબ પણ તરત જ આપો અને એ રીતે જવાબ આપવો કે તે સાંભળી લે વાજિબ છે. જે રીતે સલામના જવાબમાં છે અહીં પણ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા-૨** : છીંકનો જવાબ એકવાર વાજિબ છે. બીજીવાર છીંક આવી અને તેણે اَلْحَمْدُ لِلّٰه કહ્યું તો બીજીવાર જવાબ આપવો વાજિબ નથી, બલ્કે મુસ્તહબ છે. *(આલમગીરી)*

**મસ્અલા-૩** : જેને છીંક આવે તેણે اَلْحَمْدُ لِلّٰه કહેવું જોઈએ અને સારું એ છે કે اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ કહે જયારે તેણે اَلْحَمْدُ لِلّٰه કહ્યું તો સાંભળનારને પણ તેનો જવાબ આપવો વાજિબ છે, અને હમ્દ ન કરે તો જવાબ નથી. એક મજલિસમાં વારંવાર છીંક આવી તો ફક્ત ત્રણ વખત જવાબ આપવાનો છે ત્યાર પછી તેની મરજી છે કે જવાબ આપે કે ન આપે.

*(બઝ્ઝાઝિયા)*

**મસ્અલા-૪** : જેને છીંક આવે તે આવું કહે اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ અથવા اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ અને તેના જવાબમાં બીજો શખ્સ આ કહે يَرْحَمُكَ الله પછી છીંકવાવાળો કહે يَغْفِرُ اللهُ لَنَا وَلَكُمْ- અથવા કહે يَهْدِيْكُمُ اللهُ وَيُصْلِحُ بَالَكُمْ- તેના સિવાય બીજી વાત ન કહે. *(આલમગીરી)*

**મસ્અલા-૫** : સ્ત્રીને છીંક આવી અને તે વૃદ્ધ છે તો પુરુષ તેનો જવાબ આપે અને યુવાન છે તો એ રીતે જવાબ આપે કે તે ન સાંભળે. પુરુષને છીંક આવી અને સ્ત્રીએ જવાબ આપ્યો, જો યુવાન છે તો પુરુષ તેનો જવાબ પોતાના દિલમાં આપે વધુ પેજ ૩૯ પર.

મસ્અલા-૭

# રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ તથા કિતાબ સુન્નતની-રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## ★ ખાસ તથા વિભાગીય (જુઝઈ) હદીષ ★

હુઝૂર સૈયદે આલમ ﷺએ અમુક ખાસ ખાસ બનાવો અને વિભાગીય બાબતોમાં ખૂબ જ અધિક પ્રમાણમાં ગયબની ખબરો આપી છે, જેમાં ભૂતકાળની ખબરો પણ છે અને વર્તમાન તથા ભવિષ્યની પણ છે, પીઠ પાછળની ખબરો પણ છે, અને કબરોમાં ઉપસ્થિત થનારા હાલતો અને દિલોના રાઝો પણ, ત્યાં સુધી કે કોણ શહીદ થશે અને કોણ જન્નતી, અને કોનો ખાત્મો ખૈર સાથે થશે અને કોણ બુરી મૌત મરશે, આ સર્વ ગયબોની ખબરો સહીહ હદીષોમાં મૌજૂદ છે, અને સર્વ ઉપર જણાવેલી ઉમૂમી તથા કુલ્લી હદીષોને સમર્થન પૂર્ણ પાડે છે આ પ્રકારની હદીષ અગણિત છે. અમે આ ટૂંકા લેખમાં સૌને સમાવી નથી શકતા, તેમ છતાં અમુક હદીષો વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ :

**હદીષ-૧૨ :** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે કે નબી કરીમ ﷺ એક દિવસ આમ મજમામાં મૌજૂદ હતા કે એવામાં એક શખ્સે ખિદમતમાં હાજર થઈને આ સવાલ કર્યો કે, ''ક્યામત ક્યારે આવશે ?'' તો આપે જવાબ આપ્યો કે, ''મને પ્રશ્નકર્તા કરતાં વધુ ક્યામતનો ઈલ્મ નથી.''

પછી તે શખ્સ પરત થયો, તો હુઝૂર ﷺએ તરત જ હુકમ આપ્યો કે એને પરત લાવો ! પણ તેમને કાંઈ પણ નજર ન આવ્યું. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, એ જિબ્રઈલ علیہ السلام હતા જે લોકોને દીન શીખવાડવા માટે તશરીફ લાવ્યા હતા. *(સહીહુલ બુખારી, ૧/૧૪૪... મજલિસે બરકાત, મુબારકપુર)*

સરકાર ﷺના પુખ્તા જવાબમાં વિચારણા કરો ! આપ એવું નથી કહી રહ્યા કે, ''મને ક્યામતના સમયનો ઈલ્મ નથી'' બલ્કે એવું કહી રહ્યા છે કે, ''ક્યામતના બારામાં મને સાઈલ કરતાં વધુ ઈલ્મ નથી.'' એનો સાર બીજા શબ્દોમાં એ છે કે ક્યામતના સમયના બારામાં જે ઈલ્મ આપને પ્રાપ્ત છે તે જ મને પણ પ્રાપ્ત છે, એનાથી વધુ મને ઈલ્મ નથી.

અને આપને ખબર છે કે ક્યામતનો સમય બતાવવાથી નિર્દેશ રૂપે મના કરી આપ્યું છે, એ જ મને પણ ખબર છે, એ ખુદાએ અલ્લામુલ ગુયૂબનું છુપુ રહસ્ય છે જેને પ્રદર્શિત કરવું શાને નબુવ્વતના યોગ્ય નથી.

આ હૈસિયતથી જોવામાં આવે તો આ હદીષ હુઝૂર સૈયદે આલમ ﷺના ક્યામતના ઈલ્મની દલીલ છે, પણ આ એક રહસ્ય છુપુ હતું એટલા માટે ક્યામતના સમયથી લોકોને માહિતગાર નથી કર્યા. હા ! ક્યામતનો ઝાતી ઈલ્મ કેવળ અલ્લાહ તઆલા પાસે છે, અને અલ્લાહની અતાથી રસૂલુલ્લાહ ﷺને પણ હાંસલ છે, જેવું કે આપના ઈર્શાદોથી સાબિત થાય છે. જેનું વિગતવાર વર્ણન ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબ 'અદ્દવલતુલ મક્કિયા'' અને ''અલ ફુયૂઝાતિલ મક્કિયા''માં છે.

**હદીષ-૧૩ : સરકાર ﷺએ ખૂબ જ અધિક પ્રમાણમાં ક્યામતની નિશાનીઓ વર્ણવીને એક હદ સુધી ક્યામતના સમયથી માહિતગાર કરી આપ્યા :**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ

www.barkateraza.net

رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે :–

★ "મારી ઉમ્મતમાં દજ્જાલ નીકળશે જે ચાલીસ... સુધી રોકાશે." હું નથી જાણતો કે, આપે ચાલીસ દિવસ ફર્માવ્યું કે ચાલીસ મહીના કે ચાલીસ વરસ.

★ પછી અલ્લાહ તઆલા હઝરત ઈસા ઈબ્ને મરયમ علیہ السلامને જે ઉરવા ઈબ્ને ષકફીના મુશાબિહ (મલતા જુલતા) હશે (આસ્માનથી) મોકલશે, તે દજ્જાલને શોધીને મારી નાખશે. પછી લોકો સાત વરસ સુધી (એવા ખુશગવાર માહોલમાં) રહેશે કે બે માણસો વચ્ચે કોઈ અદાવત નહીં હોય.

★ પછી અલ્લાહ عزوجل શામ તરફથી એક ઠંડી હવા મોકલશે જે પૃથ્વીના પટ પર રહેનારા એવા સર્વ લોકોની રૂહ કૃબ્ઝ કરશે જેના દિલમાં રજકણ બરાબર ભલાઈ તથા ઈમાન હશે.

હદીષના રાવી કહે છે કે મેં આ સર્વ વાતો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી સાંભળી છે. સરકાર صلی اللہ علیہ وسلمએ વધુમાં ફર્માવ્યું કે, "પછી બુરા લોકો રહી જશે જેઓ ચકલીઓ જેમ ઉતાવળા અને જંગલી જાનવરો જેવા ગુણવાળા, બુધ્ધિહિન હશે. તેઓ ન કોઈ સારી વાત સારી સમજશે અને ન બુરી વાતને બુરી.

★ પછી કૃયામતનું સૂર ફૂંકવામાં આવશે."

*(સહીહ મુસ્લિમ, ૨/૪૦૩, મજલિસે બરકાત)*

**હદીષ–૧૪ :** હઝરત નવાસ બિન સમ્આન કલાબી رضی اللہ عنہએ કૃયામતની નિશાનીઓની જે તફસીલ હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمના હવાલાથી વર્ણવી છે એમાં "ચાલીસ દિવસ"નું સ્પષ્ટ વર્ણન મૌજૂદ છે. તે ફર્માવે છે :–

અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم એ જમીનમાં ક્યાં સુધી રહેશે ? તો આપે ફર્માવ્યું, ચાલીસ દિવસ. (તેનો) એક દિવસ સાલભર જેટલો હશે. એક દિવસ એક મહીના જેટલો, અને એક દિવસ એક અઠવાડિયા બરાબર. અને બાકી દિવસો તમારા સામાન્ય દિવસો બરાબર હશે. *(સહીહ મુસ્લિમ, ૨/૪૦૧, મજલિસે બરકાત)*

હઝરત નવાસ ઈબ્ને સમ્આનની હદીષનો આખરી ટુકડો આ પ્રમાણે છે : "અલ્લાહ એક પાકીઝા હવા મોકલશે જે એમની બગલો નીચેથી નીકળશે અને દરેક મો'મિન તથા મુસ્લિમની રૂહ કૃબ્ઝ કરી લેશે, અને બદતરીન લોકો રહી જશે જેઓ ગધેડાં જેમ સંભોગ કરશે તો એમના પર કૃયામત કાયમ થશે. *(સહીહ મુસ્લિમ, ૨/૪૦૪, મજલિસે બરકાત)*

આ હદીષોમાં કૃયામતની નિશાનીઓનો ક્રમ ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં આ વર્ણવવામાં આવ્યો :

**(અ) દજ્જાલનું નીકળવું :** એ આપણા દિવસોના લેહાઝથી એક વરસ, બે મહીના, ચૌદ દિવસ આ જમીન પર રહેશે.

**(બ) હઝરત ઈસા علیہ السلامનું આસ્માનથી ઉતરાણ :** આપ દજ્જાલનો પીછો કરીને તેને મૌતના ઘાટ ઉતારશે.

**(ક) પછી સાત વરસો પછી :** અલ્લાહ તઆલા તે ઠંડી તથા પાકીઝા હવા મોકલશે જે દરેક ઈમાનવાળાની રૂહને કૃબ્ઝ કરી લેશે અને પૃથ્વીના પટ પર કેવળ બદતરીન લોકો રહી જશે, ક્યાંય કોઈ અલ્લાહ, અલ્લાહ કહેનાર હશે નહીં.

**(ડ) પછી સૂર ફૂંકવામાં આવશે :** અને એ બદતરીન લોકો પર કૃયામત કૃાયમ થશે. હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمના ઈર્શાદો ઉઘાડા દિવસની જેમ પુરવાર કરે છે કે હજી ઈસ્લામ ઝિંદા છે, હજી ઈમાન બાકી છે.

એ હવા તો ત્યારે ચાલશે જ્યારે કૃયામત ખૂબ જ નજીક આવી ચૂકી હશે અને એનાથી પહેલાં દજ્જાલ નીકળી ચૂક્યો હશે અને હઝરત ઈસા علیہ السلام આસ્માનથી તશરીફ લાવીને તેને હલાક (ખત્મ) કરી ચૂક્યા હશે.

www.barkatekhwaja.net

આખી દુનિયા યકીન રાખે છે કે હજી ન એ દજ્જાલે અકબર આવ્યો, ન હઝરત ઈસા علیہ السلام આવ્યા.

**વહાબીઓના ઈમામના મુજબ તે હવા ચાલી ચૂકી જે દરેક મો'મિન તથા મુસ્લિમ રૂહ કૃબ્ઝ કરી લેશે :**

પણ વહાબી ફિર્કાના ઈમામ (ઈસ્માઈલ દહેલ્વી)ના મુજબ તે હવા ઘણા પહેલાં ચાલી ચૂકી. જેમ કે તે લખે છે :

''પછી અલ્લાહ પોતે જ એક એવી હવા મોકલશે કે સર્વ સારા બંદા જેમના દિલમાં થોડુ સરખુ પણ ઈમાન હશે તે મરી જશે અને તે જ લોકો રહી જશે કે જેમનામાં કાંઈ ભલાઈ નથી... જેથી પયગંબરે ખુદાના ફર્માવ્યા મુજબ થયું.

*(તક્વિયતુલ ઈમાન, પેજ–૩૮, રાશિદ કંપની, દેવબંદ)*

**★ પયગંબરે ખુદાના ફર્માન મુજબ થયું ! ★**

એનો મતલબ સાફ સાફ એ જ છે કે એ હવા ચાલી ચૂકી, સર્વ મુસલમાન દુનિયાથી ઉઠાવી લેવામાં આવ્યા અને પૃથ્વીના પટ પર કેવળ કાફિરો જ રહી ગયા ! એ પણ ખયાલ ન રહ્યો કે જ્યારે સર્વ મુસલમાન ઉઠાવી લેવામાં આવ્યા અને કેવળ કાફિર રહી ગયા તો ખુદ જનાબ (ઈસ્માઈલ દહેલ્વી) તો એમનામાં જ થયા !

આ છે ફિર્કાએ હદીષના ઈમામની હદીષની સમજ ! અને મઝહબ તથા એતેકાદ (અકીદો) જે વિના શંકાએ હદીષે નબવીની વિરૂધ્ધ છે. ખૈર ! આ તો એક વાતને લગતી ચર્ચા હતી, અમે તો આ નબવી હદીષોથી એ સ્પષ્ટ કરવા ચાહીએ છીએ કે :–

હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم ને અલ્લાહ તઆલાએ ગયબી ઈલ્મો અતા કર્યા છે. એ હદીષોમાં જ ગયબી ખબરોનો ઉલ્લેખ છે એમનાથી અમુક આ છે :–

(૧) કયામત આવવાથી પહેલાં દજ્જાલનું નીકળવું.

(૨) તે ચાલીસ દિવસ સુધી આ પૃથ્વીના પટ પર રહેશે.

(૩ થી ૬) તેનો એક દિસ વરસભરનો, બીજો દિવસ એક મહીનાનો, ત્રીજો દિવસ એક અઠવાડિયાનો, અને બાકી દિવસો સામાન્ય નિયમ મુજબના.

(૭) ત્યારબાદ આસ્માનથી હઝરત સૈયદના ઈસા علیہ السلام તશરીફ લાવશે.

(૮) આપ علیہ السلام દજ્જાલનો પીછો કરીને તેને ખતમ કરી દેશે.

(૯) ત્યારબાદ સાત વરસનો જમાનો ઘણા જ અમ્ન તથા મહોબ્બત તથા સુકૂનનો જમાનો હશે.

(૧૦) પછી એક પાકીઝા, ઠંડી હવા ચાલશે જેનાથી તમામ ઈમાનવાળાઓ દુનિયાથી ઉઠાવી લેવામાં આવશે.

(૧૧) જમીન પર કેવળ બુરા લોકો રહી જશે.

(૧૨) પછી તેમના પર કયામત કાયમ થશે.

હદીષ અમે ટૂંકાણમાં નકલ કરી છે, પૂરી હદીષમાં અધિક વધુ ગયબી ખબરો છે, એ ગયબી ખબરોના આધારે અમે એ જ માનીએ છીએ કે હુઝૂર صلی اللہ علیہ وسلم અલ્લાહની અતાથી ગયબોના જાણનાર છે.

આ હદીષમાં હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم એ કયામતની નિશાનીઓ જે ક્રમસર વર્ણવી છે એનાથી ઈસા علیہ السلام ના ઉતરાણથી જ ઈલ્મવાળાઓને કયામતના શક્ય સમયનો અંદાઝો થઈ જશે, અને એ જ કારણે એ જમાનાના લોકોના દિલોએથી કીનો નીકળી જશે, માલની મહોબ્બત જતી રહેશે અને તેમની નજરમાં એક સજદો દુનિયા તથા તેમાં જે કાંઈ છે એના કરતાં બેહતર હશે.

**હદીષ–૧૫ : આવનારા જમાનાની ખબર કે અલ્લાહ હસને મુજતબા رضی اللہ عنہ ના થકી મુસલમાનોની બે મોટી જમાઅતોમાં સુલહ કરાવશે :–**

અબૂ મૂસાનું બયાન છે કે મેં હસન બસરી رضی اللہ عنہ ને એ ફર્માવતાં સાંભળ્યું કે હઝરત હસન ઈબ્ને અલી رضی اللہ عنہ હઝરત મુઆવિયાના મુકાબલામાં

પહાડોના સમાન લશ્કર લઈને ગયા. તો હઝરત અમ્ર ઈબ્ને આસે કહ્યું કે હું એવું લશ્કર જોઈ રહ્યો છું જે પરત નથી થઈ શકતું જ્યાં સુધી કે પોતાના મુકાબલામાં આવેલ સર્વ લશ્કરવાસીઓને કત્લ ન કરી દે. એના પર હઝરત મુઆવિયાએ કહ્યું. અને અમીર મુઆવિયા બંને (અમીર મુઆવિયા તથા અમ્ર ઈબ્ને આસ)માં બેહતર હતા. હે અમ્ર ! જો આ લોકોએ એ લોકોને, અને એ લોકોએ આ લોકોને કત્લ કરી આપ્યા તો લોકો પર હુકૂમત કરવા માટે મારી પાસે કોણ હશે ? મારી પાસે એમની સ્ત્રીઓની દેખભાળ કરનાર કોણ હશે ? તેમનાં બેસહારા બાળકો અને અપંગો માટે કોણ હશે ?

પછી તેમણે કુરેશની શાખ બનૂ અબ્દે શમ્સના બે માણસો, અબ્દુર્રહમાન બિન સમુરહ અને અબ્દુલ્લાહ બિન આમિરને હઝરત હસને મુજતબા رضی اللہ عنہ પાસે આ હિદાયત સાથે મોકલ્યા કે, "એ સાહબની પાસે જાવ અને તેમની સમક્ષ સુલહ પેશ કરો, તેમની સાથે વાતચીત કરો અને તેમને સુલહની તરફ બોલાવો." *(સહીહ બુખારી, ૧/૩૭૨, ૩૭૩, મજલિસે બરકાત-મુબારકપુર)*

એ બંને પ્રતિનિધિ હઝરત હસને મુજતબા رضی اللہ عنہની પાસે આવ્યા અને આપની સાથે મુલાકાત કરીને વાતચીત દરમિયાન સુલહની પેશકશ કરી. એના પર હઝરત હસને મુજતબા رضی اللہ عنہએ ફર્માવ્યું કે, "અમે અબ્દુલ મુત્તલિબની ઔલાદ છીએ, અમે આ માલ પામ્યો છે અને આ કૌમ પોતાના લોહીમાં ખરડાયેલી છે."

તે બંનેવે કહ્યું કે તે (હઝરત મુઆવિયા) આપની ખિદમતમાં આટલુ આટલુ પેશ કરશે અને સુલહના તાલિબ છે, અને સુલહનો સવાલ કરે છે.

હઝરત હસને પૂછયું, એનો જામિન કોણ છે ? તો બંનેએ અર્ઝ કરી કે અમે જામિન છીએ.

સારાંશ હઝરત હસન મુજતબા જે પણ સવાલ કરતા તો સૌના જવાબમાં એ બંનેવ પ્રતિનિધિ એ જ કહેતા કે અમે એના જિમ્મેદાર છીએ. એના પર હઝરત હસન મુજતબા رضی اللہ عنہએ સુલહ કરી લીધી.

હઝરત હસન બસરી رضی اللہ عنہ કહે છે કે મેં હઝરત અબૂ બક્રને ફર્માવતાં સાંભળ્યા કે મેં રસૂલ صلی اللہ علیہ وسلمને મિમ્બર પર જલ્વા અફરોઝ જોયા, અને હસન ઈબ્ને અલી હુઝૂરની બાજુમાં હતા. હુઝૂર કદીક મજમાની તરફ ધ્યાનિત થતા અને કદીક તેમની તરફ. અને ફર્માવતા : **"મારો આ બેટો સૈયદ છે, અલ્લાહ તઆલા એના થકી મુસલમાનોની બે મોટી જમાઅતોમાં સુલહ કરાવશે."** *(નુઝહતુલ કારી, થોડાક ફેરફાર તથા વધારા સાથે)*

આ હદીષમાં "બે મોટી જમાઅતો"થી મુરાદ હઝરત અમીર મુઆવિયા તથા હઝરત ઈમામ હસન رضی اللہ عنہماનાં બંને જબરદસ્ત લશ્કરો છે. અને સરકાર صلی اللہ علیہ وسلمનો આ ઈર્શાદ વિના શંકાએ ગયબની મહત્વની ખબર છે.

એનાથી સાબિત થાય છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمને એ ખબર હતી કે હસન મુજતબા ભવિષ્યમાં ખિલાફત તથા સુલહના બારામાં શું ફેંસલો કરશે અને સરકાર صلی اللہ علیہ وسلمના વિસાલના ત્રીસ વરસો પછી હજારો સહાબા તથા તાબઈનએ આ "ગયબી ખબર"ની સચ્ચાઈનો સુહાનો મન્ઝર પોતાની આંખો વડે જોયો. શું આવી ગયબી ખબરનું સમર્થન પણ શિર્ક હોય શકે છે ?!

**હદીષ-૧૬ : હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہના હાથ પર ખૈબરની જીત થવાની અગાઉથી બશારત :** હઝરત સલમા رضی اللہ عنہا વર્ણવે છે કે હઝરત અલી رضی اللہ عنہ નબી અકરમ صلی اللہ علیہ وسلمથી ગઝવએ ખૈબરમાં પાછળ રહી ગયા હતા. તેમને આંખો આવી હતી. તેમણે વિચાર્યું કે હું તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી પાછળ રહી જઈ રહ્યો છું, જેથી એ નીકળી પડયા અને નબી અકરમ صلی اللہ علیہ وسلمને જઈને મળ્યા. જ્યારે એ રાતની સાંજ થઈ જેની સવારે અલ્લાહ તઆલાએ



www.barkateKhwaja.net

ફતહ અતા કરી. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :

"હું કાલે ઝંડો એક એવા શખ્સને અતા કરીશ અથવા ઝંડો એવો શખ્સ લેશે જેનાથી અલ્લાહ અને તેના રસૂલ ﷺ મહોબ્બત કરે છે, અથવા તે અલ્લાહ તઆલા અને તેના રસૂલથી મહોબ્બત કરે છે, એના હાથ પર અલ્લાહ તઆલા ફતહ ફર્માવશે."

અમે જોયું કે હઝરત અલી رضی اللہ عنہ આવી ગયા જ્યારે કે અમને તેમના આવવાની ઉમ્મીદ ન હતી. લોકો કહેવા લાગ્યા, આ તો હઝરત અલી છે ! આવી ગયા તો રસૂલુલ્લાહ ﷺએ તેમને ઝંડો અતા કર્યો પછી અલ્લાહ તઆલા એ તેમના હાથ પર ફતહ અતા કરી. *(સહીહ બુખારી, ૧/૫૨૫, મજલિસે બરકાત)*

આ હદીષથી સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ ﷺને "આવનારી કાલમાં શું થશે" એની ખબર હતી. હઝરત અલી رضی اللہ عنہ એક તો પાછળ રહી ગયા હતા, બીજુ આંખો આવવાથી પરેશાન હતા, એટલા માટે કોઈને એ આશા ન હતી કે ખૈબરની જીતનો સેહરો એમના માથા પર સજશે. પણ તે આવી ગયા અને જેવું કે આ હદીષની બીજી રિવાયતમાં છે, "આપે તેમની આંખોમાં લુઆબે દહન (થૂંક મુબારક) લગાડી આપ્યું તો તે સાજી પણ થઈ ગઈ." પછી આપે હઝરત અલીને ઝંડો અતા કરીને જંગના મેદાન માટે રવાના કરી આપ્યા, તો દુનિયા એ જોઈને આશ્ચર્યમાં ડૂબી ગઈ કે તેમણે પોતાની ખુદાદાદ શક્તિ તથા બહાદુરીનું પ્રદર્શન કરતાં ખૈબરના કિલ્લાને ફતહ પણ કરી લીધો અને સરવરે કૌનેન ﷺની બશારતનો સર્વ લોકોએ પોતાના માથાની આંખો વડે નઝારો જોયો. શું આ સહીહ હદીષ સરકાર ﷺની ગયબદાનીની ઉઘાડી દલીલ નથી ?! અને શું એનાથી એ સાબિત નથી થતું કે આપને કાલે ભાવિમાં ઉપસ્થિત થનારા બનાવોની ખબર છે.

**હદીષ-૧૬ : દુનિયા તથા આખેરતની ભલી હાલતોની ખબર તથા બશારત આપવું :**

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે એક ગામડાવાસી સહાબી હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને એવો અમલ બતાવો જેને કરીને હું જન્નતમાં પ્રવેશી જઉં. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : ★ અલ્લાહની ઈબાદત કરો. ★ અને એની સાથે કાંઈ પણ શિર્ક ન કરો. ★ અને ફર્ઝ નમાઝ પાબંદીથી અદા કરો ★ અને રમઝાનના રોઝા રાખો.

તો એ સહાબીએ અર્ઝ કરી, કસમ તે એકલી જાતની જેની કુદરતના હાથોમાં મારી જાન છે ! હું એ ફર્ઝો પર (મારા તરફથી) કાંઈ પણ અને કદાપિ વધારો કરીશ નહીં અને ન એમનામાં કોઈ કમી કરીશ જ્યારે તે પરત થયા તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું : **"જેને જન્નતવાસીઓના કોઈ માણસને જોવાથી ખુશી થાય તો તે એને જોઈ લે."** *(સહીહ મુસ્લિમ, ૧/૩૧, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત-મુબારકપુર)*

આ હદીષમાં હુઝૂરે કાઈનાત ﷺએ ગયબની ત્રણ ખબરો આપી છે જેમ કે ઈમામ અબૂ ઝકરિયા મુહયુદ્દીન નવવી رحمۃ اللہ علیہના આ ખુલાસાથી જાહેર થાય છે, ફર્માવે છે :

નબવી આદેશથી જાહેર એ છે કે નબી કરીમ ﷺને એ માલૂમ હતું કે : ★ એ સહાબીએ જે હુકમોના પાલનની વ્યવસ્થા કરી છે તેને પૂર્ણ કરશે. ★ અને તે એમને હમેશાં કરશે. ★ અને જન્નતમાં દાખલ થશે. *(અલ મિન્હાજ શરહે સહીહ મુસ્લિમ, ૧/૩૧, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત)*

વિના શંકાએ આ ત્રણેવ વાતો ગયબી ખબરો છે જે હુઝૂર ﷺને માલૂમ હતી, સાથોસાથ આ ગયબી ખબરો એ બાબત પર દલીલ પૂરી પાડે છે કે હુઝૂર સૈયદે અન્વર ﷺને એ ખબર હતી કે તે ગામડાવાસી સહાબી કાલે ભાવિમાં શું કરશે. (ક્રમશઃ)

www.barkatekhwaja.net



# પાંચ નબવી નસીહતો

**લેખક : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ–દયાદરા**

મુઅલ્લિમે કાયનાત હુઝૂર તાજદારે મદીના ﷺએ પાંચ હાલતોને ગનીમત જાણી અને તેની કદર કરવાની તાકીદ ફર્માવી છે :–

હઝરત અમ્ર બિન મયમૂન અવદી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ એક શખ્સને નસીહત કરતાં ફર્માવ્યું, તમે પાંચ ચીજોને પાંચ ચીજો પહેલાં ગનીમત સમજો : (૧) પોતાની યુવાનીને ઘડપણ પહેલાં. (૨) પોતાની તંદુરસ્તીને બીમારી પહેલાં. (૩) પોતાની માલદારીને મોહતાજી પહેલાં. (૪) પોતાની ફુરસદને વ્યસ્તતા પેહલાં. (૫) પોતાની જિંદગીને મૌત પહેલાં. *(અલ આદાબ લિલ બયકી)*

અવ્દી અવ્દ પ્રતિ સંબંધિત છે. અવ્દ એક કબીલો છે, જે અવાદ ઈબ્ને મુસ્અબના તરફ સંબંધિત છે. હઝરત ઉમર ઈબ્ને મયમૂન رضی اللہ عنہને કેટલાક લોકોએ સહાબી કહ્યા છે, પરંતુ પુખ્તા (વાત)એ છે કે આપ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જમાનામાં ઈસ્લામ લાવ્યા, પરંતુ ઝિયારત ન કરી શક્યા. જલીલુલ કદ્ર તાબઈ છે, માટે આ હદીષ મુર્સલ છે.

*(અશિઅ્તુલ લમ્આત, કિતાબુર્રિકાક, ફસ્લ ષાની)*

اِغتِنَامનો માદો غُنم છે, اِغتِنَامનો મતલબ ગનીમત હાંસલ કરી લેવી એટલે કે તે પાંચ ચીજોથી કાંઈક કમાઈ કરી લો, વારંવાર આ તક મળતી નથી.

એક હદીષમાં છે :–

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, તે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامથી રિવાયત કરે છે કે તમારામાંથી દરેક રાહ નથી જોતો પરંતુ નાફર્માની કરવાવાળી માલદારીની અથવા ભૂલાવી દેનારી ફકીરીની અથવા બગાડી દે તેવી બીમારીની અથવા બેઅકલ કરી દેવાવાળા ઘડપણની અથવા અચાનક મૌતની અથવા દજ્જાલની. તો દજ્જાલ મુસીબત છે જેની પ્રતિક્ષા છે અથવા ક્યામતનો કે ક્યામત ખૂબ જ ડરામણી અને કડવી છે. *(તિર્મિઝી)*

## ★ યુવાનીને ગનીમત જાણો ★

ઈન્સાનની જિંદગીના ત્રણ તબક્કાઓ છે : બચપન, જવાની અને ઘડપણ. આ બધામાં સૌથી અધિક મહત્વનો સમય જવાનીનો હોય છે. આ સમયમાં ઈન્સાનની અંદર ચપળતા, સ્ફુર્તિ તથા શક્તિની જવાળાનો ભડકો હોય છે. એ જ કારણે કુર્આનમાં જવાનીને બે કમજોરીઓ (બાળપણ તથા ઘડપણ)ના વચ્ચે શક્તિ તથા તાકતના તબક્કાથી તાબીર કરવામાં આવેલી છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اَللّٰهُ الَّذِیْ خَلَقَكُمْ مِّنْ ضُعْفٍ ثُمَّ جَعَلَ مِنْۢ بَعْدِ ضُعْفٍ قُوَّةً ثُمَّ جَعَلَ مِنْۢ بَعْدِ قُوَّةٍ ضُعْفًا وَّ شَیْبَةً ؕ یَخْلُقُ مَا یَشَآءُ ۚ وَ هُوَ الْعَلِیْمُ الْقَدِیْرُ ۝

અલ્લાહ છે જેણે શરૂઆતમાં કમજોર બનાવ્યા, પછી તમને કમજોરીમાંથી તાકાત (શક્તિ) આપી, પછી તાકાત પછી કમજોરી અને ઘડપણ આપ્યું. બનાવે છે જે ચાહે અને તે જ ઈલ્મ અને કુદરતવાળો છે. *(સૂરએ રૂમ, આ. ૫૪, કન્ઝુલ ઈમાન)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہની રિવાયત છે જેમાં નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ક્યામતના દિવસે કોઈ બંદાના પગ અલ્લાહ

www.barkatekhwaja.net

પાસેથી હટશે નહીં, જ્યાં સુધી તેનાથી પાંચ વસ્તુઓ વિશે સવાલ ન પૂછી લેવામાં આવે :–

૦૧. તેણે પોતાની ઉમર ક્યાં પૂરી કરી ?

૦૨. પોતાની જવાનીને ક્યાં ખપાવી ?

૦૩. તેણે માલ ક્યાંથી કમાયો ?

૦૪. અને ક્યાં ખર્ચ કર્યો ?

૦૫. અને તેણે પોતાના જ્ઞાન મુજબ કેટલો અમલ કર્યો ? *(અલ મુઅજ્જમુલ કબીર, લિત્તબરાની)*

જવાની એવી વસ્તુ છે જેનું મહત્વ તે સમયે સમજાય છે જ્યારે તે હાથથી નીકળી જાય છે, અને શરીરના ભાગો જવાબ આપવા માંડે છે. જેમ કે હઝરત હાતિમ અસમ رضی اللہ عنہનો કૌલ છે કે ચાર વસ્તુઓનું મહત્વ ફક્ત ચાર માણસો જાણે છે :–

૦૧. યુવાનીનુ મહત્વ ફક્ત ઘરડા જાણે છે.

૦૨. આરામ અને શાંતિનું મહત્વ ફક્ત તકલીફવાળો જાણે છે.

૦૩. તંદુરસ્તીની કદર ફક્ત બીમાર જાણે છે.

૦૪. અને જીવનનું મહત્વ ફક્ત મૃત્યુ પામેલ જાણે છે. *(મુનબ્બહાત લિ ઈબ્ને હજર, ૧૦૩)*

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની વસિયત છે કે, ''હું તમને નવજવાનો સાથે સદ્‌વર્તાવની તલ્કીન કરું છું, કેમ કે નવજવાન નસલ રહમ દિલ હોય છે. નવયુવાનોએ મારો સાથ આપ્યો અને વૃદ્ધોએ મારો વિરોધ કર્યો. પછી હુઝૂર ﷺએ આ આયત તિલાવત કરી :–

وَ لَا يَكُوْنُوْا كَالَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلُ فَطَالَ عَلَيْهِمُ الْاَمَدُ فَقَسَتْ قُلُوْبُهُمْ ؕ وَ كَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ﴿۱۶﴾

''પછી તેમના પર મુદત લાંબી થઈ તો તેમનાં દિલ સખત થઈ ગયાં અને તેમનામાં ઘણા બધા ફાસિક છે. *(સૂરએ હદીદ, આ. ૧૬, કન્ઝુલ ઈમાન)*

## ★ યુવાનીમાં ઈબાદતની ફઝીલત ★

કયામતના દિવસે જ્યારે દરેક વસ્તુ સૂરજની ગરમીથી ચમચમી રહી હશે તો અલ્લાહ પાક પોતાના જે બંદાઓથી ખુશ થઈ પોતાના અર્શના સાયામાં જગ્યા અતા ફર્માવશે તેમાં એ ખુશ કિસ્મત લોકો પણ હશે જેમણે પોતાની જવાનીને વેડફી નહીં હોય. જેમ કે મરવી છે કે કયામતના દિવસે જે ખુશ નસીબોને અલ્લાહ તઆલા પોતાના અર્શના છાયડામાં જગ્યા આપશે તેમાં એ શખ્સ પણ હશે જેણે પોતાની જવાની ઈબાદતમાં પસાર કરી હશે. અલ્લાહ તઆલા તેને પોતાના અર્શ નીચે જગ્યા આપશે.

*(બુખારી, કિતાબુલ અઝાન)*

## ★ મો'મિનના બે ખૌફ ★

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ પોતાના એક ખુત્બામાં ઈર્શાદ ફર્માવ્યો કે મો'મિન બે ભયના વચ્ચે હોય છે : એક તે સમય પર જે પસાર થઈ ગયો અને તે નથી જાણતો કે અલ્લાહ તેના વિશે શું મામલો કરશે. બીજો એ સમય જે બાકી છે અને તે નથી જાણતો કે તેના વિશે અલ્લાહ શું ફેંસલો ફર્માવશે. બસ ઈન્સાને (૧) પોતાનાથી પોતાની જાત માટે (૨) પોતાની દુનિયાથી પોતાની આખિરત માટે (૩) પોતાની જિંદગીથી મૌત માટે અને (૪) પોતાની જવાનીથી ઘડપણ માટે ભાથુ (ઝાદે રાહ) તૈયાર કરી લેવું જોઈએ. કેમ કે દુનિયાને તમારા માટે અને તમને આખેરત માટે પેદા કરવામાં આવ્યા છે. એ જાતની કસમ ! જેના કબજામાં મારી જાન છે. મૃત્યુ પછી માફી માગવાની કોઈ જગ્યા નથી અને દુનિયા પછી જન્નત કે દોઝખના સિવાય કોઈ ઘર નથી. *(લુબાબુલ અહયા અલ બાબુસ્સાદિસ, પેજ–૨૩૧)*

## ★ અલ્લાહનો મહ્‌બૂબ બંદો ★

હદીષે કુદ્‌સીમાં છે :–

હઝરત સૈયદુના અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી

www.barkatekhwaja.net

રિવાયત છે કે નબીએ પાક ﷺનું ફર્માન છે કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"મારી તકદીર પર ઈમાન લાવવાવાળો, મારા લખવા પર રાજી રહેવાવાળો, મારી આપેલી રોજી પર કનાઅત (સંતોષ) કરવાવાળો, મારી રઝાને માટે પોતાના નફ્સની ઈચ્છાઓ છોડવાવાળો નવજવાન મારી બારગાહમાં મારા કેટલાક ફરિશ્તાઓની જેમ છે." *(જમઉલ જવામિઅ, ૯/૨૭૬, હદીષ : ૨૮૭૧૪)*

### ★ ૭૦ સિદ્દીક઼ોનો સવાબ પામનારા ! ★

સહાબીએ રસૂલ હઝરત સૈયદના અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહની હરામ કરેલ વસ્તુઓથી બચનાર અને તેના હુકમો પર અમલ કરવાવાળા યુવાનથી અલ્લાહ ફર્માવે છે, તારા માટે ૭૦ સિદ્દીક઼ોનો સવાબ છે. *(અત્તરગીબ ફી ફઝાઈલે આમાલ, પેજ : ૭૮)*

### ★ ઈબાદત કરવાવાળા જવાનની ફઝીલત ★

હઝરત સૈયદના અનસ બિન માલિક رضی اللہ عنہ રિવાયત ફર્માવે છે કે નબીએ અકરમ નૂરે મુજસ્સમ ﷺનો ઈર્શાદ છે :–

"સવારના સમયે ઈબાદત કરવાવાળા નૌજવાનને ઘડપણમાં ઈબાદત કરવાવાળા વૃદ્ધ પર એવી ફઝીલત હાંસલ છે કે જેવી રસૂલોને બધા જ લોકો પર." *(જમઉલ જવામિઅ, ૫/૫૩૨, હદીષ : ૧૪૭૮૯)*

### ★ યુવાનીમાં તૌબાની ફઝીલત ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ ﷺનો ઈર્શાદે પાક છે : "જવાનીમાં તૌબા કરવાવાળો શખ્સ અલ્લાહનો મહબૂબ છે."

*(કન્ઝુલ ઉમ્માલ, કિતાબુત્તૌબા, ૪/૨૦૯)*

### ★ નબીએ કૌનૈન ﷺનો આખરી અમલ ★

હુઝૂર ﷺએ પોતાની જિંદગીનો છેલ્લો અમલ નૌજવાન સહાબી હઝરત ઓસામા બિન ઝૈદ رضی اللہ عنہની નિગરાનીમાં લશ્કર મોકલવાનો કર્યો. *(ઈબ્ને ઈસ્હાક઼)*

આનાથી હુઝૂર ﷺની જિહાદથી મહોબ્બત અને નવયુવાનો પર આપ علیہ الصلوٰۃ والسلامના ભરોસાનો અંદાઝો થાય છે. આવી જ રીતે હુઝૂર ﷺએ જિહાદના સબબથી જ નવયુવાન હઝરત અલી رضی اللہ عنہને "અસદુલ્લાહ" અને નવયુવાન ખાલિદ બિન વલીદ رضی اللہ عنہને "સૈફુલ્લાહ" કહ્યા. *(અલ કામિલ ફિત્તારીખ, ૨/૨૫૭)*

આનાથી જાણવા મળ્યું કે આજના નવયુવાનોના ખભા પર ખૂબ મોટી જવાબદારી છે કે તે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની તા'લીમાતની રોશનીમાં પોતાના કિરદાર અને અમલને એટલો ઊંચો કરે કે તે અલ્લાહના ત્યાં ખુશખુશાલ થઈ શકે.

### ★ વર્તમાન સમયની ચેલેંજ ★

દરેક પ્રકારના અધર્મતાવાળા અને બેકાર ખયાલોના વિરુદ્ધ નૌજવાન, ઈલ્મી ફિક્રી અને અક઼ીદા સંબંધી જિહાદ કરે ત્યારે જ તજદીદ તથા દીનને જીવંત કરવાનો ખ્વાબ ત્યારે જ પરિપૂર્ણ થઈ શકે છે. અત્યારે દરેક બાજુ બેદીની અને નાસ્તિકતાનો દોર ચાલી રહ્યો છે, પરંતુ અફસોસ ! કોઈ એવો નવજવાન નથી જે ઉસ્વએ નબવી અને સિદ્દીક઼ીને અપનાવી આ તુફાનના વિરુદ્ધ ઉભો થાય કે હાલના યુવાનોની આ સૌથી મોટી સંયુક્ત જવાબદારી છે.

પછી આ બધા કામો અને જવાબદારીઓથી આજનો નવયુવાન ત્યારે છૂટી શકે છે જ્યારે તેનામાં પાકુ ઈમાન, રસૂલ ﷺની પયરવી અને ખાસ કરીને ઈખ્લાસથી ભરપુર હોય. મોઅલ્લિમે કાયનાત ﷺએ પોતાના સમયના નવજવાનોને શરીરની

www.barkatekhwaja.net

પવિત્રતા, ખુશૂઅ તથા ખુઝૂઅ, દિલની નરમી, નિગાહોની પાકીઝગી અતા ફર્માવી. તેમની ભૌતિક્તાથી બચાવી રૂહાનિયતથી દૂર થતા બચાવ્યા. અને ખ્વાહિશોને અનુસરવાથી છૂટકારો અપાવ્યો અને તે નૌજવાન તે જ નબવી તા'લીમાતની રોશનીમાં પોતાની જવાબદારીઓને નિભાવતા રહી આખી દુનિયામાં છવાઈ ગયા. નબીએ પાક ﷺનો પૈગામ આજે પણ જીવંત અને તાજો છે. તા'લીમાતે નબવી ﷺમાં એટલી તાકાત તથા આકર્ષણ છે કે આજે પણ છે કે તે દિલ અને નિગાહની દુનિયા બદલીને રાખી દે. એ તા'લીમાતને અપનાવીને જ આજનો નૌજવાન પૂરી દુનિયાને ઈમાન પરવર, સુકૂન આવાર, દીનની રોશનીઓથી મુનવ્વર કરી શકે છે.

ડૉ. ઈક્બાલ નવજવાનોને કહે છે :–

*કુવ્વતે ઈશ્ક઼ સે હર પસ્ત કો બાલા કર દે*

*દેહર મેં ઈસ્મે મુહ઼મ્મદ ﷺ સે ઉજાલા કર દે*

## ★ મુસ્લિમ નવજવાનોનાં કારનામાં ★

મદની તાજદાર ﷺની સાથે સહાબાએ કિરામને જે ઈશ્ક઼ અને કુર્બાન થવાનો જઝબો હતો તેનું દૃષ્ટાંત આખી દુનિયા પેશ ન કરી શકે. અહીંયાં કેટલાક વાકિયાત લખીને બતાવવામાં આવે છે કે નબીએ કૌનૈન علیہ الصلوٰۃ والسلامના સહાબાઓ આપના પર ફિદા થવા માટે દરેક વખતે એવી રીતે તૈયાર રહેતા હતા કે જેવી રીતે પરવાનો શમ્અ પર પોતાની જાન કુર્બાન કરવા માટે તૈયાર રહે છે. આજે તમામ મુસલમાનોએ ખાસ કરીને આપણા નૌજવાનોએ એ જાંનિષારીનો જઝબો અને આજ્ઞાપાલનનો શોખ પોતાની અંદર પેદા કરવાની જરૂરત છે.

ઉહદની જંગમાં નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامનો ચેહરો મુબારક ઝખ્મી થયો તો હઝરત માલિક બિન સિનાન رضی اللہ عنہએ આગળ વધીને લોહીને ચૂસી લીધું અને અદબના ખયાલથી ચૂસેલા લોહીને જમીન પર ફેંકવું ગવારા (પસંદ) ન કર્યું અને તે પી ગયા. એના પર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, કે જે શખ્સ કોઈ એવા આદમીને જોવા માગે જેનું લોહી મારા લોહીથી મળેલું છે, તો તે માલિક બિન સિનાનને જોઈ લે ! ત્યાર પછી હઝરત માલિક رضی اللہ عنہએ ખૂબ જ બહાદુરી સાથે લડીને શહાદત હાંસલ કરી.

*(સિયરે ઈન્સારેહ, ૧/૧૮૫)*

હઝરત સઅદ બિન રબીઅ رضی اللہ عنہ ઉહદની જંગમાં ખૂબ જ ઝખ્મી થઈ ગયા હતા. જંગ પછી નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ હઝરત ઉબય બિન કઅબને તેમનો હાલ જાણવા માટે મોકલ્યા. તે શોધતા શોધતા ખૂબ મુશ્કેલીથી તેમની પાસે પહોંચ્યા. હઝરત સઅદ رضی اللہ عنہ તે સમયે નઝઅની હાલતમાં હતા. હઝરત ઉબયએ તેમને કહ્યું, કોઈ પૈગામ હોય તો આપો. તે સમયે આપે જે પૈગામ આપ્યો તે એ હતો કે, મારા ભાઈ મુસલમાનોને મારો પૈગામ પહોંચાડી આપશો અને મારી કૌમથી કહેશો કે જો તમારા જીવનમાં રસૂલુલ્લાહ ﷺને કોઈ તકલીફ પહોંચી તો યાદ રાખશો કે ખુદા તઆલાની સામે તમારો કોઈ જવાબ સાંભળવામાં નહીં આવે. આ શબ્દો કહ્યા અને જાન જાને જાનાંને સુર્પુદ કરી દીધી. *(મોઅત્તા, કિતાબુલ જિહાદ, બાબુત્તરગીબ ફિલ જિહાદ)*

એકવાર નબીએ કરીમ ﷺએ એક ગામડિયાથી ઘોડો ખરીદયો, અને સોદો થઈ ગયો, પરંતુ લોકોને તેની ખબર ન હતી. જેથી જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام તશરીફ લઈ જઈ રહ્યા હતા તો કોઈએ તેને વધારે કિંમત આપી. તેને થયું કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની સાથે જે સોદો થયો છે તેને કોઈ બહાનાથી તોડી નાખુ. જેથી તેણે હુઝૂર ﷺને અવાજ આપી કે તમે ઘોડો લેતા હોવ તો લઈ લો બાકી હું બીજા કોઈને વેચી નાખીશ. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, તું તો મને ઘોડો વેચી ચૂક્યો છે ! અને સોદો પાકો થઈ ગયો છે. પરંતુ તેણે ન માન્યુ અને

www.barkatekhwaja.net

કહ્યું, કદાપિ નહીં ! મેં કોઈ સોદો નથી કર્યો ! જો તમે કહેતા હોવ કે સોદો થઈ ગયો છે તો કોઈ સાક્ષી લાવો ! તે જ સમયે એક સહાબી હઝરત ખુઝૈમા બિન ષાબિત ત્યાં આવ્યા અને આ વાતચીત સાંભળી. જ્યારે સરકાર ﷺથી આ શખ્સે સાક્ષી માગ્યો તો હઝરત ખુઝૈમાએ આગળ આવી કહ્યું કે હું ગવાહ છું કે એ સોદો થઈ ચૂક્યો છે ! નબીએ પાક علیہ الصلوٰۃ والسلامએ તેમનાથી પૂછ્યું કે તમે કઈ રીતે શહાદત (ગવાહી) આપો છો ? શું તમે સોદો થયો તે સમયે હાજર હતા ? તો તેમણે જવાબ આપ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ જ્યારે અમે તમારા પર ઈમાન લાવ્યા છીએ તો એ વાત પર ભરોસો કરીને ઈમાન લાવ્યા છીએ કે હુઝૂર ﷺ સાચાબોલી તથા પાકબાઝ છે. અને જ્યારે આવી ખાસ વાતોમાં તમારી સચ્ચાઈને માની લીધી છે તો પછી આવી નાની વાતમાં તમે સાચા હોવાને માનવામાં કોઈ સંકોચ કઈ રીતે થઈ શકે છે ?!

*(મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૨૧૫)*

જંગે ઉહદ પછી નબીએ કૌનૈન ﷺની ખિદમતમાં હાજર થઈ પોતાના કબીલાઓમાં દીનની તા'લીમ માટે કારીઓ (કુર્આન પઢનારા) મોકલવાની દરખાસ્ત કરી અને પછી તેમને સાથે લઈ જઈને બીરે મઊના સ્થળે શહીદ કરી દીધા. તે ૭૦ કારીઓમાંથી ફકત બે જીવંત બચ્યા હતા તેમને કાફિરોએ કેદ કરી લીધા હતા અને તેમાંથી એક હઝરત ઝૈદ હતા જેમને સફવાન બિન ઉમય્યાની પાસે વેચી દેવામાં આવ્યા. સફવાને તેમને પોતાના બાપનો કાતિલ સમજી એટલા માટે ખરીદયા હતા કે શહીદ કરી પોતાનો બદલો લઈ ઠંડક મેળવે. જેથી તેણે તેમને શહીદ કરવાની તૈયારીઓ કરી. તેમને કતલગાહમાં લઈ જવામાં આવ્યા અને બિલ્કુલ તે સમયે જ્યારે તે મોતના ખોળામાં બેસવા તૈયારીમાં હતા, તો એક શખ્સે કહ્યું, તમારો શું વિચાર છે કે જો આ સમયે તમારી જગ્યાએ મુહમ્મદ ﷺ અમારા કબજામાં હોય અને તમે તમારા ઘરમાં આરામથી પત્ની, બાળકો સાથે બેઠા હોય, આ વાત પસંદ છે કે નહીં ?! હઝરત ઝૈદ رضی اللہ عنہએ ખૂબ જ હિંમત અને બેબાકીથી જવાબ આપ્યો, આ તમે શું કહી રહ્યા છો ?! નબીએ પાક علیہ الصلوٰۃ والسلامનું નઊઝુબિલ્લાહ ! જાલિમોના પંજામાં રહીને કેદ બનીને કતલગાહમાં ઉભુ રહેવું તો દૂરની વાત ! ખુદાની કસમ ! હું તો એ પણ ન સહી શકું કે મુહમ્મદે અરબી ﷺના પગોમાં કાંટો વાગે અને હું ઘરમાં બેસેલો રહું ! અબૂ સુફયાન આ જવાબ સાંભળી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા અને કહેવા લાગ્યા, મુહમ્મદ ﷺના સાથી તેમનાથી જેટલી મહોબ્બત કરે છે, દુનિયામાં તેનું કોઈ ઉદાહરણ નથી મળી શકતુ.

*(સિયરે અન્સાર, ૧/૩૬૩) ....(ક્રમશઃ)*

## મીલાદુન્નબી ﷺ નિમિત્તે બહેનો માટે પ્રોગ્રામો

**દયાદરા : "સુફ્ફા ઉલમા કાઉન્સિલ-દયાદરા"** થકી બહેનોની ઈસ્લાહ માટે અકુજી કોમ્યુનિટી હોલ-દયાદરા)માં તા. ૧૩-૯-૨૦૨૪ થી ૧૬-૯-૨૦૨૪ સુધી લેડિઝ ઈજતેમા થયા. તા. ૧૩, જુમ્આના રોજ રાત્રે નવ કલાકે નઅતે પાક ﷺ તથા બયાનનો પ્રોગ્રામ થયો. એ જ પ્રમાણે શનિવારે ઝોહર બાદ તથા રવિવારે ઝોહર બાદ તકરીરી પ્રોગ્રામો થયા જેમાં આલિમા બહેનોએ નઅતે પાક ﷺ તથા ઈસ્લાહી તકરીરો કરી હતી અને સોમવારે રાત્રે નવ વાગ્યે "નઅતે પાક ﷺની મેહફિલનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ગામની મા બહેનોએ હાજરી આપી હતી.



# નૂરાનિયતે મુસ્તફા ﷺ

અઝ : મૌલાના મુફ્તી મુહમ્મદ અબ્દુલ્લાહ સાહબ (પાક.)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસ્અલાના બારામાં કે કુર્આન તથા હદીષની રોશનીમાં શું હુઝૂરે અકરમ ﷺની ઉમ્ર શરીફ જ્યારે ચાલીસ વરસની થઈ ત્યારે નબી બન્યા અથવા એનાથી પહેલાં પણ નબી હતા ? અને હુઝૂરે અકરમ ﷺને રબ તઆલાએ કયા નૂરથી પેદા કર્યા અને ફરિશ્તા કયા નૂરથી પેદા થયા છે ? بینوا و توجروا مع الدلائل

*(મસાઈલે ગુલિસ્તાં)*

## ★ અલ્જવાબ ★

نَحۡمَدُهٗ وَنُصَلِّيۡ وَنُسَلِّمُ عَلٰى مَنۡ كَانَ نَبِيًّا وَّاٰدَمُ بَيۡنَ الۡمَاءِ وَالطِّيۡنِ اَفۡضَلِ الۡاَوَّلِيۡنَ وَالۡاٰخِرِيۡنَ سَيِّدِنَا مُحَمَّدٍ وَّ عَلٰى اٰلِهٖ وَصَحۡبِهٖ اَجۡمَعِيۡنَ۔

જાણી લો હે મારા ભાઈઓ ! કે હુઝૂરે અકરમ علیہ الصلوٰۃ والسلامનું નૂરે મુજસ્સમ હોવું, અને આપના નૂરે મુક઼દસનું સર્વ કાઈનાતથી પહેલાં પેદા થવું અને સર્વ કાઈનાત (સૃષ્ટિ)નું હુઝૂરે અકરમ નૂરે મુજસ્સમ ﷺના નૂરથી પેદા થવું, અને સરવરે કાઈનાત ﷺનું તમામ અંબિયા علیہم السلامથી પહેલાં નબુવ્વતના વસ્ફ (ખૂબી)થી વિશિષ્ટતા પામવું, અને આપનું અજોડ તથા અનુપમ બશર (માનવ) હોવું કુર્આન તથા નબવી હદીષો તથા ઉલમાએ કિરામના કથનોથી સાબિત છે. જેમ કે રબ તઆલા કુર્આન મજીદમાં ઈર્શાદ (આદેશ) ફર્માવે છે : قَدۡ جَآءَكُمۡ مِّنَ اللّٰهِ نُوۡرٌ وَّكِتٰبٌ مُّبِيۡنٌ "બેશક ! તમારી પાસે અલ્લાહની તરફથી એક નૂર આવ્યું અને રોશન કિતાબ." *(સૂરએ માઈદા, ૫/૧૫)*

આ આયતે મુક઼દસામાં નૂરથી મુરાદ સર્વ મુફસ્સિરીને કિરામે હુઝૂરે અકરમ ﷺની ઝાતે ગિરામી લીધી છે. જેમ કે ખાતમુલ મુફસ્સિરીન હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ આલૂસી બગદાદી رحمۃ اللہ علیہ તફસીરે રૂહુલ મઆનીમાં ફર્માવે છે : "બેશક ! તમારી પાસે અલ્લાહ તઆલાના તરફથી નૂરે અઝીમ આવ્યું, તે સર્વ નૂરોના નૂર નબીયે મુખ્તાર ﷺની ઝાતે ગિરામી છે."

એ જ પ્રમાણે અલ્લામા ઈબ્ને જરીર رحمۃ اللہ علیہ આ આયતની તફસીરમાં ફર્માવે છે : "નૂરથી મુરાદ નબી અકરમ علیہ الصلوٰۃ والسلامની ઝાતે ગિરામી છે."

અને એ જ પ્રમાણે હાફિઝ અબ્દુર્રઝ્ઝાક઼ رحمۃ اللہ علیہએ પોતાની મુસ્નદમાં સૈયદના જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہથી રિવાયત કર્યું : "હઝરત જાબિર رضی اللہ عنہએ ફર્માવ્યું કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારાં માબાપ આપના પર કુર્બાન થાય ! મને બતાવો કે સર્વ ચીજોના પેદા થતાં પહેલાં અલ્લાહ તઆલાએ કઈ ચીજ પેદા કરી ? તો હુઝૂરે અકરમ ﷺએ જવાબમાં ફર્માવ્યું, સર્વ મખ્લૂક઼ની પેદાઈશથી પહેલાં અલ્લાહ તઆલાએ તારા નબીના નૂરને પોતાના નૂરથી પેદા કર્યું. *(મવાહિબે લદુન્નિયા, ૧/૯)*

અને એ જ પ્રમાણે હઝરત ખાતમુલ મુહદ્દિષીન ફી દયારે હિંદ અલ્લામા શાહ અબ્દુલહક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જાણી લે ! કે તમામ કાઈનાતમાં મખ્લૂક઼ાતમાં અવ્વલ અને કાઈનાતને જાહેર થવાનો અને કાઈનાત તથા હઝરત આદમ علیہ السلامના પેદા થવાનો વસીલો હુઝૂરે અકરમ ﷺની

www.barkatekhwaja.net

ઝાતે ગિરામી એટલે નૂરે મુહમ્મદી ﷺ છે, જેવું કે સહીહ હદીષમાં આવેલું છે : "અવ્વલુ મા ખલક઼લ્લાહુ નૂરી" અને સર્વ કાઈનાત બુલંદી તથા પસ્તી આ નૂર અને આ પાક જૌહરથી પેદા થયેલી છે."

*(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨)*

એ જ પ્રમાણે હઝરત અલ્લામા શયખ અબ્દુલ હ઼મીદ બિન મુહમ્મદ અલી رحمۃ اللہ علیہ કિતાબ "અન્વારે સુન્નિયહ શરહે દુરુરિલ બહિય્યહ"માં ફર્માવે છે : તો તેહક઼ીક઼ ! હદીષોમાં આવ્યું છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની ઝાત નૂરની છે, ત્યાં સુધી કે હુઝૂર અન્વર علیہ الصلوٰۃ والسلامના જસદે અત્હર (પવિત્ર શરીર)નો પડછાયો સૂરજના તડકામાં જાહેર થતો ન હતો અને તમામ હિસ્સિયા તથા મઅનવિયહ અન્વાર (નૂરો) કે જે ઉલૂવી તથા સિફલી કાઈનાતમાં વેરાયેલાં છે અને અન્ય સર્વ ચીજો, નૂરે મુહમ્મદી ﷺથી મખ્લૂક઼ છે. તો **નૂરે મુહમ્મદી ﷺ સર્વ કાઈનાતની અસ્લ (જડ) છે,** જેમ કે દલીલ પૂરી પાડે છે અસ્બાબ પર મશહૂર હદીષ જે સૈયદના જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہ સહાબીથી રિવાયત પામેલી છે.

અને એ જ પ્રમાણે શયખ અલી ક઼ારી મક્કી કિતાબુશ્શિફાની શરહમાં ફર્માવે છે : સૈયદના જઅફર બિન મુહમ્મદ અસ્સાદિક઼ رضی اللہ عنہથી રિવાયત છે કે, સૂરએ નજ્મમાં જેની રબ તઆલાએ ક઼સમ ઉઠાવી છે તે નબી કરીમ ﷺની ઝાતે ગિરામી અને આપનું ક઼લ્બ (દિલ) શરીફ છે. અને અલી ક઼ારી ફર્માવે છે : હું કહું છું હુઝૂરે અકરમ ﷺનું દિલ અને અને આખુ શરીર જ નૂર છે, તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ઝાતે ગિરામીથી સર્વ અન્વાર રોશની પામે છે અને સર્વ અસ્રાર (રાઝો) રોશન થાય છે. અને તેહક઼ીક઼ ! વારિદ થયું (આવ્યું) છે કે હુઝૂર ﷺ આ પ્રમાણે દુઆ કરતા હતા કે, હે અલ્લાહ ! મને નૂરે મુજસ્સમ બનાવ ! અને અલ્લાહ તઆલાએ પણ કુર્આન મજીદમાં હુઝૂર ﷺને નૂર ફર્માવ્યા, જેવું કે પહેલાં વર્ણન થઈ ચૂક્યું છે. અને એ જ પ્રમાણે ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે :–

"ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاએ ફર્માવ્યું, નબી કરીમ ﷺ એક દિવસ ખુશીની હાલતમાં ઘરમાં દાખલ થયા તો સરકાર ﷺનો મુક઼દ્દસ ચહેરો વીજળીની જેમ ચમકી રહ્યો હતો." *(બુખારી, ૧/૫૦૨)*

અને એ જ પ્રમાણે મુહદ્દિષે કબીર હઝરત શયખ મુહમ્મદ બિન ક઼ાસિમ જસૂસ "શરહે શમાઈલે તિર્મિઝી"માં ફર્માવે છે : "હઝરત ઈબ્ને મુબારક અને ઈબ્ને જવઝીએ સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે, તેહક઼ીક઼ ! હુઝૂરે અન્વર ﷺની નૂરાનિયત સૂરજ અને ચિરાગની રોશની પર ગાલિબ (સવાર) રહેતી હતી, એટલા માટે કે હુઝૂર અકરમ ﷺના જિસ્મે અત્હર (પવિત્ર શરીર)ને પડછાયો ન હતો. અને તેહક઼ીક઼ વર્ણવ્યું ઈબ્ને સબએ શિફામાં, અને એનાથી ઈમામ ક઼ાઝી અયાઝે પોતાની કિતાબ "કિતાબુશ્શિફા"માં નકલ કર્યું કે હુઝૂરે અકરમ ﷺના જિસ્મ શરીફને સૂરજના તડકા અને ચાંદની ચાંદનીમાં પડછાયો ન હતો. આપ ﷺ ખુદ નૂર અને રોશની અતા કરનાર છે, અને આપના બશર હોવાનો વાંધો લાગુ નથી થઈ શક્તો, જેવું કે કુર્આન મજીદે પણ હુઝૂર ﷺને બશર (માનવ) કહેલ છે. એટલા માટે હુઝૂરે અકરમ ﷺની બશરિયત સામાન્ય માનવો જેવી નથી. તો આપ ﷺ બશર છે પરંતુ સામાન્ય માનવો જેવા બશર નથી, જેવી રીતે યાક઼ૂત પથ્થર છે પરંતુ સામાન્ય પથ્થરો જેવો પથ્થર નથી.

*(શમાઈલે તિર્મિઝી, ૧/૩૬)*

એ જ પ્રમાણે સહીહ હદીષથી પણ હુઝૂરે અકરમ ﷺનું અજોડ તથા અનુપમ હોવું સાબિત થાય છે. જેમ કે સૈયદના ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું : "હું તમારા જેવો

www.barkatekhwaja.net

નથી." હઝરત આઈશા رضی اللہ عنہاએ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "હું તમારા જેવો નથી." હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہએ રિવાયત કરી, ફર્માવ્યું : "હું તમારામાંથી કોઈના જેવો નથી." હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ રિવાયત કરી કે ફર્માવ્યું રસૂલે પાક ﷺએ કે, "તમારામાં મારા જેવો કોણ છે ?"

*(બુખારી, ૧/૨૬૩)*

આ હદીષોનો સંયુક્તપણે ભાવાર્થ એ જ છે કે હુઝૂરે અન્વર ﷺએ એ જ ફર્માવ્યું છે કે, **"હું તમારા જેવો બશર નથી, અને તમારા લોકોમાં એ કોણ છે જે મારા જેવો થઈ શકે ?"** જેથી કુર્આન મજીદ અને સહીહ હદીષો અને બુઝુર્ગાને દીનના અક્‌વાલ (કથનો)થી એ સાબિત થયું કે હુઝૂર અકરમ ﷺ "નૂરે મુજસ્સમ" છે, અને આપના નૂરને રબ તઆલાએ પોતાના ઝાતી નૂરના ફયઝાનથી પેદા કરેલ છે, અને આપનું નૂર સર્વ કાઈનાતનું મૂળ (અસ્લ) છે, અને અન્ય સર્વ મખ્લૂક઼ાત (સૃષ્ટિ) નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના નૂરથી પેદા થઈ છે."

અને એ બાબત પણ સાબિત થઈ કે હુઝૂરે અન્વર ﷺ નૂરાનિયત તથા બશરિયત બંને કમાલતના સંગમ (જામેઅ) છે, અને આપનું બશર હોવું આપના નૂરે મુજસ્સમ હોવાની વિરુદ્ધ નથી. અને આપ બશરિયતના એતબારથી પણ અજોડ અને અનુપમ (બેમિષાલ તથા બેનઝીર) બશર છે. અને જ્યારે સરવરે કાઈનાત ﷺ ખુદ એલાન કરે કે, "હું તમારા જેવો નથી". અને એલાન કરે કે, "તમારામાંથી કોણ છે જે મારા જેવો હોય". તો તેમ છતાં જો કોઈ હુઝૂર ﷺને પોતાના જેવા બશર ખયાલ કરીને બશર કહે તો તેના બેઅદબ તથા ગુસ્તાખ હોવામાં શો શક છે ? રબ તઆલા મહબૂબે પાક ﷺને પહેચાનવાની અને અદબની તૌફીક઼ અતા ફર્માવે.

અને એ જ પ્રમાણે સરવરે કાઈનાત ﷺનું અંબિયાએ કિરામ અને હઝરત આદમ علیہم السلامની પેદાઈશથી પણ પહેલાં નબુવ્વતની સિફતથી જોડાયેલા હોવું (નબી હોવું) અને તમામ અંબિયા علیہم السلامની રૂહો અને ફરિશ્તાઓના મુરબ્બી (સરપરસ્ત) હોવું સહીહ હદીષો તથા બુઝુર્ગાને દીનના કથનો થકી સાબિત છે. જેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે : "ફર્માવ્યું કે સહાબાએ કિરામે અર્ઝ કરી નબી કરીમ ﷺને કે આપના માટે નબુવ્વત કયારથી સાબિત થઈ છે ? તો સરવરે કાઈનાત ﷺએ જવાબમાં ફર્માવ્યું, "જ્યારથી આદમ علیہ السلام રૂહ તથા શરીરની દરમિયાન હતા." તિર્મિઝીએ રિવાયત કરી હદીષ હસન સહીહ ગરીબ છે.

*(મવાહિબે લદુન્નિહ, ૧/૬)*

એ જ પ્રમાણે હઝરત મયસરા સહાબીથી રિવાયત છે : "હઝરત મયસરા સહાબીએ ફર્માવ્યું : મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ક્યારથી આપ નબી છો ? તો સરવરે કાઈનાત ﷺએ ફર્માવ્યું, જ્યારથી હઝરત આદમ علیہ السلام રૂહ તથા શરીરની દરમિયાન હતા." ઈમામ અહમદ તથા ઈમામ બુખારીએ તારીખમાં રિવાયત કરી અને હાકિમે તેને રિવાયત કરી અને સહીહ ઠરાવી, અને હાફિઝે કહ્યું કે તેની સનદ ક઼વી છે. *(મવાહિબે લદુન્નિયહ, ૧/૬)*

અને પહેલી હદીષની શરહમાં શાહ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : બહરે તક઼દીર, મુરાદ એનાથી આદમ علیہ السلامની પેદાઈશથી પહેલાં છે. એટલે કે **આપ નબુવ્વતના વસ્ફ (ખૂબી)થી હઝરત આદમ علیہ السلامની પેદાઈશથી પહેલાંથી જ જોડાયેલા હતા.** અને ઈલ્મે ઈલાહીમાં જો કે તમામ અંબિયાએ કિરામની નબુવ્વત સાબિત તથા થનારી (કે નબી બનશે) હતી, પરંતુ સરવરે કાઈનાત ﷺની નબુવ્વત ફરિશ્તા તથા સર્વ રૂહોમાં જાહેર માલૂમ હતી અને અન્ય અંબિયાએ કિરામ علیہم السلامની નબુવ્વત

www.barkatekhwaja.net

એ વખતે મસ્તૂર (લખાયેલી) હતી, બલ્કે ઉલમાએ કિરામ ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺની રૂહે મુક઼દસ એ રૂહોના આલમમાં એ રૂહોની મુરબ્બી અને એમના પર ઈલાહી ઈલ્મોનો ફયઝાન કરનારી હતી. જેવું કે દુનિયાની પેદાઈશમાં બની આદમ (આદમની ઔલાદ) તરફ મબ્ઊષ તથા મોકલવામાં આવેલી છે. આં હઝરત ﷺ એ આલમે બિલ ફેઅલે ખારિજમાં જ મુરસલ હતા, ન કે કેવળ ઈલ્મે ઈલાહીમાં.

*(મદારિજુન્નબુવ્વત, ૨/૩)*

એ જ પ્રમાણે કુસ્તલાની શારેહે બુખારી આ હદીષોની શરહમાં ફર્માવે છે : "હુઝૂરે અકરમ ﷺને એ વખતે નબુવ્વતના ગુણથી સંબંધિત થવાથી માલૂમ કરવું જોઈએ કે તેહક઼ીક઼ આ બાબત એ વખતથી આપના માટે સાબિત હતી. જો એનાથી મુરાદ ઈલ્મે ઈલાહીમાં આપના માટે નબુવ્વત સાબિત હોતુ તો એમાં હુઝૂર અકરમ ﷺની શું વિશિષ્ટતા હોતી ?! ઈલ્મે ઈલાહીમાં તો અન્ય અંબિયાએ કિરામના માટે નબુવ્વત સાબિત છે ! એ વખતે અને એનાથી પહેલાં પણ. (કે તેઓને નબુવ્વત મળશે) જેથી જરૂરી છે કે હુઝૂરે અકરમ ﷺના માટે વિશિષ્ટપણે છે. જેથી એના આધારે હુઝૂરે અકરમ ﷺએ પોતાની ઉમ્મતને ખબર આપી હોય પોતાની શાન પહેચાનવા માટે....... છેવટ સુધી *(મવાહિબે લદુન્નિયહ, ૧/૭)*

અને અમુક ઉલમાનું આ હદીષોથી હુઝૂરે અકરમ ﷺના માટે ઈલ્મે ઈલાહીમાં નબુવ્વત નિશ્ચિત હોવાનું મુરાદ લેવું બાતિલ છે, જેને મુહક્કિક઼ ઉલમાએ રદ કરેલ છે. જેમ કે મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા અલગમારી અલ હુસૈની ફર્માવે છે : "આ હદીષોથી મુરાદ પોતાની રૂહ શરીફના માટે નબુવ્વતના વસ્ફ (ખૂબી)થી જોડાયેલ હોવાની ખબર આપવી છે જે સર્વ રૂહોથી પહેલાં જ મખ્લૂક઼ હતા. અને જે ઉલમાએ ઈલ્મે ઈલાહીમાં હુઝૂરે અકરમ ﷺના માટે નબુવ્વતનો વસ્ફ (ગુણ, ખૂબી)ના નિશ્ચિત હોવાનું મુરાદ લીધુ છે, એ કથન કેટલાક કારણોસર બાતિલ છે. આ ક઼ૌલ (કથન)ના બાતિલ હોવાનું એક કારણ તો એ છે કે તેહક઼ીક઼ હુઝૂરે અન્વર عليه الصلوٰة والسلامની નબુવ્વત ઈલ્મે ઈલાહીમાં તો ઈઝૂનથી સાબિત છે, પછી તેને આદમ عليه السلامના રૂહ તથા શરીરના દરમિયાન હોવાના સમયમાં સાબિત કરવામાં શો ફાયદો ? જેથી આ વાત બેકાર છે, અને હદીષ એવી બેકાર વાતથી પાક કરવી વાજિબ છે.....છેવટ સુધી

પછી એ જ અલ્લામા આગળ ફર્માવે છે : આ હદીષોનો ખુલાસો એ છે કે, **તેહક઼ીક઼ ! અલ્લાહ તઆલાએ હુઝૂર અકરમ ﷺને એ વખતે નબુવ્વતના વસ્ફથી (ખૂબથી) નવાઝયા હતા જ્યારે કે હઝરત આદમ عليه السلام રૂહ તથા શરીરના દરમિયાન હતા,** અને એ વખતથી આપનું નબુવ્વત વસ્ફ (ખૂબી)થી ફાઈઝ થવું તમામ અંબિયાએ કિરામની ખલ્ક઼તથી આપની ખલ્ક઼ત (સર્જન)નું અગ્રસ્થાને હોવું લાઝિમ ઠરે છે....... છેવટ સુધી *(અલ્ અહાદીષુલ મુન્તક઼ાત ફી ફઝાઈલે રસૂલિલ્લાહ ﷺ, પેજ–૬)*

જેથી આ હદીષો અને મુહક્કિક઼ ઉલમાના કથનોથી કેટલાક ફાયદા હાંસલ થયા : **એક** તો આપનુ તમામ અંબિયાએ કિરામની ખલ્ક઼તના એતબારથી અગ્રસ્થાને હોવું, અને **બીજુ** આપનું તમામ અંબિયાએ કિરામથી પહેલાં નબુવ્વતના વસ્ફથી સરફરાઝ થઈને સર્વ અંબિયાએ કિરામની રૂહો તથા ફરિશ્તાઓના મુરબ્બી હોવું. **ત્રીજુ** એ કે આ હદીષો અને બુઝુર્ગાને દીનના અક઼વાલ (કથનો)થી સાબિત થયું કે હુઝૂરે અકરમ ﷺ કેવળ બશર ન હતા બલ્કે સરવરે કાઈનાત ﷺ નૂરાનિયત તથા બશરિયત બંને કમાલોના સંગમ હતા, આ એટલા માટે કે બશરિયતની શરૂઆત હઝરત આદમ عليه السلامથી થઈ છે અને સરવરે કાઈનાત عليه الصلوٰة والسلامએ વખતે પાદશાહ

www.barkatekhvaja.net

(સમ્રાટ) અને નબી હતા જ્યારે કે આદમ علیہ السلامનું હજી સુધી અસ્તિત્વ (વજૂદ) પણ પેદા થયું ન હતું. જેવું કે ઈમામ કુસ્તલાની رحمۃ اللہ علیہ "મવાહિબે લદુન્નિયા"માં ફર્માવે છે :–

"ખબરદાર ! મારો બાપ કુર્બાન થાય એ ઝાતે મુકદ્દસ પર કે જે એ વખતે સરદાર સમ્રાટ હતા જ્યારે હઝરત આદમ علیہ السلام પાણી તથા માટીની દરમિયાન હતા."

તો હે મારા ભાઈઓ ! કુર્આન તથા હદીષ અને બુઝુર્ગોને દીનના કથનોની રોશનીમાં એ મસ્અલો સાબિત થયો કે, **હુઝૂરે અન્વર** ﷺ **"મુજસ્સમ નૂર" છે, અને આપનું નૂર સર્વ કાઈનાતનું મૂળ છે. અને આપ સર્વ અંબિયાએ કિરામથી પહેલાં નબુવ્વતના વસ્ફ (ખૂબી)થી મૌસૂફ (સરફરાઝ) થયા. આ જ અક઼ીદો સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)નો છે, અને આ અક઼ીદાની જે વિરુદ્ધ છે તે ગુમરાહ છે** અને **મસ્લકે અહલે સુન્નત બરેલ્વીના જેટલા પણ વિરોધી ગૃપો છે તે સૌ ગુમરાહ ફિર્ક઼ા છે.** મુસલમાનો પર લાઝિમ છે કે એ ગુમરાહ ફિર્ક઼ાઓની બુરાઈથી પોતાનું ઈમાન બચાવે. અને રબ તઆલાથી દુઆ છે કે તેના મહબૂબ ﷺની અદબ તથા મહોબ્બત અતા કરે અને સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ના અક઼ીદાઓ અને તેમના નક્શે કદમ પર ચાલવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*(ઈસ્તેક઼ામત ડાયજેસ્ટ કાનપુરનો તહફ્ફુઝે અક઼ાઈદ નંબર, ઈ.સ. ૧૯૯૬)*

---

પેજ નં.**૨૪** નું ચાલુ.. અને વૃદ્ધ છે તો જોરથી જવાબ આપી શકે છે. *(આલમગીરી)*

**મસ્અલા–૬** : ખુત્બાના સમયે કોઈને છીંક આવી તો સાંભળનાર તેનો જવાબ ન આપે. *(ખાનિયા)*

**મસ્અલા–૭** : કાફિરને છીંક આવી અને તેણે اَلْحَمْدُ لِلّٰہ કહ્યું તો જવાબમાં یَھْدِیْکُمُ اللّٰہ કહેવામાં આવે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૮** : છીંકવાવાળાએ જોઈએ કે જોરથી હમ્દ કહે જેથી કરીને કોઈ સાંભળે અને જવાબ આપે. છીંકનો જવાબ અમુક ઉપસ્થિત લોકોએ આપી દીધો તો તમામની તરફથી થઈ ગયો. અને બહેતર એ છે કે તમામ ઉપસ્થિત લોકો જવાબ આપે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૯** : દીવાલ પાછળ કોઈને છીંક આવી અને તેણે اَلْحَمْدُ لِلّٰہ કહ્યું તો સાંભળનારો તેનો જવાબ આપે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૧૦** : છીંકવાવાળાથી પહેલાં જ સાંભળનારે اَلْحَمْدُ لِلّٰہ કહ્યું તો એક હદીષમાં આવ્યું છે કે એ શખ્સ દાંત અને કાનના દર્દ અને બદહઝમીથી બચેલો રહેશે અને બીજી એક હદીષમાં છે કે કમરના દર્દથી બચેલો રહેશે.

**મસ્અલા–૧૧** : છીંકના સમયે સર ઝુકાવી દે અને મોઢું સંતાડી લે, અવાજ ધીમો કરી દે, અવાજ ઊંચો કરવો બેવકૂફી છે. *(રદ્દુલ મુહતાર)*

**ફાયદો** : હદીષમાં છે કે વાત કરવાના સમયે છીંકનું આવવું શાહિદે આદિલ (ન્યાયી ગવાહ) છે.

**મસ્અલા–૧૨** : ઘણા લોકો છીંકને ખરાબ વિચારે છે, દા.ત. કોઈ કામ માટે જઈ રહ્યો છે અને કોઈને છીંક આવી તો સમજે છે કે હવે તે કામ પૂરું નહીં કરી શકે. આ જહાલત છે કે **બદફાલી (બદસુકન) કોઈ ચીજ નથી** અને એવી વસ્તુને બદફાલી કહેવું જેને હદીષમાં શાહિદે આદિલ ફર્માવ્યું એ સખ્ત ગલતી છે. –*(ક્રમશઃ)*

✦ ✦ ✦

અંજુમને રઝાએ મુસ્તફાના મેમ્બર બનવા માટે ફક્ત **રૂા. ૮૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! –*તંત્રી*

# ગ્યારહવીં શરીફની

## શરઈ હૈસિયત

અઝ : પીર સાઇં ગુલામરસૂલ ક઼ાદરી નક઼્શબંદી
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**પ્રથમ** તો એ કે હુઝૂર સૈયદના કુત્બુલ અકતાબ હઝરત શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہ નો વિસાલ શરીફ હિ.સ. ૫૬૧માં ૯૦ વરસની ઉમર શરીફમાં થયો હતો. (અખ્બારુલ અખ્યાર, પેજ-૩૬) હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ "મા ષબત મિનસ્સુન્નહ"માં વિસાલ શરીફની તારીખ ૧૧ રબીઉલ આખર લખી છે. **બીજુ** એ કે આપ દર મહીનાની ૧૧ મી તારીખે નબી કરીમ علیہ الصلوۃ والسلام ને ઈસાલે સવાબ કરતા હતા. (કુર્રતુન્નાઝિરા, પેજ-૧૧) આ મુનાસિબતથી દર મહીનાની ૧૧ તારીખને ગ્યારહવીં શરીફના નામથી આપનો ઉર્સ મનાવવાનો મુસલમાનોમાં રિવાજ ચાલ્યો આવી રહ્યો છે, અને દર વર્ષે ૧૧ રબીઉષ્ષાનીએ મોટી ગ્યારહવીં શરીફ મનાવવામાં આવે છે. **ત્રીજુ** એ કે એક ઈસ્તેલાહ (બોલી) છે જેની હક઼ીક઼ત હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નો ઈસાલે સવાબ છે. ઈલ્મ તથા વિદ્યાવાળા સારી રીતે જાણે છે કે હક઼ીક઼ત જો દલીલોથી સાબિત હોય તો ઈસ્તેલાહમાં કોઈ ખરાબી નથી હોતી. **ચોથુ** એ કે મુત્લક઼ ઈસાલે સવાબનું જાઈઝ હોવું જ્યારે દલીલોથી સાબિત છે તો ગ્યારહવીં શરીફ એ જ ઈસાલે સવાબનો એક ફર્દ (હિસ્સો) છે, જેથી આ ફર્દના જાઈઝ હોવા માટે અલગથી દલીલો માગવી એ જેહાલત છે.

**પાંચમુ એ કે શરીઅતમાં દરેક તે કામ જાઈઝ હોય છે જેનાથી શરીઅતે મના ન કર્યું હોય.** અલ્લાહ તઆલા ફર્માવે છે : هُوَ الَّذِىْ خَلَقَ لَكُمْ مَّا فِى الْاَرْضِ جَمِيْعًا "એ જ છે જેણે તમારા માટે બનાવ્યું જે કાંઈ જમીનમાં છે." (સૂરએ બક઼રહ, ૨/૨૯) એટલે કે અલ્લાહે જમીનની સર્વ ચીજો તમારા ફાયદા માટે પેદા કરી છે. તો જેથી પેદા થવાના લેહાઝથી દરેક ચીજ આપણા માટે ફાયદો પામવાને પાત્ર અને વાપરવી જાઈઝ છે. અલ્બત્ત ! એ જાઈઝ ચીજોમાંથી જે ચીજથી શરીઅત રોકી દેશે તેનાથી આપણે રોકાવું પડશે. જેમ કે ઈર્શાદે ખુદાવંદી છે : وَقَدْ فَصَّلَ لَكُمْ مَّا حَرَّمَ عَلَيْكُمْ "તે તમને વિગતે વર્ણન કરી ચૂક્યો જે કાંઈ તમારા પર હરામ થયું." (સૂરએ અન્આમ, ૬/૧૧૯) એટલે કે જે ચીજો તમારા પર હરામ છે એની તફસીલ અમે અલગથી વર્ણવી આપી છે.

જેથી એ ચીજોથી મના થઈ જશે અને બાકીની ચીજો પોતાની અસલિયત પર કાયમ રહીને જાઈઝની જાઈઝ રહેશે, જ્યાં સુધી એમના બારામાં શરઈ હુકમ મનાનો ન મળે ત્યાં સુધી તેને મના નથી કરી શકાતું. આ કાયદો ઉપરોક્ત આયત ઉપરાંત કુર્આન શરીફની નીચે મુજબની આયતોથી પણ સાબિત થાય છે :-

فَكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ اِنْ كُنْتُمْ بِاٰيٰتِهٖ مُؤْمِنِيْنَ

"તો ખાવ એમાંથી જેના પર અલ્લાહનું નામ લેવામાં આવ્યું જો તમે તેની આયતો માનો છો."

*(સૂરએ અન્આમ, ૬/૧૧૮)*

قُلْ مَنْ حَرَّمَ زِيْنَةَ اللّٰهِ الَّتِىْٓ اَخْرَجَ لِعِبَادِهٖ وَ الطَّيِّبٰتِ مِنَ الرِّزْقِ

"તમે ફર્માવો, કોણે હરામ કરી અલ્લાહની તે ઝીનત જે તેણે પોતાના બંદાઓ માટે કાઢી અને પાક રોજી." *(સૂરએ અઅ્રાફ, ૭/૩૨)*

وَّكُلُوْا وَاشْرَبُوْا وَلَا تُسْرِفُوْا ۚ اِنَّهٗ لَا يُحِبُّ الْمُسْرِفِيْنَ

"અને ખાવ અને પીઓ અને હદથી ન વધો." *(સૂરએ અઅ્રાફ, ૭/૩૧)*

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَسْـَٔلُوْا عَنْ اَشْيَآءَ اِنْ تُبْدَ لَكُمْ تَسُؤْكُمْ ۚ وَاِنْ تَسْـَٔلُوْا عَنْهَا حِيْنَ يُنَزَّلُ الْقُرْاٰنُ تُبْدَ لَكُمْ ؕ عَفَا اللّٰهُ عَنْهَا ؕ وَاللّٰهُ غَفُوْرٌ حَلِيْمٌ

"હે ઈમાનવાળાઓ ! એવી વાતો ન પૂછો જે તમારા પર જાહેર કરી દેવામાં આવે તો તમને બુરી લાગે. અને એમને અત્યારે પૂછશો કે કુર્આન ઉતરી રહ્યું છે તો તમારા પર જાહેર કરી દેવામાં આવશે. અલ્લાહ તેમને માફ કરી ચૂક્યો છે અને અલ્લાહ બખ્શનાર હિલમ (સંયમ)વાળો છે." *(સૂરએ માઈદા, ૫/૧૦૧)*

قُلْ لَّاۤ اَجِدُ فِيْ مَاۤ اُوْحِيَ اِلَيَّ مُحَرَّمًا عَلٰى طَاعِمٍ يَّطْعَمُهٗۤ اِلَّاۤ اَنْ يَّكُوْنَ مَيْتَةً اَوْ دَمًا مَّسْفُوْحًا اَوْ لَحْمَ خِنْزِيْرٍ فَاِنَّهٗ رِجْسٌ اَوْ فِسْقًا اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ ۚ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَاِنَّ رَبَّكَ غَفُوْرٌ رَّحِيْمٌ

"તમે ફર્માવો, હું નથી પામતો એમાં જે મારી તરફ વહી થઈ કોઈ ખાનારા પર કોઈ ખાણુ હરામ, પણ એ કે મુરદાર હોય અથવા રગોનું વહેતુ લોહી અથવા બુરા જાનવરોનો ગોશ્ત તે નાપાક છે..... છેવટ સુધી. *(સૂરએ અન્આમ, ૬/૧૪૫)*

મહબૂબે કરીમ ﷺની હદીષોથી પણ કાયદો સાબિત થાય છે. દા.ત. હદીષમાં છે : "હલાલ તે છે જેને અલ્લાહે પોતાની કિતાબમાં હલાલ કહ્યું, અને હરામ તે છે જેને અલ્લાહે પોતાની કિતાબમાં હરામ કહ્યું. અને જેનાથી ખામોશી અપનાવી તે માફ છે." *(ઈબ્ને માજહ, તિર્મિઝી, મિશ્કાત, પેજ-૩૬૭)*

એક અન્ય હદીષમાં છે : "જાહિલિયતના જમાનામાં લોકો કેટલીક ચીજો ખાય લેતા હતા અને કેટલીક ચીજોથી નફરતના કારણે તેને ખાતા ન હતા. અલ્લાહ તઆલાએ પોતાના નબીને મોકલ્યા અને પોતાની કિતાબને નાઝિલ કરી. અને હલાલને હલાલ ઠરાવ્યું અને હરામને હરામ ઠરાવી આપ્યું. હવે જે ચીજને અલ્લાહે હલાલ કહ્યું તે હલાલ છે, અને જે ચીજને હરામ કહી તે હરામ છે. પણ જે ચીજના બારામાં ખામોશી અપનાવી છે તે માફ છે. પછી આપે કુર્આનની આ આયત તિલાવત કરી : ફર્માવી દો, ખાનારો જે ખાય છે એના હરામ હોવાની કોઈ દલીલ હું મારા ઉપર નાઝિલ થનારી વહીમાં નથી પામતો, એ જાનવર સિવાય જે ઝબહ કર્યા વિના મરી જાય.... (છેવટે સુધી.) *(અબૂ દાઊદ, મિશ્કાત, પેજ-૩૬૨)*

એક અન્ય હદીષ છે : "અલ્લાહે કેટલીક ચીજો ફર્ઝ કરી છે તેમને વેડફો નહીં, અને કેટલીક ચીજો હરામ કરી છે તેમનાથી દૂર રહો. અને હદો કાયમ કરી છે તેનાથી આગળ ન વધો, અને કેટલીક ચીજોના બારામાં બહષમાં ન પડો." *(દારકુત્ની, મિશ્કાત, પેજ-૩૨)*

એક અન્ય હદીષમાં છે : "મુસલમાનોમાં સૌથી મોટો મુજરિમ તે છે જેણે કોઈ એવી ચીજના બારામાં સવાલ કર્યો જેને અલ્લાહે હરામ કરી ન હતી, પણ તે શખ્સના સવાલ કરવાના કારણે તે ચીજ હરામ કરી દેવામાં આવી." *(બુખારી, પેજ-૧૦૮૨)*

આ અગણિત દલીલોથી સારી રીતે સ્પષ્ટ થઈ ગયું કે જે ચીજથી અલ્લાહ તઆલાએ સુકૂત (મૌન) ફર્માવ્યું તે મુબાહ તથા માફ છે. ગ્યારહવીં શરીફને હરામ તથા બિદઅત કહેનારાઓના પોતાના આલિમોએ આ કાયદાને ખુશીભેર કબૂલ કર્યો છે અને

www.barkatekhwaja.net

તેને પોતાની કિતાબોમાં ઘણી જ સ્પષ્ટતાપૂર્વક વર્ણન કરેલ છે. દા.ત. :–

અબ્દુલમાજિદ દર્યાબાદી (દેવબંદી) وكُلُوا وَاشْرَبُوا ના હેઠળ લખે છે કે, ઈમામ રાઝીએ આ પોઈંટ સારો પેદા કર્યો છે કે ખાણાઓ તથા પીણાઓમાં અસલમાં હલાલ હોવું છે, કેવળ હરામ હોવા માટે કોઈ મુસ્તકિલ દલીલની જરૂરત છે.'' *(તફસીરે માજિદી, પેજ–૩૨૯)*

શબ્બીર અહમદ ઉષ્માની (દેવબંદી) સૂરએ માઈદા, આયત–૧૦૧ હેઠળ (જે અગાઉ વર્ણન થઈ છે) લખે છે : આનાથી અમુક ઉલમાએ એ મસ્અલો કાઢયો છે કે અસલ રીતે ચીજોમાં મુબાહ હોવું છે.
*(તફસીરે ઉષ્માની, પેજ–૨૧૯)*

અશરફઅલી થાનવી (દેવબંદી) લખે છે : ઉસૂલે શરઈય્યામાંથી અને તેમજ કવાઈદે અક્લિયામાંથી આ બાબત સિદ્ધ થઈ ચૂકેલ છે કે જે ફેઅલ ન મઅમૂર બિહ હોય અને ન મનહી અન્હૂ એટલે શરઈ નસો (આયતો, દલીલો)માં ન હોય, તેને કરવાનું ન પ્રોત્સાહન હોય અને ન તેને કરવાની મનાઈ હોય, એવી બાબત (કામ) મુબાહ હોય છે. *(તરીકએ મીલાદ, પેજ–૨૧)*

આ લખાણમાં થાનવીએ અસલ હુકમમાં મુબાહ હોવું શરઈ ઉસૂલો તથા અકલી કાયદાઓમાંથી ઠરાવવાની સાથોસાથ શરઈ તથા અકલી રીતે મુસલ્લમ (સિદ્ધ થયેલ) ઠરાવ્યું.

અબુલ આ'લા મૌદૂદી લખે છે કે સૌ પ્રથમ હું એ કાયદા કુલ્લિયા (પાયાનો કાયદો) આપને યાદ અપાવવા ચાહું છું કે જ્યારે કોઈ આમ રિવાજ વિશે મૌન (સુકૂત) અપનાવવામાં આવે તો તેને હમેશાં રઝા તથા જવાઝ (જાઈઝ હોવાનું) ધારવામાં આવશે. દા.ત. જો કોઈ જગાએ લોકોએ કોઈ જમીનને જવા આવવાનો રસ્તો બનાવી રાખ્યો હોય અને ત્યાં કોઈ નોટીસ એ કામની મનાઈ માટે ન લગાડેલ હોય તો એનો અર્થ એ થશે કે ત્યાં રસ્તો ચાલવું જાઈઝ છે. આ જાઈઝ હોવા માટે કોઈ સાબિત કરતી હદીષનું હોવું જરૂરી નથી. એટલા માટે કે ત્યાં મનાઈનું ન હોવું આપોઆપ જ ઈજાઝતનો ભાવાર્થ પેદા કરી રહેલ છે. *(મઆશિયાતે ઈસ્લામ, પેજ–૧૯૦)*

આ લખાણમાં મૌલાના મૌદૂદી કોઈ એક મસ્અલાની વાત નથી કરી રહ્યા, બલ્કે તેને પાયાનો કાયદો ઠરાવી રહ્યા છે. **કાઈદાએ કુલ્લિયા તે હોય છે જે દરેક જગાએ ચાલી શકે અને સંપૂર્ણપણે કાયદા તથા બંધારણનું કામ આપે.**

ડૉ. અસ્રાર અહમદ લખે છે કે, આપણી ફિકહનો પાયાનો નિયમ પણ એ જ છે કે જ્યાં સુધી કોઈ ચીજને કુર્આન તથા સુન્નતની રોશનીમાં હરામ સાબિત ન કરી દેવામાં આવે ત્યાં સુધી તે મુબાહ છે એટલે હલાલ છે. આ નિયમે મુબાહ ચીજો (બાબતો)ના વર્તુળને ખૂબ જ વિશાળ કરી આપેલ છે. *(માહનામા મીષાક, સપ્ટેમ્બર–૧૯૮૭, પેજ–૧૩)*

જેથી હવે એ મસ્અલો નિશ્ચિત થઈ ગયો કે દરેક ચીજ પોતાની અસલિયતના લેહાઝથી મુબાહ છે, મનાઈ માટે દલીલોની જરૂરત હોય છે. હવે આ ઉસૂલ અને કાઈદાએ કુલ્લિયાના અમલીરૂપે ઉપયોગની તરફ આવીએ. ગ્યારહવીં શરીફ, અઝાનથી પહેલાં અથવા બાદમાં સલાતો સલામ પઢવું, ઉભા રહીને દુરૂદ શરીફ પઢવું, ત્રીજયુ અથવા કુલખ્વાની, ચાલીસમુ, બુઝુર્ગોના ઉર્સ, મીલાદ શરીફની મેહફિલ તથા જુલૂસ વગેરે, **આ સર્વ ચીજો પાયાની રીતે મુબાહ છે.** અલ્બત્ત ! ઉલમા તથા અવલિયા رحمۃ اللہ علیہم اجمعین ના અમલથી અમુક ચીજો મુસ્તહબ હોવાના દરજા પર પહોંચી ચૂકી છે. (ما راٰہ المومنون حسنا فھو عند اللہ حسن) એટલે જે

કામને મુસલમાનો સારુ સમજે તે અલ્લાહને પણ સારુ લાગે છે. રવાહુ મુહમ્મદ મરફૂઅન, પેજ–૧૪૪) **જેથી એ ચીજોથી મના નથી કરી શકાતુ. અને જો કોઈ મના કરે છે તો તેણે મનાઈની દલીલ પેશ કરવી પડશે.** તમાશો તો એ છે કે મુન્કિરીન હઝરાત ગ્યારહવીં વગેરેને હરામ ઠરાવે છે, જ્યારે હરામની વ્યાખ્યા તો એ છે કે : ماحرم الله في كتابه એટલે "જેને અલ્લાહે પોતાની કિતાબમાં હરામ ઠરાવેલ છે." (મિશ્કાત, પેજ–૩૬૭) જેથી એ હઝરાત પર લાઝિમ છે કે એ ચીજોનું હરામ હોવું સાબિત કરવા માટે કુર્આન તથા સુન્નતથી નસ (દલીલ) પેશ કરે, નહીં તો ખુદ શારેઅ (કાયદો બહાર પાડનાર) બનાવથી દૂર રહે.

આજે દરેક મક્તબે ફિક્ર (વિચારશ્રેણી)ના લોકો જાત જાતના જલસા કરતા રહે છે, ગવર્નમેન્ટ વિરુદ્ધ રેલી કાઢતા રહે છે, પોત પોતાના મદ્રસાઓમાં સનદો વહેંચવાના જલસા કરતા રહે છે, ક્યારેક મિશ્કાતનો ઈફતેતાહી જલસો રાખી લે છે અને ક્યારેક ખત્મે બુખારી શરીફનો જલસો રાખી લે છે. ક્યારેક પોતાના મર્કઝી મદ્રસાઓના સદસાલા જશ્ન મનાવે છે અને ક્યારેક સીરતના જલસા ગોઠવે છે. કોઈ ઉઠીને નબી કરીમ ﷺને "ઈમામે આ'ઝમ" લખી દે છે અને કદીક કોઈ આપને "ઈમામે અહલે હદીષ" કહી આપે છે ! ક્યારેક "ઈમામે અહલે હદીષ" કોન્ફ્રન્સના પોસ્ટરો દીવાલો પર ચોટાડેલાં જોવા મળે છે અને ક્યારેક જેહાદ કોન્ફ્રન્સના પોસ્ટર તથા બેનરો લગાડેલાં જોવા મળે છે. ક્યાંક "હક્ક ચાર યાર"નો નારો બુલંદ થઈ રહ્યો છે અને ક્યાંક તાજ તથા તખ્ત તથા ખત્મે નબુવ્વત ઝિંદાબાદની ગુંજ આવી રહી હોય છે.

શું કોઈ માયનો લાલ આ સર્વ વાતોનો કુર્આન તથા સુન્નતની સ્પષ્ટતાથી સાબિત કરી શકે છે ?! આ સર્વ કામ કરવાવાળા આપણા વિરોધીઓ (દેવબંદી, ગૈર મુકલ્લિદ, મૌદૂદી વગેરે) છે જેઓ દિવસ રાત આપણને મીલાદ શરીફ તથા ગ્યારહવીં શરીફથી મના કરવામાં વ્યસ્ત રહે છે. આપણાથી કુર્આન તથા સુન્નતથી દલીલો માગવામાં આવી રહી છે, પણ એ વિરોધીઓ પાસે ઉપર વર્ણવેલ સર્વ કામો (જે એઓ કરે છે) કરવાનું જાઈઝ હોવા બાબતે ન કુર્આનથી દલીલ છે ન હદીષથી !

વિચાર કરો ! છેવટે આ ચક્કર શું છે ? એ પોતે કરે તો જાઈઝ અને જો આપણે કરીએ તો બિદઅત ! જે વાતો અમે લખી છે જો એ જૂઠી છે તો જૂઠાઓ પર લઅનત ! અને જો એ સાચી છે અને યકીનન સાચી છે તો પછી આ ડબલ બાજુનું માપદંડ કેમ ?!

## ★ ગ્યારહવીં શરીફમાં શું થાય છે ? ★

ગ્યારહવીં શરીફની મેહફિલમાં કુર્આન પાકની તિલાવત, નઅત શરીફ, દુરૂદ શરીફ, અને ખાવા પીવાની હલાલ ચીજોનો ઈસાલે સવાબ થાય છે. આપ ફરીથી જોઈ લો અને ઉપર વર્ણવેલી ચીજોના વિશે વારાફરતી વિચારણા કરી લો.

આમાંની કોઈ એક ચીજ પણ નાજાઈઝ નથી બલ્કે દરેક ચીજ મહમૂદ તથા પસંદીદા છે. "કુર્આનની તિલાવત"ના સારી ચીજ હોવા પર એકમતી છે. હુઝૂર ﷺ હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہથી ખુદ પોતાની "નઅત" સાંભળ્યા કરતા હતા. (બુખારી, મિશ્કાત, પેજ–૪૧૦) "દુરૂદ શરીફ"ના બારામાં અલ્લાહ તઆલાનો પાક ઈર્શાદ છે : صلوا عليه وسلموا تسليما "એટલે "મારા મહબૂબ પર દુરૂદો સલામ પઢયા કરો."

નબી કરીમ علیہ الصلوٰۃ والسلام દર વર્ષે બે કુર્બાનીઓ કર્યા કરતા હતા : એક પોતાની કુર્બાની પોતાની તરફથી અને એક પોતાની ઉમ્મતની તરફથી.

હઝરત અલી رضی اللہ عنہએ દર વર્ષે બે કુર્બાનીઓ કરી. હઝરત હતશ رضی اللہ عنہએ પૂછયું કે આજે આવું

www.barkatekhwaja.net

શા માટે કરી રહ્યા છો ? તો આપે ફર્માવ્યું, આ મને હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ વસિયત ફર્માવી હતી કે બે કુર્બાનીઓ આપ્યા કરું, એક મારા તરફથી અને બીજા હુઝૂર ﷺની તરફથી. *(મિશ્કાત, પેજ–૧૨૮)*

હઝરત સઅદ رضی اللہ عنہએ નબી કરીમ ﷺથી પૂછીને પોતાનાં મર્હૂમા માના નામનો કૂવો ખોદાવ્યો અને એ કૂવાનું નામ "સઅદની માનો કૂવો" રાખ્યું.

આ જ તે સર્વ કામો છે જે ગ્યારહવીં શરીફમાં થતાં રહે છે, એટલે કે તિલાવત, નઅત, દુરૂદ શરીફ તથા ખાવા પીવાની હલાલ ચીજોનો ઈસાલે સવાબ અલ્હમ્દુલિલ્લાહ ! અને દરેક કામની સાબિતી રજૂ કરી આપી.

## ★ ગ્યારહવીં શરીફની નિસ્બત ★

આપણા કેટલાક વિરોધીઓ કહે છે કે, "દરેક ચીજનો માલિક અલ્લાહ છે, તો પછી ગ્યારહવીં શરીફ અથવા ગ્યારહવીં શરીફના ચાવલ તથા ગ્યારહવીં શરીફના બકરા વગેરેને ગૌષે આ'ઝમ رضی اللہ عنہની તરફ સંબંધિત કરવું ગલત છે. અલ્લાહ કરીમ ફર્માવે છે :

إِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيرِ وَمَا أُهِلَّ بِهِ لِغَيْرِ اللّٰهِ

"અલ્લાહે તમારા ઉપર મુરદાર તથા સુવ્વરનો ગોશ્ત અને દરેક તે ચીજ મના કરી આપી છે જેના પર ગૈરુલ્લાહનું નામ લેવામાં આવ્યું હોય." (સૂરએ બક઼રહ, ૨/૧૭૩) તો કેમ કે ગ્યારહવીં તથા બકરો વગેરે પણ ગૈરુલ્લાહની તરફ સંબંધિત થઈ જાય છે જેથી કુર્આનની આ આયતની રોશનીમાં એ પણ સુવ્વરની જેમ હરામ છે ! હવે એવા બકરાને બેશક ! (ભલે) "બિસ્મિલ્લાહ" પઢીને ઝબહ કરો, તેમ છતાં પણ તે હરામ છે, જેવી રીતે કે કૂતરાને "બિસ્મિલ્લાહ" પઢીને ઝબહ કરવાથી પણ હરામ જ રહે છે.

**એનો જવાબ** : એ છે કે હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની તરફ ગ્યારહવીં અથવા બકરાની નિસ્બત મજાઝી હોય છે. અમારો મક઼સદ એ હોય છે કે ચાવલ અથવા બકરાનો સવાબ હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہના માટે છે. જેને ઈસાલે સવાબ કરવાનો હોય તેની તરફ બકરા વગેરેની નિસ્બત કરી દેવી જાઈઝ છે. જેવી રીતે કે હઝરત સઅદે કૂવો ખોદાવીને તેને પોતાનાં માની તરફ સંબંધિત કરી આપ્યો હતો.

મજાઝી નિસ્બતનાં અસંખ્ય દષ્ટાંતો કુર્આન તથા સુન્નતમાં મૌજૂદ છે. દા.ત. :–

- ❑ શિફા આપવાની અને મુડદાં ઝિંદા કરવાની નિસ્બત હઝરત ઈસા علیہ السلامની તરફ. *(સૂરએ આલે ઈમરાન, ૩/૪૯)*
- ❑ પુત્ર અતા કરવાની નિસ્બત હઝરત જિબ્રઈલ علیہ السلامની તરફ. *(સૂરએ મરયમ, આ. ૧૯)*
- ❑ પરવરિશ (ઉછેર) કરવાની નિસ્બત માબાપની તરફ. *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૨૪)*

ત્યાં સુધી કે અલ્લાહ તઆલા તો ફર્માવે છે કે : ان المساجد لله "મસ્જિદો અલ્લાહની છે" પણ નબી કરીમ ﷺની મસ્જિદને "મસ્જિદે નબવી" કહેવામાં આવે છે. હવે જો وما اهل به ના સામાન્યપણાને જોવામાં આવે તો તેને "નબીની મસ્જિદ" નહીં બલ્કે "અલ્લાહની મસ્જિદ" હોવું જોઈએ, અને શહેરનું નામ "મદીનતુન્નબી" નહીં "મદીનતુલ્લાહ" હોવું જોઈએ !

إِنَّ صَلَاتِي وَنُسُكِي وَمَحْيَايَ وَمَمَاتِي لِلّٰهِ رَبِّ الْعَالَمِينَ એટલે "મારી નમાઝ, મારી કુર્બાની, મારી જિંદગી અને મારુ મૌત સૌ અલ્લાહ રબ્બુલ આલમીનના માટે છે." (સૂરએ અન્આમ, ૬/૧૬૨) આ આયતે શરીફમાં નમાઝ, કુર્બાની, જિંદગી અને મૌતની મજાઝી નિસ્બત બંદાની તરફ છે, અને ઈબાદત હોવાના લેહાઝથી

www.barkatekhwaja.net

એની નિસ્બત અલ્લાહની તરફ છે. આ આયતમાં મજાઝ અને હકીકતનો બેહતરીન ઈમ્તિયાઝ (તફાવત) મૌજૂદ છે. અને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દેવામાં આવ્યું છે. હદીષ શરીફમાં છે કે, "રમઝાન અલ્લાહનો મહીનો છે અને શાબાન મારો મહીનો છે." અહીં શાબાનની નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની તરફ નિસ્બત મજાઝી છે, નહીં તો દરેક મહીનો અલ્લાહનો જ મહીનો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે : الا اصلی بکم صلوۃ رسول اللہ صلی اللہ علیہ وسلم "હે લોકો ! શું હું તમને રસૂલુલ્લાહ ﷺની નમાઝ પઢીને બતાવું ?" (તિર્મિઝી, ૧/૩૫, અબૂ દાઊદ, પેજ–૧૦૯) આ હદીષ શરીફમાં નમાઝને "નબી કરીમ ﷺની નમાઝ" કહેવામાં આવેલ છે, આ મજાઝી નિસ્બત છે.

નબી કરીમ ﷺ દર વર્ષે કુર્બાનીઓ આપતા હતા અને ઝબહ કરતી વખતે ફર્માવતા હતા, "મુહમ્મદ અને તેની ઉમ્મતની તરફથી અલ્લાહુ અકબર !" એક રિવાયતમાં આ પ્રમાણે છે કે, "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર, હે અલ્લાહ ! આ મારા તરફથી છે અને મારી ઉમ્મતના એ લોકો તરફથી છે જેઓ કુર્બાની નથી આપી શક્તા."

*(મિશ્કાત, પેજ–૧૨૮)*

આ હદીષ પર વિચારણા કરો કે ઝબહ કરતી વખતે અલ્લાહના નામની સાથે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ પોતાનુ તથા પોતાનું ઉમ્મતનું નામ પણ લીધુ છે, પરંતુ શું કોઈ શખ્સ એ બદ્‌ગુમાની કરવાની હિંમત કરી શકે છે કે નબી કરીમ ﷺએ ઝબહ કરતી વખતે ગયરુલ્લાહનું નામ લીધુ છે જેથી એ જાનવર હરામ છે ?! અહીં અમે મુસલમાનોના બારામાં બદ્‌ગુમાનીથી કામ લેનારાઓ અને એમને જબરદસ્તી મુશ્રિક સાબિત કરનારાઓને લલકારીએ છીએ કે જે રીતે આ હદીષ શરીફને સમજવાના માટે તત્બીક઼ (વર્ગીકરણ), સારુ ગુમાન, મામલાની સમજ અને તમીઝથી કામ લો છો, એવી જ રીતે મહબૂબે કરીમ ﷺની ઉમ્મતના બારામાં પણ તમીઝથી કામ લો અને કેવળ ગયરુલ્લાહનો શબ્દ આવતાં જ શિર્ક શિર્કનો શોર કરવાનો ફોગટનો શો બંધ કરી આપો. બખુદા અમે પૂરી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ આ પરિણામ પર પહોંચ્યા છીએ કે આ હઝરાત ન કેવળ ઈલ્મથી બેગાના છે બલ્કે એની સાથોસાથ અત્યંત દરજાના મંદબુદ્ધિવાળા પણ છે !

એ જ પ્રમાણે આપણે રોજનશીની બોલચાલમાં પુષ્કળ પ્રમાણમાં મજાઝનો ઉપયોગ કરતા રહીએ છીએ. દા.ત. ફલાણાનું ઘર, ફલાણાની ભેંસ, કુર્બાનીના બકરાને પણ ફલાણા માણસનો બકરો કહેવામાં આવે છે, તેને ખુદાનો બકરો કોઈ નથી કહેતુ. એ જ પ્રમાણે ફલાણાનો પુત્ર, ફલાણાની પુત્રી. હવે દરેક ચીજ દરેક લેહાઝથી ખુદાની છે તો પત્ની પણ ખુદાની હોવી જોઈએ ! અને આ નામ માત્રના મુવહ્‌હિદ (તૌહીદવાળા) વિરોધીઓ પર હરામ હોવી જોઈએ.

## ★ وما اھل بہ لغیر اللہનો સહીહ ભાવાર્થ ★

આ આયતનો સંબંધ ઝબહ કરવાથી છે. મુરદાર એ છે કે ઝબહના વખતે જે જાનવર પર ગૈરુલ્લાહનું નામ લેવામાં આવે, દા.ત. ફલાણા બુઝુર્ગ અથવા પીરના નામથી ઝબહ કરું છું, એવું જાનવર હરામ છે.

એનાથી ઉલ્ટુ જો જાનવર પર ઈસાલે સવાબની નિય્યતથી કોઈ બુઝુર્ગનું નામ બોલવામાં આવે અથવા કુર્બાનીના જાનવર પર કુર્બાની આપનારનું નામ બોલવામાં આવે, અને બાદમાં ઝબહ કરતી વખતે "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" કહીને ઝબહ કરી દેવામાં આવે તો એ વિના શંકાએ હલાલ છે. એને કૂતરા સાથે સરખાવવું એ ઘણો જ મોટો ધોકો તથા



www.barkatekhwaja.net

હલકો ખયાલ છે. કૂતરો તો પેદાઈશી હરામ છે, જ્યારે કે બકરો પેદાઈશી હલાલ જાનવર છે. કૂતરા તથા કાળા કાગડા પર બિસ્મિલ્લાહ પઢવાથી તે હલાલ નથી થઈ શકતો, જ્યારે કે બકરા પર બિસ્મિલ્લાહ પઢવાથી બકરો હલાલ થઈ જાય છે.

આ વાત પર પૂરી ઉમ્મતનો ઈજમાઅ તથા એકમતી છે કે આ આયતનો સંબંધ ઝબહ કરવાથી છે. તફસીરે કુર્તબી, ૨/૨૧૯, તફસીરે કબીર, ૨/૧૯૨, તફસીરે ખાઝિન, ૧/૧૦૦ અને તફસીરે જલાલૈન, પેજ–૧૨૪, સારાંશ તમામ મુફસ્સિરોએ લખ્યું છે કે આ કિતાબનો સંબંધ ઝબહના વખતથી છે. દા.ત. તફસીરે બયઝાવી જે એક દર્સી કિતાબ છે, તેના શબ્દો આ પ્રમાણે છે : ای رفع به الصوت عند ذبحه للصنم એટલે ઝબહના વખતે મૂર્તિનું નામ લેવાથી જાનવર હરામ થઈ જાય છે ત્યાં સુધી કે ઈમામ અબૂ બક્ર હસ્સાસી (વફાત : હિ.સ. ૩૭૦) લખે છે કે, "મુસલમાનો વચ્ચે કોઈ મતભેદ નથી કે આ આયતમાં તે ઝબીહા મુરાદ છે જેના પર ઝબહ કરતી વખતે ગૈરુલ્લાહનું નામ લેવામાં આવે." *(અહકામુલ કુર્આન લિલ્હસ્સાસ, ૧/૧૨૫)*

આ વિષય પર હઝરત પીરમહેર અલી શાહ સાહબ ગોલળવી رحمۃ اللہ علیہએ પૂરી કિતાબ લખી છે જેનું નામ છે : "અઅ્લાએ કલિમાતિલ્લાહ ફી બયાનિ વમાઉહિલ્લ બિહી ગયરિલ્લાહ." હઝરત પીર સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانએ આ કિતાબમાં જ મસ્લકને ખૂબીપૂર્વક સ્પષ્ટ કરેલ છે અને તમામ શંકા કુશંકાઓનુ નિવારણ કરીને રાખી દીધેલ છે, અને એના હેઠળ અન્ય ઘણા મસાઈલ પર પણ સારી ચર્ચા કરી છે.

## ★ દિવસ નિશ્ચિત કરવો ★

કોઈપણ મુબાહ કામના માટે દિવસ નિશ્ચિત કરી લેવો જાઈઝ છે. પ્રથમ તો એ કે એનાથી શરીઅતે મના નથી કર્યું. બીજુ એ કે ખુદ નબી કરીમ علیہ الصلوٰۃ والسلام દરેક સોમવારે નફલી રોઝો રાખતા હતા. (મુસ્લિમ શરીફ, ૧/૩૬૮) જાણે કે રોઝાનો એ દિવસ નિશ્ચિત હતો. દર શનિવારે આપ ﷺ મસ્જિદે કુબા તશરીફ લઈ જતા હતા. (મુસ્લિમ, બુખારી) નબી કરીમ ﷺએ હઝરત મૂસા علیہ السلામની કૌમની આઝાદીની ખુશીમાં દસમી મુહર્રમના રોઝો રાખ્યો અને એ (દિવસના) રોઝાનો હુકમ પણ આપ્યો.

*(બુખારી, ૧/૨૬૮, મુસ્લિમ, ૧/૩૫૯)*

આ સર્વ હદીસોમાં દિવસ નિશ્ચિત કરવાનો સબૂત મૌજૂદ છે. બીજુ એ કે દિવસ નિશ્ચિત કરવામાં હિકમત એ હોય છે કે આમ એલાન થઈ જાય અને વધુથી વધુ લોકોનો ઈજતેમા થઈ શકે છે. જેમ કે **મુન્કિરોના પીરો મુર્શિદ શાહ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી** લખે છે :–

"આ વાત અનુભવથી માલૂમ થાય છે કે જે કામ કોઈ ખાસ સમયમાં કરવામાં આવે છે તે એ સમય થતાં યાદ પણ આવી જાય છે અને જરૂરથી અંજામ પામે છે. નહીં તો વરસોના વરસો ગુજરી જાય છે પણ કદી એનો ખયાલ પણ નથી આવતો. આ પ્રકારની મસ્લેહતો દરેક વાતમાં છે જેમની તફસીલ ઘણી લાંબી છે." (ઈલા મન કાલ)

હઝરત ગૌષે પાક رضی اللہ عنہની ગ્યારહવીં તથા ઈસાલે સવાબ માટે દસમી, વીસમી, ચાલીસુ, વરસી વગેરે અને શયખ અબ્દુલ હક્ક દહેલ્વી رحمۃ اللہ علیہનો તોશો અને હઝરત બૂ અલી શાહ કલંદર رحمۃ اللہ علیہની શીરીની, શબે બરાતનો હલ્વો અને ઈસાલે સવાબના અન્ય તરીકાઓ આ જ કાયદા પર આધારિત છે."

*(ફૈસલા હફ્ત મસ્અલા, ૧૨ થી ૨૩)*

www.barkatekhwaja.net

# તઅઝીયત હઝરત સૈયદ દાદાબાપુ કાદરી

## જાનેવાલે નહીં આને વાલે

**અઝ : હઝરત કિબ્લા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** *(જામિઆ અશ્રફિયા, મુબારકપુર)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ      حامدا و مصلیا و مسلما

**મોહતરમુલ મકામ આલી જનાબ સૈયદ અહમદ મુનીરબાપુ કાદરી ફાતેમી**
**જાનશીન હઝરત સૈયદ દાદાબાપુ દામ મજદકુમ...**

અસ્સલામુ અલૈકુમ વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહ...

પીરે તરીકત હઝરત સૈયદ મુહમ્મદ ઉર્ફ દાદાબાપુ કાદરી ફાતેમી (રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૬૮/ઈ.સ. ૧૯૫૦ ડિસેમ્બર.... સફર હિ.સ. ૧૪૪૬, ઈ.સ. ઓગષ્ટ–૨૦૨૪) ઈસ દુન્યાસે રુખસદ હો ગયે લેકિન ઉનકે પાસ ગુઝરે હુએ લમ્હાત, અવકાત, મુલાકાત, ઉન્કી મહબ્બતેં, શફકતેં ઔર ઈનાયતેં રહ રહકર યાદ આ રહી હૈં. મેરા ઉનકા કોઈ ખૂનકા રિશ્તા ન થા મગર વો મેરે બળે અઝીઝ થે, બળે કરીમ ઔર શફીક થે. ઉન્કી શરાફતો સાદગી, તકવાઓ તહારત ઔર ખુલૂસો લિલ્લાહિયતને ઉન્હેં મિકનાતીસી (આકર્ષનારી) શખ્શિયત બના દિયા થા. જો ઉનકે પાસ આતા વો ઉન્કા મોઅતકિદ ઔર અસીર હોકર જાતા થા. ચેહરાકી નૂરાનિયતસે સયાદતકી ઝલક નુમાયાં આતી થી. ઉનકી ગુફતગૂ મેં હલાવત ઔર ઝબાનમેં ખાસ લતાફત થી. ઉન્કે શરીફાના લબો લેહજા, આલિમાના વકાર ઔર પાકીઝા આદતો અત્વારને ઉન્હેં બહુત બળા બના દિયા થા. ઉન સબકે બાવજૂદ બળે મુતવાઝેઅ, મુન્કસિરુલ મિજાઝ, મેહમાન નવાઝ ઔર મિલનસાર ભી થે. ઈલ્મ દોસ્ત ઔર ઉલમા નવાઝ થે. ઈસ બેમાયા પર ઉન્કી ખૂબ કરમ નવાઝિયાં થી. મેરી ખિદમતે ફિકહો ઈફતા ઔર બઝ્મે સવાલો જવાબસે બળે ખુશ થે ઔર ઈલ્મી કામોંકી કદર કિયા કરતે, હોસલા દિયા કરતે ઔર હિંમત અફઝાઈ કરતે, દાદો તેહસીનસે નવાઝતે ફિર દુઆઓં પર ઉન તશજીઈ કલેમાતકા સિલસિલા ખત્મ હો જાતા થા.

સન ૨૦૧૪મેં પેહલી બાર આપકી દા'વત પર સાવરકુંડલા ઉર્સકી મેહફિલમેં હાઝિર હુવા. બઝ્મે સવાલો જવાબકા મન્ઝર દેખકર ઈત્ને મસ્રૂર હુએ કે હઝારોં કે મજમએ આમમેં તારીફો તૌસીફ કે બાદ હર સાલ આનેકી દા'વત દી, જિસકે બાદ મૈં બરાબર ઉસ મેહફિલમેં શરીક હતા થા.

ઉનકે અવસાફો કમાલાતને ઉનકી રેહલત પર આબદીદા કર દિયા ઔર ઈન કલેમાતસે ઉનકી રૂહે પુર કુતૂહકો ખિરાજે અકીદત પેશ કરને પર મજબૂર કિયા.

હઝરત સૈયદ દાદાબાપુ સાવરકુંડલા ઝિલા અમરેલી, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ સૂબા ગુજરાતકે રહનેવાલે થે. ઉનકા ખાનદાન ફાતેમી સાદાતસે મશહૂર હૈ. ઉનકે વાલિદે બુઝુર્ગવાર હઝરત સૈયદ ગુલામ અલી બાપુ કાદરી ફાતેમી ઔર જદ્દે અમજદ હઝરત સૈયદ મુહમ્મદ બાપુ કાદરી ફાતેમી અપને અપને દૌરકી બુઝુર્ગ શખ્શિયતેં થીં. ૪ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૬૭ મુતાબિક ૧૩ ડિસેમ્બર ૧૯૫૦ જુમેરાતકો ઈસ ફાતેમી ઘરાને મેં આપકી વિલાદત હૂઈ. આપકા નામ નામી ઈસ્મે ગિરામી "મુહમ્મદ" આપકે દાદા હુઝૂર કે નામ પર રખા. દાદા હુઝૂર કે નામ કી નિસ્બતને આપકો "દાદાબાપુ" બના દિયા. આપકે ઈરાદતમંદો, અકીદતકેશોંમેં યહ નિસ્બત ઈતની

મઅરૂફો મશહૂર હુઈ કે અલમ કી હેષિયત ઈખ્તિયાર કર ગઈ. હર ખાસો આમમેં આપ અપને અલમસે નહીં ઉર્ફી અલમ "દાદાબાપુ" સે હી મુતઆરિફ થે.

સૈયદ દાદા બાપુને રુશ્દો હિદાયતકા કાબિલે ઝિક્ર કામ કિયા ઔર હઝારહા હઝાર ઈરાદતમંદોકો સુન્નિયતસે જોળે રખ્ખા ઔર ઉન્હેં દીનસે કરીબ કિયા ઔર ગાહે બગાહે ઉન્કી ઈસ્લાહાતકા ફરીઝા અંજામ દિયા. ઉસકે અલાવા ઉન્કી ઈલ્મી, તઅલીમી, તઅમીરી, ઈસ્લાહી, રિફાહી ખિદમાતકા એક તવીલ સિલસિલા હે જો આબે ઝરસે લિખે જાનેકે કાબિલ હે. હમ ઈજમાલન્ ઈન્હેં બયાન કરતે હૈં :–

**કૌમી મિલ્લી ખિદમાત :–**

★ ઉન્કા સબસે અહમ કામ "ફયઝે મુહમ્મદી એજ્યુકેશનલ વેલ્ફેર એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ" કા કયામ હે. ઈસ ટ્રસ્ટકી ઈલ્મી ઔર રિફાહી ખિદમાત દર હકીકત દાદાબાપુકી આફાકી ફિક્ર ઔર ઉન્કે ખ્વાબોંકી તા'બીર હે.

★ "દારુલ ઉલૂમ ફયઝે મુસ્તફા" કા કયામ જિસમેં તલબાકે લિયે નાઝરા, કિરાઅત, હિફ્ઝ, આલિમિયત, ઔર ફઝીલતકી તા'લીમકા ઈન્તેઝામ હે.

★ "દારુલ ઉલૂમ ફયઝે આઈશા સિદ્દીકા"કા કયામ : જિસમેં તાલિબાતકી ફઝીલત તક તાલીમ દી જાતી હે.

★ "મદ્રસા સૈયદા ફાતિમા માં" કા કયામ : યહ બચ્ચો ઔર મર્દો કે લિયે એક તા'લીમી ઈદારા હે. ઉન્કે અલાવા......

★ ૨૭૫ ઈબાદતગાહેં, મસાજિદ ઔર મદારિસ ઈસ ટ્રસ્ટ કે ઝેરે એહતેમામ કામ કર રહે હૈં, જિનમેં ૧૨૫૦૦ સે ઝયાદા મુસ્લિમ બચ્ચે ઔર બચ્ચિયોંકો તાલીમ દી જાતી હે, ઔર ૧૨૨૦ અઈમ્મા વ અસાતેઝા કો મુકમ્મલ યા આધી તન્ખ્વાહ ટ્રસ્ટકી જાનિબસે અદા કી જાતી હે.

★ "નેક કામ મિશન" કા કયામ : ઈસ મિશનકા મકસદ દારુલ ઉલૂમ, મસ્જિદ, મદ્રસા ઔર ઈબાદતગાહકી તા'મીર ઔર ફલાહી કામ કરના હે. ઉસકે તેહત ૭૩ તા'મીરી કામ મુકમ્મલ હૂએ, ૫૫ કામ જારી ઔર ૩૪ કામ બાકી હૈં. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત દાદાબાપુકે ઈસ મિશન કો ઉનકે જાનશીન હઝરત સૈયદ અહમદ મુનીરબાપુ કાદરી ફાતેમી વ અઅ્વાનો અન્સાર કો પૂરા કરનેકી તૌફીક અતા ફર્મા. આમીન.

★ અવામમેં અરકાને ઈસ્લામકી તબ્લીગ, ઔરતોંકો વરાસતમેં હિસ્સા દેને ઔર કિસાનોંકો ઉશ્રકી અદાયગીકી તરગીબ દેના હઝરત દાદાબાપુ કે દીની મિશનકા હિસ્સા થે, જિસસે અવામમેં કાફી ઈસ્લાહાત હૂઈ ઔર દો સાલકે અંદર દો હઝાર લોગોંને ઉશ્ર અદા કિયા.

★ "એસ. એમ. જી. કે તા'લીમી સ્કૂલ – સાવરકુંડલા :–

યહ ઈદારા નવ એકર કુશાદા જગામેં ફેલા હુવા હે, જિસમેં ૧ સે ૧૨ તક ગુજરાતી મિડિયમ, ઈંગ્લિશ મિડિયમ, ગ્યારહ બારહ સાયન્સ, આર્ટસ, કોમર્સ ઔર યૂં હી આર્ટસ કાલિજ, સાયન્સ કાલિજકા જામેઅ હે. સાથ હી ઉસકા એક શોઅબા એન.સી.ટી.વી.આઈ.ટી.આઈ. ટ્રેડ હે, જિસમેં ઈલેકટ્રીશિયન, આર્મેચર એન્ડ મોટર વાઈન્ડિંગ, વેલ્ડર કમ ફેબ્રીકેટર, ટેલરિંગ બરાએ નિસ્વાં, બચ્ચે બચ્ચિયોં કે લિયે કયામો તઆમ ઔર તા'લીમકે અલગ અલગ ઈન્તેઝામાત કે સાથ જારી હે.

★ "વ્યસન મુક્તિ અભિયાન" (મુઝિર ઔર નશીલી ચીજોંકી આદત છુળવાનેકી તેહરીક કા કયામ) :–

યહ લોગોંકો શરાબ, જુવા, બીળી, સીગાર, તંબાકુ, પાન, માવા, ગુટખા, અફીન, ગાંજા જૈસી બુરી આદતેં છુળવાને કે લિયે તા. ૫–૨–૨૦૧૨સે શુરૂ કિયા ગયા જિસકે ઝરીઆ તા. ૧૨–૩–૨૦૨૩ તક એક લાખ પચાસ હઝારસે ઝયાદા મુસ્લિમ, ગૈર મુસ્લિમ મર્દોં, ઔરતોંને અપની ઈન આદતોં કો દાદાબાપુ કે સામને તર્ક કરનેકા વાદા કર લિયા હૈ.

★ ''તેહરીકે સુલહ'' કા કયામ :–

દો ખાનદાનોં, દો સમજોં, દો ગિરોહોં, દો ભાઈઓકે બીચ નાઈત્તેફાકિયાં ઔર દૂરિયાં દૂર કરકે દોનોં કે બીચ અમ્નો મહબ્બત કાઈમ કરને કે લિયે મુઅર્રિખા ૧૮–૧–૨૦૧૪સે યહ તેહરીક શુરૂઅ કી ગઈ, જિસકી વજહસે તા. ૧–૨–૨૦૨૪ તક એક હજાર પાંચસો સે ઝાઈદ છોટે બળે ઝઘળોંકા તસ્ફિયા કરને મેં કામયાબી મિલી.

★ ''કુદરતી આફતોં કે વક્ત ઈમ્દાદ રસાનીકી તેહરીકકા કયામ'' :–

કિસી ભી જગહ ઝલઝલા, તુફાન યા કિસી ભી વજહસે જાની માલી નુકસાન હુવા હો વહાં ઈમ્દાદ પહુંચાના હઝારોં લોગોંકો ઈસ તેહરીક કે તેહત ઈમ્દાદ પહુંચાઈ જા ચૂકી.

★ ''ગુંજરાત ટુડે'' કી ઈશાઅત : ગુજરાત ટુડે એક ગુજરાતી અખ્બાર હૈ ઔર ઉસકે નફાસે મરીઝોં, ગરીબોં ઔર સ્ટુડન્ટ્સ કી મદદ કી જાતી હૈ.

યહ થા હઝરત સૈયદ દાદાબાપુ કાદરી ફાતેમીકા ઈલ્મી, રફાહી મિશન જિસે કૌમકે લિયે આપને કાઈમ કિયા. આપકે અંદર કૌમો મિલ્લતકી ખિદમતકા બેપાયાં જઝબા થા, ઈસી જઝબા કે તેહત અપને મિશન ઔર તેહરીકાત કો ફરોગ કે લિયે દિનો રાત કોશાં રહતે થે. ૧૯ સફરુલ મુઝફ્ફરકો હર સાલ બળે તુઝ્ક વ એહતેશામ કે સાથ ઉર્સકા ઈન્એકાદ કરતે થે. હસ્બે સાબિક ઈમ સાલ ભી ઈસ બેમાયા કો મદઊ કિયા, મગર કિસે ખબર થી કે જો દુસ્રોં કે લિયે સહારા થા વો હર સહારેસે બેનિયાઝ હો જાએગા. વક્તે અજલ આ પહુંચા થા. ૯ અગસ્ત જુમ્આ કો અમરેલીમેં એડમિટ હુએ ઔર ૧૩ અગસ્ત મગરિબ કે વક્ત સવા સાત બજે કે કરીબ વિસાલ હુવા. વો મેરે સાથ હઝારોં સોગવારોં, અકીદતમંદો, મુરીદીન ઔર મુતવસ્સિલીન કો રોતા બિલકતા છોળકર દાઈએ અજલકો લબ્બૈક કહ ગયે. اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ

ચૌદહ અગસ્તકા દિન ગુઝાર કર ૧૫ અગસ્તકી શબ સાળે બારહ બજે સવા લાખ લોગોંકી મૌજૂદગીમેં ધોરાજીકી મઅરૂફ શખ્સિયત મુફતી અહમદશાહ બાબા કી ઈકતેદામેં નમાઝે જનાઝા અદા કી ગઈ. ઔર જમાઅતકા યહ અહમ રુક્ન હમેશા કે લિયે રૂપોશ હો ગયા.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપકી ખિદમત કો કુબૂલ ફર્માએ, શમીમે જન્નતકી રાહતેં નસીબ ફર્માએ ઔર આપકો ઉન્કે મિશન ઔર તેહરીકાત કો ઝિંદા રખને ઔર ઉન્હેં ફરોગ દેનેકી તૌફીક અતા ફર્માએ ઔર અપને વાલિદ માજિદકા સચ્ચા જાનશીન બનાએ. આમીન. બિજાહિ સૈયદુલ મુરસલીન ﷺ.

**લખનાર : હઝરત કિબ્લા મુફતી મુહમ્મદ નિઝામુદીન રઝવી**

*(શયખુલ હદીષ વ સદરે શોઅબએ ઈફતા જામિઆ અશ્રફિયા મુબારકપુર)*

*૧૪–સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૬, ૨૦, અગસ્ત ૨૦૨૪ સેહ શમ્બા*

**ગુજરાતી લિપિયાંતર** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)*

www.barkatekhwaja.net

## દયાદરામાં જશ્ને આ'લા હઝરત رحمۃ اللہ علیہ મનાવાયો

**દયાદરા** : ખાતે ૨૫ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૬, અ.તા. ૩૧–૮–૨૦૨૪ શનિવારે અસરની નમાઝ બાદ મુખ્તારુલ મસાજિદમાં ઉર્સે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ નિમિત્તે "જશ્ને આ'લા હઝરત" મનાવાયો જેમાં હઝરત કારી મકસૂદ અશરફી કાવીવાળા (પેશ ઈમામ) સાહબે નઅત શરીફ તથા મન્કબત પોતાના અનોખા અંદાઝમાં પેશ કરી હતી ત્યાર બાદ હઝરત મૌલાના આદિલ નજમી મિસ્બાહી હલદરવી (મુદર્રિસ દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચ) સાહબે આ'લા હઝરતની શાનમાં આપના વિવિધ કમાલાતો, આપની ઈલ્મી રૂહાની કાબેલિયતો વર્ણવી મજમાને ફયઝાને આ'લા હઝરતથી માલામાલ કર્યા હતા. છેવટમાં દુઆ સલાતો સલામ બાદ ન્યાઝ વહેંચવામાં આવી હતી.

## જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺના પ્રોગ્રામો

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ખાતે રબીઉલ અવ્વલ શરીફની ચાંદ ૧ થી ૧૨ સુધી દરરોજ ઈશા બાદ મેહફિલે દુરૂદ પછી યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવેલ. મસ્જિદમાં જુમ્આ તા. ૧૩–૯–૨૦૨૪ના બયાનમાં ઈદે મીલાદુન્નબી ﷺની સાબિતીમાં તથા એના પર વાંધાઓના જવાબો આપતુ ઈમાન અફરોઝ બયાન મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ કર્યું હતું. ★ શનિવાર ૧૧ રબી.અવ્વલના રોજ રાત્રે ઈશા બાદ મસ્જિદમાં "મેહફિલે નઅતે મુસ્તફા ﷺ"નું આયોજન કરવામાં આવેલ જેમાં જનાબ કારી મકસૂદ અશરફી કાવીવાળા (પેશ ઈમામ) સાહબે આ'લા હઝરતની લખેલ તેમજ અન્ય ઉલમાની લખેલ નઅતે પાકના ગુલદસ્તા પેશ કરી હાજરજનોને ઈશ્કે મુસ્તફાની કૈફિયતમાં ઝુમાવી દીધા હતા. ★ અને રવિવારે ૧૨મીની રાત્રે ઈશા બાદ મોટા ચકલા પર "જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ" શાનો શૌકતથી મનાવાયો હતો, જેમાં કારી સાહબે નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા છેવટમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે શાને રિસાલતમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. ★ સોમવારે સવારમાં રાબેતા મુજબ મદ્રસા મઝાહેરુલ ઉલૂમથી જુલૂસે મીલાદુન્નબી ﷺ હઝરત સૈયદ ફરીદબાવા તિર્મિઝી સાબરી સાહબની સદારતમાં નીકળ્યું જે નૂર મુહમ્મદ સાલેહના ત્યાંથી બાલ મુબારક સાથે આગળ વધી મસ્જિદે પહોંચ્યું જ્યાં નઅતે પાક બાદ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે શાનદાર બયાન કર્યું, બાદમાં બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી ત્યાર બાદ અકુજી હોલમાં આમ ન્યાઝ જમાડવામાં આવી.

www.barkatekhwaja.net

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **દયાદરા** : ખાતે તા. ૪–૯–૨૦૨૪ બુધવાર મુ. ચાંદ ૨૯–સફર, હિ.સ. ૧૪૪૬ના રોજ હાજી ઉષ્માનભાઈ સુલેમાન કીડીવાલાનો લગભગ ૮૫ વરસની વયે ઈન્તેકાલ થયો. ❒ **વાનકુવર** : ખાતે તા. ૮–૯–૨૦૨૪ રવિવાર, મુ. ચાંદ ૪, રબી. અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૪૬ના રોજ હાજી દાઉદ વલી કરાવાળા દયાદરાવાળાનો કેનેડા ખાતે ૮૩ વરસની વયે ઈન્તેકાલ થયો છે. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દયાદરા મસ્જિદ** ખાતે કુર્આન/યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*